

યુપીમાં યુવકે બેના ગળા કાપી પરિવારને ઘરમાં પૂરી આંગ ચાંપી, 6ના મોત

PAGE NO. 16

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH



ફિલિપાઇન્સમાં ધરતીકંપ 69ના મોત, અનેકને ઇજા : સુનામીની સંભાવના

PAGE NO. 18

FRIDAY, 03 OCTOBER, 2025 Vol. 23, No. 38 Pages 20 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

### અત્યાર સુધીના સૌથી વધુ શટડાઉનના કારણે ગવર્નમેન્ટના 7.50 લાખ કર્મચારીઓએ વગર પગારે કામ કરવાના દિવસો આવ્યાં

# અમેરિકામાં શટડાઉનને કારણે અનિશ્ચિતતાનું જોખમ

### ડેમોક્રેટ્સ સામે શીંગડા ભરાવતા રિપબ્લિકન ટ્રમ્પનું તંત્ર કોંગ્રેસમાં સાત સપ્તાહનું ફંડિંગ બિલ પણ મંજૂર ન કરાવી શક્યું

**વોશિંગ્ટન**

અમેરિકામાં શટડાઉનના કારણે ફેડરલ ગવર્નમેન્ટના સાડા સાત લાખથી વધુ કર્મચારીઓની સાડા સાતી બેસી ગઈ છે. હવે આ શટડાઉન કેટલું ચાલે તે કહી શકાય નહી, અમેરિકન અર્થતંત્ર આના પગલે હાલમાં અનિશ્ચિત સ્થિતિમાં પ્રવેશ્યું છે. ટ્રમ્પના પહેલા કાર્યકાળ વખતે પણ શટડાઉન આવ્યું હતું અને ૩૫ દિવસ ચાલ્યું હતું. અત્યાર સુધીનું તે સૌથી લાંબુ ચાલેલુ શટડાઉન કહેવાય છે.

અમેરિકન સરકારના તેના ફંડિંગ કાર્યક્રમને ચલાવવા માટે ૬૦ મત જોઈતા હતા અને તેની સામે તેને ૫૫ મત જ મળતા શટડાઉન થયું હતું. સ્પેન્ડિંગ બિલ પાસ કરાવવામાં નિષ્ફળ ગયા પછી ટ્રમ્પ સરકારને ૨૧ નવેમ્બર સુધી ફંડિંગ માટે મંજૂરી આપતું બિલ લાવવામાં આવ્યું હતું. તેની સાથે જ ફંડિંગની સમયમર્યાદા પૂરી થઈ ગઈ છે. તેના કારણે સરકાર હવે કોઈ ખર્ચ નહીં કરી શકે. તેના કારણે ફેડરલ ગવર્નમેન્ટના બધા કામકાજ રોકાઈ જશે.




અમેરિકાના આ શટડાઉનની તેના અર્થતંત્ર પર રાષ્ટ્રવ્યાપી અસર પડશે. રાષ્ટ્રીય સ્તરે જંગી ખરીદશક્તિ પર અસર પડશે તેમ માનવામાં આવે છે. આમ મંદીના આરે આવેલા અમેરિકન અર્થતંત્રને શટડાઉને મોટો ફટકો માર્યો હોવાનું કહેવાય છે. અમેરિકન અર્થતંત્ર અનિશ્ચિતતાના એક નવા જ તબક્કામાં પ્રવેશી ચૂક્યું હોવાનું કહેવાય છે. રાજકીય સમીક્ષકો ઘણા મજાકમાં કહે છે કે ટ્રમ્પે લાદેલા ટેરિફથી થયેલી આવક બધી શટડાઉનમાં વપરાઈ જશે. શાસક રિપબ્લિકન અને ડેમોક્રેટ્સ વચ્ચે બજેટને લઈને બરોબરની જામી પડી છે. ડેમોક્રેટ્સ એફોર્ડેબલ કેર એક્ટ હેઠળ હેલ્થકેર સબસિડીઝ માટે ભંડોળ જારી કરવા પર ભાર મૂકી રહ્યા છે. તેની સામે શાસક પક્ષ રિપબ્લિકન તેનો ઈન્કાર કરી રહ્યું છે. હાલમાં તો રિપબ્લિકનોએ તો કોઈપણ રીતે આગળ મંત્રણા કરવાનો ઈન્કાર કર્યો છે. તેના કારણે હવે મંત્રણાનો દોર સીધો ટ્રમ્પે હાથમાં લીધો છે. વ્હાઈટ હાઉસમાં મીટિંગ પછી ટ્રમ્પે ડેમોક્રેટિક લીડરશિપની મજાક કરતો કાર્ટૂનિશ ફેક વિડીયો સોશિયલ મીડિયા પર મૂકતા ડેમોક્રેટ્સ ગીન્નાયા હતા.

# મધ્યપ્રદેશમાં મૂર્તિ વિસર્જન કરવા જઈ રહેલું ટ્રેક્ટર-ટ્રોલી સાથે નદીમાં ખાબકતાં 11ના મોત

### દશેરના દિવસે દુર્ઘટના : હજુ 14 લોકો લાપતા, નદીમાંથી 10 મૃતદેહો મળ્યા

**ઈન્દોર**

મધ્યપ્રદેશમાં દશેરાના દિવસે ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. અહીં ખંડલા જિલ્લામાં દુર્ગા પ્રતિમાનું વિસર્જન કરવા જઈ રહેલી ટ્રેક્ટર-ટ્રોલી નદીમાં ખાબકી હતી. પંઢાના પોલીસ સ્ટેશન વિસ્તારના અર્દલા ગામમાં ટ્રેક્ટર-ટ્રોલી તળાવમાં ખાબકી જતાં 11 લોકોના કરુણ મોત થયા હતા. મૃતકોમાં મોટાભાગના બાળકોનો સમાવેશ થાય છે.



પ્રાપ્ત માહિતી મુજબ, ટ્રેક્ટર-ટ્રોલીમાં આશરે 20થી 25 લોકો સવાર હતા, જેઓ વિસર્જન કરવા માટે આવ્યા હતા. આ દરમિયાન ડ્રાઈવરે ટ્રેક્ટર-ટ્રોલીને એક નાની પુલિયા પર ઊભી રાખી હતી, જ્યાં તે અચાનક પલટી ખાઈને તળાવમાં ખાબકી હતી.

ટ્રોલી પડતાં જ લોકો બૂમો પાડવા લાગ્યા હતા. દશેરાના કારણે વિસર્જન સ્થળે ભીડ હોવાથી તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં કેટલાક લોકોને બચાવી લેવાયા છે, પરંતુ 14 જેટલા લોકો હજુ લાપતા હોવાની માહિતી સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ પોલીસ અને પ્રશાસનની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ છે અને બચાવ કામગીરી કરી રહી છે. અત્યાર સુધીમાં નદીમાંથી 10 મૃતદેહો મળ્યા છે, જેમાંથી મોટાભાગના બાળકો છે. પોલીસે મૃતદેહોનો કબજો લઈ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે અને બચાવેલા લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા છે. લાપતા થયેલા અન્ય લોકોની શોધખોળ હજુ ચાલુ છે.

### રશિયા પ્રમુખ વ્લાદિમીર પુતિને US અને યુરોપ પર કર્યા પ્રહાર

# ભારત અને ચીન સ્વાભિમાની દેશ છે ડોનાલ્ડ ટ્રમ્પનો ટેરિફ નિષ્ફળ રહેશે

**મોસ્કો**


રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિને ગુરૂવારે યુરોપિયન નેતા પર આકરા પ્રહાર કર્યા અને આરોપ લગાવ્યો કે તેઓ 'યુદ્ધનો ઉન્માદ' ફેલાવી રહ્યા છે અને NATO પર રશિયાના આક્રમણની ખોટી આશંકાઓ બનાવી રહ્યા છે. તેમણે તેને 'હવામાંથી નિકળેલી બકવાસ' ગણાવ્યો અને ચેતવણી આપી કે કોઈ પણ ઉકસાવા પર રશિયાની પ્રતિક્રિયા આકરી અને નિર્ણાયક હશે. આ દરમિયાન પુતિને કહ્યું કે, 'ભારત પર અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ તરફથી લગાવવામાં આવેલા ટેરિફ નિષ્ફળ જશે. સાથે જ કહ્યું કે, ભારત અને ચીન એવા દેશ છે, જે સ્વાભિમાની છે.'

પુતિને સ્પષ્ટ કહ્યું કે, 'રશિયાના અમેરિકન નેતૃત્વ વાળા NATO પર હુમલો કરવાનો કોઈ ઈરાદો નથી, પરંતુ જો યુરોપે ઉકસાવ્યા તો જવાબ નિશ્ચિત અને કઠોર હશે. અમે 2 વખત NATOમાં સામેલ થવાનો પ્રયાસ કર્યા, પરંતુ અમે ઠુકરાવી દીધો. તેમણે જર્મની સેનાને ફરીથી યુરોપની સૌથી શક્તિશાળી સેના બનાવવાની હાલની ચર્ચાઓનો હવાલો આપતા કહ્યું કે, રશિયા યુરોપના વધતા સૈન્યકરણ પર આકરી નજર રાખી રહ્યા છે.' પુતિને કહ્યું કે, 'રશિયા પોતાની સુરક્ષા અને સંપ્રભુતાથી નહીં કરે અને જો યુરોપ ઉકસાવશે તો રશિયાની પ્રતિક્રિયા ખૂબ જ આકરી અને પ્રભાવી હશે. અમે યુરોપના વધતા સૈન્યકરણને નજરઅંદાજ નથી કરવા ઈચ્છતા. આ અમારી સુરક્ષાનો સવાલ છે.









# સિનિયર્સ સમાજની બેઠક : સંગીત સાથે ગીત ગઝલોની પ્રસ્તુતિ

## સભ્યોના જન્મદિવસની ઉજવણી, નાટક રજૂ થયા બાદ દાતાઓને બિરદાવાયા, ગરબા રાસ બાદ માતાજીની આરતી કરાઈ











૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ગુજરાતી સિનિયર્સ સમાજની માસિક બેઠક મિસિસાગાની સ્ટીફન લેવીસ સેકન્ડરી શાળા, થોમસ રોડ ખાતે યોજાઈ હતી. પ્રમુખ મહિન્દ્રભાઈ ગોઢિયાએ સર્વ સભ્યોને આવકાર્યા અને નવરાત્રીની શુભકામના પાઠવી હતી. તેમણે હાજર સભ્યોને ફરીવાર સમાજને સરકાર તરફથી મળેલી ગ્રાન્ટની વાત કરી હતી. આ ઉપરાંત આ ગ્રાન્ટ મેળવવા અને તેનો અસરકારક ઉપયોગ કરવામાં સ્વર સાધનાના સંચાલક જય ભાવસાર તેમજ તેમની ટીમની મદદ અને માર્ગદર્શનની સરાહના કરી હતી. મહિન્દ્રભાઈએ જણાવ્યું કે, આપણા સમાજના હિતેચ્છુ એવા જય ભાવસાર ગુજરાતી સંસ્કૃતિ, નાટયકળા અને ગીત સંગીતના વારસાને જાળવી રાખવા અને કેનેડામાં અહીંની સંસ્કૃતિ સાથે તાદાત્મ્ય સાધવા જે પ્રયત્નો કરવામાં આવે છે, તે સરાહનીય છે. તાજેતરના ભૂતકાળમાં થયેલા કાર્યક્રમોની વાત કરતાં તેમણે નૃત્ય રાસ ગરબાના કાર્યક્રમની વાત કરી અને હર્ષભેર જણાવ્યું કે આ કાર્યક્રમ દરમિયાન સમાજની બે ટીમ દ્વારા ખૂબ સરસ રાસ ગરબા થયા છે. જે બાબત અત્યંત આનંદદાયક છે. બીજા કાર્યક્રમમાં ગીત સંગીત અને ગઝલનો કાર્યક્રમ યોજાતા કલાકારો ભાવિક સોની અને નીતિ ભાવસાર દ્વારા મધુર સંગીત સાથે ગીત ગઝલો રજૂ કરાઈ હતી. ત્રીજા તબક્કાના કાર્યક્રમમાં ચાર હિન્દી નાટકો રજૂ થયા હતા. જય ભાવસાર દિગ્દર્શિત ગુજરાતી નાટક “પડદા પાછળ “ રજૂ થનાર છે જેને માણવા આગ્રહ કરાયો હતો. જૂલાઈ માસમાં અને છેલ્લે સપ્ટેમ્બર મહિનામાં થયેલી સફળ પીકનીકની વાત કરી સૌ સભ્યોને માહિતગાર કરાયા હતા. તાજેતરમાં સપ્ટેમ્બર માસમાં યોજાયેલા સમાજના કેમ્પમાં મુકેશભાઈ ગાજરીયા અને તેમની ટીમના યોગદાનને બિરદાવાયો હતો..

ત્યારબાદ નાટકની રજૂઆત કરવામાં આવી હતી. જય ભાવસાર દ્વારા તેમના નાટક માટેની વ્યવસ્થા કરનાર નેહા ભાવસાર અને ટીમ તેમજ નાટક રજૂ કરવામાં સહકાર માટે GSSMનો આભાર માનવામાં આવ્યો હતો.

સમાજના પ્રમુખ મહિન્દ્રભાઈ ગોઢિયા દ્વારા જય ભાવસાર અને પૂરી ટીમના પ્રયાસોની સરાહના કરી અભિનંદન આપવામાં આવ્યા હતા. ગરબા રાસ પૂરા કરી માતાજીની આરતી કરવામાં આવી હતી. માતાજીની આરતી બાદ સપ્ટેમ્બર મહિનામાં જન્મતારીખ હોય તેવા સૌ સભ્યોને સ્ટેજ ઉપર બોલાવી શુભેચ્છા ગીત ગવાયું હતુ. અને તમામને શુભેચ્છા રુપે પુષ્પ અને ખાસ ડીઝાઈન કરાયેલા કાર્ડ આપવામાં આવ્યા હતા. સમાજના ખજાનચી જીતેન્દ્ર પંચાલ દ્વારા સમાજના કેમ્પ દરમ્યાન મળેલા દાનની રકમની નામ સાથે જાહેરાત કરાઈ હતી. અંતે સૌએ સ્વાદિષ્ટ રાત્રિભોજનનો આનંદ માણ્યો હતો.

# યુએસમાં મુસાફરી કરતા જેન્ડર ન્યુટ્રલ પાસપોર્ટધારકોને કેનેડાની ચેતવણી

## યુ.એસ. અને અન્ય દેશોમાં પ્રવેશવામાં મુશ્કેલી પડી શકે

**ટોરોન્ટો**

કેનેડા સરકારે ચેતવણી આપી છે કે જે નાગરિકો તેમના પાસપોર્ટ પર “X”ને તેમના લિંગ તરીકે દર્શાવે છે. તેમને યુ.એસ. અને અન્ય દેશોમાં પ્રવેશવામાં મુશ્કેલી પડી શકે છે. તાજેતરના દિવસોમાં કરવામાં આવેલા ફેરફારમાં, ગ્લોબલ અફેર્સ વિભાગે 2SLGBTQ+ કેનેડિયન પાસપોર્ટધારકો માટે તેના યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રાવેલ સલાહ પૃષ્ઠ પર એક સલાહ ઉમેરી છે. જ્યારે કેનેડા સરકાર ‘X’ લિંગ ઓળખકર્તા સાથે પાસપોર્ટ જારી કરે છે, તે અન્ય દેશોમાં તમારા પ્રવેશ અથવા પરિવહનની ખાતરી આપી શકતી નથી.

નોટિસમાં સલાહ આપવામાં આવી છે કે કેનેડિયનોને મુસાફરી કરતી વખતે પુરુષ કે સ્ત્રી તરીકે તમારી લિંગ માહિતી પ્રદાન કરવા માટે કહેવામાં આવી શકે છે. યુ.એસ.ના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે યુ.એસ. સરકારને ફક્ત બે લિંગ ઓળખવાનો નિર્દેશ આપતા એક્ઝિક્યુટિવ ઓર્ડર ઉપર હસ્તાક્ષર કર્યાના મહિનાઓ પછી આ પગલું લેવામાં આવ્યું છે. આ આદેશમાં એ પણ નિર્દેશ આપવામાં આવ્યો હતો કે, યુ.એસ. ફેડરલ સરકાર દ્વારા જારી કરાયેલા તમામ દસ્તાવેજો “લિંગ” ને બદલે “લિંગ”નો સંદર્ભ આપે. ટ્રમ્પનો એક્ઝિક્યુટિવ ઓર્ડર કોર્ટ સમક્ષ છે.

SHIV FINANCIAL SERVICES
Serving Community Since 2009
“Proper Insurance Coverage is Peace of Mind”
Super Visa Insurance
&
Visitor to Canada
Medical Insurance
CALL FOR FREE QUOTE
Monthly / Annual Plans Available
Partial Refund if Parents Leave Early
Full Refund if No Visa Issued
Upto 45% Discount Available



JAGDISHBHAI SEVAK
Insurance Broker
647-236-7620
sevak_2007@hotmail.com • www.shivfinancialservices.ca



રમેશભાઈ વ્યાસ
(ડાયરેક્ટર અને પબ્લિશર, સ્વદેશ)
Email :- rkvyas143@gmail.com
સ્વદેશ
Leading Gujarati Newspaper

પરેશકુમાર ચંપકભાઈ પેશ્વા
(ડાયરેક્ટર માર્કેટીંગ, સ્વદેશ)
(સ્વદેશની રેગ્યુલર જાહેરાત તથા પ્રેસનોટ આપવા માટે સંપર્ક કરો)
સ્વદેશ
Leading Gujarati Newspaper
+1 437-421-2992
Email :- info@swadesh.news



# મિસિસગામાં ફટાકડા પર પ્રતિબંધ એ ધાર્મિક સ્વતંત્રતામાં અવરોધરૂપ બાબત છે : હિન્દુ સમુદાય

## સિટી કાઉન્સિલની બેઠકમાં વિરોધ ઉઠતાં મતદાન 15મી સુધી આગળ ધપાવાયું

**મિસિસાગા**

બુધવારે મિસિસાગા સિટી કાઉન્સિલની બેઠકમાં સમુદાયના સભ્યોએ ગ્રાહક ફટાકડા પરના પ્રસ્તાવિત પ્રતિબંધનો વિરોધ કર્યો હતો. સભ્યોએ કહ્યું હતુ કે, તે ધાર્મિક સ્વતંત્રતાને અવરોધે છે. જે બાદ કાઉન્સિલે આ મામલેનું મતદાન 15 ઓક્ટોબર સુધી આગળ ધપાવ્યું હતુ. જો મંજૂરી મળે તો, નવા કાયદા જાન્યુઆરી 2026માં અમલમાં આવશે અને વ્યક્તિગત ઉપયોગ માટે ફટાકડાના ઉપયોગ અને વેચાણને ગેરકાયદે ઠેરવવામાં આવશે. નવો કાયદો અમલી બનશે તો સમુદાયના કાર્યક્રમો માટે ફટાકડા મંજૂરી આપી શકાય છે.

હાલમાં મિસિસાગામાં ગ્રાહક ફટાકડા વર્ષના મોટાભાગના સમયે ગેરકાયદે છે. પરંતુ દિવાળી, લુનાર નવું વર્ષ અને નવા વર્ષની પૂર્વ સંધ્યા સહિત ચોક્કસ રજાઓમાં ચોક્કસ કલાકો દરમિયાન મંજૂરી આપવામાં આવે છે. નવો પ્રતિબંધ રજાઓ માટે અપવાદો વિના આખું વર્ષ લાગુ રહેશે. કેટલાક સમુદાયના સભ્યોએ કહ્યું કે તે પરિવારોના દિવાળીની ઉજવણીને અપ્રમાણસર રીતે અવરોધે છે, એક હિન્દુ રજા જ્યાં ફટાકડા સહિત લાઈટ્સ પરંપરાનો મુખ્ય ભાગ છે. મિસિસાગા શહેરના અમલીકરણ નિર્દેશક જ્યોર્જિયોસ ફથેનોસે જણાવ્યું હતું કે પ્રસ્તાવિત પ્રતિબંધનો હેતુ ફરિયાદો, અમલીકરણ ખર્ચ અને પર્યાવરણીય ચિંતાઓ ઘટાડવાનો છે.

ફટાકડા અંગેનો કાયદો લાગુ કરવો મુશ્કેલ છે. પરંતુ તેના પર સંપૂર્ણ પ્રતિબંધ જાહેર જનતાને સ્પષ્ટ સંદેશ મોકલશે અને લોકોને યોગ્ય મંજૂરી ચેનલોમાંથી પસાર થવા માટે પ્રોત્સાહિત કરશે.


બુધવારે કાઉન્સિલમાં ફથેનોસે જણાવ્યું હતું કે, "અમે ખરેખર સ્વ-પોલિસિંગ દ્વારા રહેવાસીઓ પર આધાર રાખીએ છીએ.

# 10 ડોલર પ્રતિ દિવસ ચાઈલ્ડ કેરનો લક્ષ્યાંક પૂર્ણ થવાની શક્યતા નહિવત

**ઓન્ટેરિયો**

ઓન્ટેરિયો આવતા વર્ષે $ 10 પ્રતિ દિવસ ચાઈલ્ડ કેરના લક્ષ્યાંકને પૂર્ણ કરે તેવી શક્યતા નથી તેમ મંત્રીએ સ્વીકાર્યું છે. ફાઈલના પ્રભારી મંત્રી કહે છે કે, ઓડિટર જનરલના એક અહેવાલમાં ઓછી આવક ધરાવતા પરિવારોમાં નોંધણીમાં ઘટાડો અને ભંડોળની અછત હોવાનું તારણ નીકળ્યું છે. શિક્ષણપ્રધાન પોલ કેલેન્ડ્રેએ બુધવારે જણાવ્યું હતું કે, તેમને નથી લાગતું કે પ્રાંત આવતા વર્ષની શરૂઆતમાં તેનું લક્ષ્ય પ્રાપ્ત કરશે, સિવાય કે ફેડરલ સરકાર વધુ ભંડોળ એકત્ર કરે. મને નથી લાગતું કે અમે ફેડરલ સરકાર દ્વારા સ્થાપિત $ 10 પ્રતિ દિવસના કાર્યક્રમને પૂર્ણ કરવાની સ્થિતિમાં હોઈશું, "જ્યાં સુધી તેઓ આગળ વધવા અને જરૂરી નાણાં ઉમેરવા તૈયાર ન હોય." બુધવારે ઓડિટર જનરલ શેલી સ્પેન્સના નવા અહેવાલનો જવાબ આપતા કેલેન્ડ્રા દ્વારા આ કબૂલાત કરવામાં આવી હતી, જેમાં નક્કી કરવામાં આવ્યું હતું કે, ફોર્ડ સરકારે ઓટ્ટાવાથી મળેલા $ 10.23 બિલિયન ચાઈલ્ડ કેર ભંડોળનો મોટો ભાગ ચાર વર્ષ દરમિયાન ખર્ચ કર્યો હતો, જ્યારે આ નાણાં મૂળ પાંચ વર્ષ માટે રાખવામાં આવ્યા હતા. તેનાથી 2026માં $ 1.95 બિલિયનની સંભવિત ખાધ રહી ગઈ છે. જો તમે સૌથી વધુ ખર્ચથી શરૂઆત કરો છો, તો તમે ભંડોળ લો છો અને પાંચને બદલે ચાર વર્ષમાં તેનો ઉપયોગ કરો છો, જેના માટે તે આપવામાં આવ્યું હતું, તો તમે આપમેળે જોઈ શકો છો કે, આગામી વર્ષે તમારી પાસે $1.95 બિલિયનની ખાધ કેમ હશે.

# બ્રામ્પ્ટન સોખડા હરીધામ સ્વામિનારાયણ સંસ્થા દ્વારા ભવ્ય અન્નકૂટનું આયોજન



**બ્રામ્પ્ટન**

આગામી તા.૨૯ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ શ્રી હરીધામ સોખડા અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા બ્રામ્પ્ટન ફેરગ્રાઉન્ડ્સ હાર્ટ લેક રોડના હોલમાં આગામી તારીખ ૫ ઓક્ટોબર, રવિવારના રોજ સવારે સાડા નવ વાગ્યાથી અન્નકૂટનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. અન્નકૂટ એક એવો ઉત્સવ છે, જેમાં ભક્તો દ્વારા દેવતાઓને ખાસ કરીને ભગવાન શ્રી કૃષ્ણને વિવિધ પ્રકારના શાકાહારી ભોજન અર્પણ કરે છે. આ અન્ન-અર્પણ ઠાકોરજી પ્રત્યે કૃતજ્ઞતાનું પ્રતીક છે. અન્નકૂટ એટલે અન્નનો પર્વત. તે ગોવર્ધન પર્વતનું પ્રતિનિધિત્વ કરે છે, જેને ભગવાન કૃષ્ણએ વૃંદાવનના ગ્રામજનોના રક્ષણ માટે ટચલી આંગળી ઉપર ઉપાડ્યો હતો. અન્નકૂટના તહેવારને અનુલક્ષીને ગુરુહરિ શ્રી પ્રેમસ્વામીજીની પ્રેરણા અન્વયે શ્રદ્ધાળુ હરિભક્તો સહકુટુંબ સભાખંડમાં એકત્રિત થઈને ભવ્યાતિભવ્ય ઉજવણી કરાશે. હરિધામ સોખડાથી આનંદસ્વરૂપ સ્વામી, અભેદસ્વામી અને પરમ ભક્ત પ્રવીણભાઈ વાઘેલા પધારશે અને આશીર્વચન આપશે. ઉજવણીની શરૂઆતમાં જયેશભાઈ, અનંતભાઈ, નિસર્ગભાઈ, સ્વરભાઈ, સહજભાઈ, હર્ષભાઈ, કંદર્પભાઈ, ઘનશ્યામભાઈ, ધાર્મિકભાઈની ભજનમંડળી કૃષ્ણ ભક્તિના ભજનો રજૂ કરી ભક્તોને ભક્તિરસમાં તળબોળ કરી દેશે. ભક્તોને લાડુ, અડદિયા, મોહનથાળ, ટોપરાપાક જેવી મિઠાઈ વાનગી ૪ તારીખ સાંજે તેમજ ફ્રેશ શાક, દૂધની મિઠાઈ જેવી વાનગી ૫ તારીખે વહેલી સવારે અન્નકૂટના સ્થળે (12942 Heart Lake Road, Caledon, ON, L7C 2J3, Nearest intersection Highway 410 x Mayfield)પહોંચાડી દેવા વિનંતી કરાઈ છે. સ્થળ અને ઉત્સવ અંગે વધારે માર્ગદર્શન માટે અનિલભાઈ (416 560 4849),ધર્મેન્દ્રભાઈ (647 834 8690), હસમુખભાઈ (416 786 9401), ચેતનભાઈ (416 564 9699)નો સંપર્ક કરવા અપીલ કરાઈ છે. ભવ્યાતિભવ્ય અન્નકૂટ તમામ ભક્તજનોના દર્શન માટે ખુલ્લો રહેશે. ભક્તજનો માટે મહાપ્રસાદની વ્યવસ્થા પણ કરાઈ છે.

# કેનેડાના પ્રાંતોમાં કામદારોનું લઘુત્તમ વેતન વધ્યું, આલ્બર્ટા પંથકમાં વેતન સૌથી ઓછું

## ઓન્ટેરિયોનું લઘુત્તમ વેતન હવે $17.60 પ્રતિ કલાક થયું

**આલ્બર્ટા**

પોષણક્ષમતાના મુદ્દાઓ વચ્ચે કામદારોને ટેકો આપવા માટે પાંચ પ્રાંત તેમના લઘુત્તમ વેતનમાં વધારો કરી રહ્યા છે. આ વધારો ઓન્ટેરિયો, મેનિટોબા, સાસ્કાચેવાન, નોવા સ્કોટીયા અને પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડ પર લાગુ થશે. પ્રાંતોએ તેમના વધારાને કેનેડાના સતત વધતા ગ્રાહક ભાવ સૂચકાંક સાથે જોડ્યા છે, જે ફુગાવાનો સૂચક છે. ઓન્ટેરિયોનું લઘુત્તમ વેતન હવે $17.60 પ્રતિ કલાક છે, નોવા સ્કોસિયા અને પ્રિન્સ એડવર્ડ આઈલેન્ડમાં $ 16.50 પ્રતિ કલાક છે. જ્યારે મેનિટોબા $16 પ્રતિ કલાક છે અને સાસ્કાચેવાનમાં $ 15.35 પ્રતિ કલાક છે. આલ્બર્ટા એકમાત્ર પ્રાંત છે, જેણે તેના લઘુત્તમ વેતનમાં વધારો કર્યો નથી, તેનો $15 પ્રતિ કલાકનો દર હવે કેનેડામાં સૌથી ઓછો છે. બ્રિટિશ કોલંબિયા, ક્યુબેક, ન્યૂ બ્રુન્સવિક અને ન્યૂફાઉન્ડલેન્ડ અને લેબ્રાડોરે આ વર્ષની શરૂઆતમાં તેમના લઘુત્તમ વેતનમાં વધારો કર્યો છે.






તંત્રી સ્થાનેથી

# વાંગચુકને દેશદ્રોહી ચિતરવાનો પ્રયાસ સરકારની તાનાશાહી કે પ્રશ્ન સુરક્ષાનો

લદાખના સામાજિક કાર્યકર અને ચળવળકાર સોનમ વાંગચુક એક સમયે સરકારનો અને ગોદી મિડિયાનો ફેવરિટ હતો.



તંત્રી - સ્વદેશ

થ્રી ઈડિયટ્સ ફિલ્મમાં આમિર ખાને જે મુખ્ય પાત્ર ભજવ્યું તે તે સોનમ વાંગચુકથી પ્રેરિત હતું.

સોનમ વાંગચુક લદાખનાં યુવાનો માટે શિક્ષણ, પર્યાવરણ અને રોજગાર બાબતમાં પ્રેરણાસ્રોત બની ગયા છે. ભારતના સરહદી અને સંવેદનશીલ વિસ્તારમાં લોકજાગરણની કામગીરી બજાવવા બદલ તેને અનેક જાતના એવોર્ડ પણ મળ્યા છે, પરંતુ હમણાં સોનમ વાંગચુકને નાયકને બદલે ખલનાયક ચિતરવા કેન્દ્ર સરકાર અને નિશ્ચિત મીડિયા સંસ્થા મથામણ કરી રહી છે.

મોદી સરકારના બદલાયેલા વલણ પાછળનું કારણ એવું છે કે, વાંગચુકે લદાખનાં લોકોમાં કેન્દ્ર સરકારની નીતિઓ બાબતે ધૂંધવાતો અસંતોષ બહાર લાવવાનું કામ કર્યું છે. સોનમ વાંગચુકનું આંદોલન કાયમ શાંતિપૂર્ણ હતું. આજ દીન સુધી તેના દ્વારા હિંસા થઈ હોય તે તે માટે હાંકલ કરાઈ હોય તેવી ઘટના ઘટી નથી. તેણે ક્યારેય પણ હિંસાને સમર્થન આપ્યું નથી. પણ લદાખમાં 10 દિવસ પહેલાં યુવોનો દ્વારા ભાજપ કાર્યાલયને ફુંકી મારવામાં આવ્યું અને હિંસા થઈ, તેનાથી સરકારનું નાક કપાયું. એટલે કેન્દ્ર સરકારે હવે લદાખની હિંસા માટે સોનમ વાંગચૂકને જવાબદાર ઠેરવીને તેના પર રાષ્ટ્રીય સુરક્ષા ધારો લગાવી દીધો છે. વળી, તેને જેલમાં ધકેલી દેવામાં આવ્યો છે.

હકીકતમાં એન્જિનિયર, ઈનોવેટર, શિક્ષણવિદ્ અને પર્યાવરણીય કાર્યકર સોનમ વાંગચુક છેલ્લા એક વર્ષમાં વિવિધ પ્રસંગોએ બંધારણની છટ્ઠી અનુસૂચિમાં લદાખનો સમાવેશ કરવા માટે આમરણાંત ઉપવાસ કરી ચૂક્યા છે અને આ માટે તેણે દિલ્હી સુધી કૂચ પણ કરી છે. ગયા વર્ષે માર્ચમાં તેણે લદાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવા અને છટ્ઠી અનુસૂચિમાં તેનો સમાવેશ કરવાની માંગણી સાથે ૨૧ દિવસની ભૂખ હડતાળ કરી હતી. ઓક્ટોબર ૨૦૨૪માં તેણે આ માંગણીને સમર્થન આપવા માટે લદાખથી દિલ્હી સુધી કૂચનું નેતૃત્વ કર્યું હતું. જો કે, દિલ્હી પોલીસે તેને સિંધુ બોર્ડર પર અટકાયતમાં લીધો હતો. સોનમ વાંગચુક કદી હિંસાને સમર્થન આપતો નથી, ભારત વિરુદ્ધ ઉશ્કેરણી કરતો નથી અને ગાંધીજીના માર્ગે આગળ વધવામાં માને છે.

આમ છતાં એક ઘટનાને કારણે તેને જવાબદાર ઠેરવીને સાણસામાં લેવાની ભારત સરકારની નીતિ દેશ અને દુનિયાના બુદ્ધીજીવી લોકોમાં ટીકાને પાત્ર બની છે.

ભારતના ગૃહ મંત્રાલય દ્વારા જારી કરાયેલા એક નિવેદનમાં હિંસા માટે સોનમ વાંગચુકને જવાબદાર ઠેરવી જણાવાયું હતું કે, સોનમ વાંગચુકે ઉશ્કેરણીજનક નિવેદનો આપીને ટોળાંને ઉશ્કેર્યાં હતાં અને જ્યારે હિંસા શરૂ થઈ ત્યારે તેણે પોતાની ભૂખ હડતાળ સમાપ્ત કરી અને એમ્બ્યુલન્સમાં પોતાના ગામ જવા રવાના થઈ ગયો હતો. સોનમ વાંગચુકને ગૃહ મંત્રાલયના આ નિવેદન વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે આ નિવેદન આશ્ચર્યજનક નથી. સરકાર મારો અવાજ દબાવવા માંગે છે. બુધવારે જે બન્યું તેના માટે તેઓ મને દોષી ઠેરવી રહ્યા છે. સરકાર મને જેલમાં નાખી શકે છે. મારી શાળાની જમીન પાછી લેવામાં આવી છે. અનેક FIR દાખલ કરવામાં આવી છે. રાજદ્રોહનો આરોપ પણ દાખલ કરવામાં આવ્યો છે. તેઓ ઈચ્છે છે કે, હું લદાખથી દૂર રહું, તેથી તેઓ PSA લાદવાની તૈયારી કરી રહ્યા છે.

જ્યારે સોનમ વાંગચુકને તેમની પાકિસ્તાન મુલાકાત વિશે પૂછવામાં આવ્યું, ત્યારે તેમણે કહ્યું કે મેં આ વર્ષે જાન્યુઆરીમાં પાકિસ્તાનની મુલાકાત લીધી હતી. ત્યાં સંયુક્ત રાષ્ટ્રનો પર્યાવરણીય કાર્યક્રમ હતો. મેં વડા પ્રધાન મોદીના ઉત્તમ પર્યાવરણીય કાર્યક્રમોની પણ પ્રશંસા કરી હતી. તેમાં ફક્ત હું જ નહીં, પરંતુ ભારતના છ અન્ય નિષ્ણાતો પણ હાજર હતા. આ કોઈ ગુપ્ત મુલાકાત નહોતી. આ ઉપરાંત, બાંગલા દેશની વચગાળાની સરકારના વડા મુહમ્મદ યુનુસ સાથે સોનમ વાંગચુકનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે. આ ફોટામાં યુનુસ અને સોનમ વાંગચુક એકબીજાને ભેટી રહેલા જોવા મળે છે.

જ્યારે સોનમ વાંગચુકને આ ફોટા વિશે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું કે, જો તમે તેની તારીખ જુઓ. હું ૨૦૨૦માં ત્યાં ગયો હતો. તે વખતે તેઓ બાંગલા દેશના વડા પ્રધાન બન્યા નહોતા. હું જે પણ દેશમાં જાઉ છું, ત્યાંના અગ્રણી વ્યક્તિઓ મને મળવા આવે છે. તે સમયે કોઈપણ ભારતીય મોહમ્મદ યુનુસને આ રીતે મળતો હોત. હવે બાંગલા દેશમાં એક બળવો થયો છે અને મોહમ્મદ યુનુસે ભારતવિરોધી વલણ અપનાવ્યું છે, તેથી તેમને ખલનાયક તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે.

લદાખ ભારત માટે વ્યૂહાત્મક રીતે મહત્વનો પ્રદેશ છે, કારણ કે તે ચીન અને પાકિસ્તાન બંને સાથે સરહદો ધરાવે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી ચીન અને પાકિસ્તાન સાથે પણ સરહદ પર સતત તણાવ ચાલુ છે. જ્યારે લદાખને શરૂઆતમાં કેન્દ્રશાસિત પ્રદેશ બનાવવામાં આવ્યો હતો, ત્યારે ત્યાંનાં લોકો તેના વિશે સકારાત્મક હતાં, પરંતુ ધીમે ધીમે તેમને લાગવા લાગ્યું કે તે તેમના લાભમાં નથી. લદાખનાં લોકોને લાગતું હતું કે બહારનાં લોકો તેમની નોકરીઓ છીનવી રહ્યાં છે અને તેમની સંસ્કૃતિને નુકસાન પહોંચાડી રહ્યાં છે. લદાખનાં લોકોની માંગણીઓ ખોટી નથી, પરંતુ હિંસા તેને પ્રાપ્ત કરવાનો માર્ગ નથી. લદાખનાં લોકોની માંગણીઓને સરકારે અત્યંત સંવેદનશીલતાથી સાંભળવી જોઈએ, તેને બદલે તેમના અવાજને કચડવામાં આવી રહ્યો છે.

લદાખમાં ચાલી રહેલા આંદોલન પાછળ સોનમ વાંગચુક મુખ્ય વ્યક્તિ છે. જ્યારે તેને પૂછવામાં આવ્યું કે, હવે અચાનક પરિસ્થિતિ કેમ બદલાઈ ગઈ છે? શું લદાખનાં લોકોએ ત્યારે ખોટી ગણતરી કરી હતી? તેના જવાબમાં સોનમ વાંગચુકે જણાવ્યું કે, અમે હંમેશા વિધાનસભા સાથે કેન્દ્રશાસિત પ્રદેશની માંગણી કરી છે. અમને આશા હતી કે, કાશ્મીરની જેમ લદાખ પણ વિધાનસભા સાથે કેન્દ્રશાસિત પ્રદેશ બનશે. અહીં એક વ્યક્તિ શાસન કરે છે.

તેની પાસે બધી સત્તા છે. અમારી પાસે કોઈ લોકશાહી મંચ નથી. ત્યાં ઘણી બધી મનમાની અને ભ્રષ્ટાચાર છે. વાંગચુક ઈચ્છે છે કે સરકાર આગામી હિલ કાઉન્સિલની ચૂંટણી પહેલાં છટ્ઠી અનુસૂચિમાં સમાવેશ કરવાની લદાખની માંગણીને સ્વીકારે. જો સરકાર આ માંગણી સ્વીકારે છે, તો લદાખનાં લોકો મતદાનમાં ભાગ લેશે અને તેનો લાભ મેળવશે. લદાખનું વર્તમાન આંદોલન સૂચવે છે કે ચીનની સરહદ પર આવેલા આ વ્યૂહાત્મક રીતે મહત્ત્વના પ્રદેશની ઉપેક્ષા કરવાનું પોસાય તેમ નથી. કેન્દ્ર સરકારે તાત્કાલિક વાટાઘાટો શરૂ કરવી જોઈએ અને વ્યવહારુ રસ્તો કાઢવો જોઈએ.

manoj1968@yahoo. ca






# નડિયાદમાં ધર્મતારણ રેકેટ : આંતરરાષ્ટ્રીય ફંડિગની આશંકા

## આરોપીના 5 ઓક્ટોબર સુધીના રિમાન્ડ મંજૂર કરાયા, આરોપીના બેંક ખાતામાંથી છેલ્લા ત્રણ વર્ષના 1.34 કરોડના વ્યવહારો મળી આવ્યાં

**નડિયાદ**

નડિયાદમાં 'રેસ્ટોરેશન એન્ડ રિવાઈવલ ટ્રસ્ટ' નામની સંસ્થાના નેજા હેઠળ ચાલતા ગેરકાયદેસર ધર્માંતરણના એક મોટા નેટવર્કનો પર્દાફાશ થયો હતો. હિન્દૂ ધર્મ સેનાના અધ્યક્ષની ફરિયાદના આધારે નડિયાદ પશ્ચિમ પોલીસે આરોપી સ્ટિવન મેકવાન વિરુદ્ધ ગુજરાત ધર્મ સ્વાતંત્ર્ય ૨ અધિનિયમ હેઠળ ગુનો નોંધીને ધરપકડ કરી છે. આરોપીની ૨૮/૦૯/૨૦૨૫ના રોજ ધરપકડ કરવામાં આવી છે અને આરોપીને કોર્ટમાં રજૂ કરતા ૦૫/૧૦/૨૦૨૫ સુધીના પોલીસ રિમાન્ડ પર સોંપવામાં આવ્યો છે અને જે દરમિયાન સ્ફોટક વિગતો સામે આવવાની સંભાવના છે.

આ સમગ્ર મામલે પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી સ્ટિવન મેકવાનની ફરિયાદી અને અન્ય લોકોને ઈસુના માર્ગે ચાલવા અને ધર્મ પરિવર્તન કરવા માટે લાલચ અને પ્રલોભન આપતો હતો. ગુનાની તપાસમાં પોલીસે વિવિધ દસ્તાવેજી પુરાવાઓ, સાક્ષીઓના નિવેદનો મેળવ્યા છે અને સંસ્થા/ટ્રસ્ટના પ્રમુખ તરીકે સ્ટિવન મેકવાન દ્વારા સંચાલિત રેસ્ટોરેશન એન્ડ રિવાઈવલ ફાઉન્ડેશન ટ્રસ્ટની સંડોવણી જણાઈ છે. તપાસમાં બાબતની પણ ચકાસણી કરવામાં આવી રહી છે કે આરોપી દ્વારા ધર્માંતરણ કરાયેલા લોકો અનુસૂચિત જાતિ/જનજાતિના છે કે કેમ અને ધર્મ પરિવર્તન કરાવવા માટે કાયદાકીય પ્રક્રિયાનું પાલન થયું છે કે નહીં.

આ કેસમાં આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય સ્તરે નાણાં પૂરા પાડવામાં આવતા હોવાની વિગતો સામે આવી છે. આરોપી સ્ટિવન મેકવાનના બેન્ક એકાઉન્ટના ટ્રાન્ઝેક્શનની વિગતો પણ પોલીસે મેળવી છે. જેમાં છેલ્લા ત્રણ વર્ષમાં ૧.૩૪ કરોડ રૂપિયાના મોટા વ્યવહારો મળી આવ્યા છે. આ નાણાકીય બાબતો અને વિદેશી સંસ્થાઓ સાથેના કનેક્શન અંગે વધુ તપાસ ચાલુ છે. આરોપીએ આ પ્રવૃત્તિ ગુજરાતના દાહોદ, તાપી, ભરૂચ, આણંદ, અને આદિવાસી વિસ્તારોમાંથી યુવા-યુવતીઓને નડિયાદ લાવી ધર્મ પરિવર્તન કરાવ્યું હોવાનું બહાર આવ્યું છે. આરોપીએ પુરાવાનો નાશ કરવાની દિશામાં પણ તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપીની અટકાયત કરી અને તેને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડની માંગણી કરી હતી. કોર્ટે આરોપીને ૫ ઓક્ટોબર સુધીના રીમાન્ડ પર મોકલ્યો છે.

**નાણાકીય ગેરરીતિ અને પુરાવાનો નાશ:** પોલીસ તપાસમાં આરોપી સ્ટિવન મેકવાનના બેન્ક ખાતામાં છેલ્લા ૩ વર્ષમાં ૧.૩૪ કરોડ રૂપિયાના મોટા નાણાકીય વ્યવહારો મળી આવ્યા છે. આ જંગી રકમ તેને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરેથી મળી હોવાની શંકા છે, જેના આધારે ધર્માંતરણની પ્રવૃત્તિ ચલાવાતી હતી. આ ઉપરાંત, તપાસ દરમિયાન આરોપીએ ગુનાને લગતા પુરાવાઓનો નાશ કરવાનો પ્રયાસ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે.

# દરજીપુરા બ્રિજ નજીક પાવાગઢના બે દર્શનાર્થીને ચાર લૂંટારાએ લૂંટી લીધા


**વડોદરા**

પ્રતાપગઢ નજીક સિધ્ધપુરા ગામે રહેતા અને ખેતી કામ કરતા કેશુરામ લબાના એ પોલીસને કહ્યું છે કે 29 મી એ હું તેમજ મારા પરિવારના રઘુનાથ લબાના લક્ઝરી બસમાં પાવાગઢ માતાજીના દર્શન માટે આવવા નીકળ્યા હતા. પરંતુ અમને ઊંઘ આવી જતા હાલોલ ઉતારવાની જગ્યાએ આજવા ચોકડી પાસે ઉતરી ગયા હતા.

પરોઢિયે ચારેક વાગે અમે આજવા ચોકડીથી ચાલતા ગોલ્ડન ચોકડી તરફ આવી રહ્યા હતા તે દરમિયાન એક સ્કૂટર તેમજ એક બાઈક ઉપર ચાર જણા આવ્યા હતા અને ક્યાં જવું છે તેમ પૂછી વાહનો પર બેસી જાવ આગળ છોડી દઈશું અને 50 રૂપિયા આપી દેજો તેમ કહ્યું હતું. જેથી અમે બંને તેમની સાથે બેસી ગયા હતા. દર્શનાર્થીએ કહ્યું છે કે અમને એરફોર્સ ગ્રીસ થઈને એલએન્ડટી કંપની પહેલા હાઈવેથી અંદરના ભાગે લઈ જતા હોવાથી અમે ઉતરી જવા માટે આગ્રહ રાખ્યો હતો. જેથી બંને જણાય અમને ઉતારી દીધા હતા અને અમે ચાલતા આગળ વધી રહ્યા હતા. જે દરમિયાન ચારેય જણાવો અમારી પાછળ આવ્યા હતા અને તેમણે પહેલા લોખંડના કડાથી હુમલો કર્યો હતો. મેં પણ એક જણને છાતીએ બચકું ભરી દીધું હતું.

# પાવાગઢમાં નવરાત્રીની આઠમે 50 હજારથી વધુ લોકોએ મહાકાળી માતાના દર્શન કર્યા

**હાલોલ**



હાલોલ તાલુકાના શક્તિપીઠ પાવાગઢ ખાતે આસો નવરાત્રીના આઠમા નોરતે મા કાલિકાના દર્શન અને આઠમના હવનના દર્શન માટે અડધો લાખ માઈભક્તો ઊમટી પડયા હતા.

આસો નવરાત્રીની આઠમના દિવસે વાદળછાયુ વાતાવરણ અને રોપ-વેની સુવિધા બંધ હોવા છતાં પાવાગઢ ખાતે આઠમા નોરતે અડધો લાખ ઉપરાંત માઈભક્તો મા કાલિકાના દર્શન માટે ઊમટી પડયા હતા.ભક્તોએ માતાજીના દર્શન સાથે સાથે આઠમના હવનના દર્શન કર્યા હતા. આસો નવરાત્રીના પ્રથમ છ નોરતા બાદ વરસાદી વાતાવરણ થતા તેમજ છેલ્લા ૩ દિવસથી રોપ-વે સદંતર બંધ રહેતા ડુંગર ખાતે ભક્તોની પાંખી હાજરી જોવા મળી હતી. ગત સોમવારના રોજથી શરૂ થયેલી નવરાત્રી પર્વમાં આઠમા નોરતાને લઈ સોમવાર રાતથી નવરાત્રીની આઠમના દર્શન કરવા ભક્તો પાવાગઢને જોડતા તમામ માર્ગો ઉપર જતાં જોવા મળ્યા હતા.જેને લઈ મુખ્ય માર્ગો ઉપર જય માતાજીના ભારે જયઘોષ સંભળાતા હતા.મધ્યરાત્રીથી મંદિર પરિષદ તેમજ મંદિરના પગથિયા પર માતાજીના ભક્તો મંદિર ના નિજ દ્વાર ખુલે તેની પ્રતીક્ષામાં કલાકો સુધી પ્રતીક્ષા કરતા જોવા મળ્યા હતા.

# વડોદરાના એલઆઈસીના નિવૃત્ત અધિકારીને ડિજિટલ એરેસ્ટ કરીને રૂ.13 લાખ પડાવાયા

**વડોદરા**

વડોદરામાં રહેતા એલઆઈસીના નિવૃત્ત 73 વર્ષીય અધિકારીને ડિજિટલ એરેસ્ટ કરી ઠગોએ 13 લાખ ખંખેરી લીધા હોવાનું હતા. નિવૃત્ત અધિકારીએ પોલીસને કહ્યું છે કે, ગીતા 23મી એ બપોરે મને વિશાલ શર્મા નામના ટેલીફોન ડિપાર્ટમેન્ટના અધિકારી તરીકે ફોન આવ્યો હતો અને નવ નંબરનું બટન દબાવવા કહ્યું હતું. જે બટન દબાવતા મને સામેથી કહેવાય હતું કે તમારી સામે એફઆઈઆર થઈ છે અને દિલ્હીથી ખરીદેલા આ સીમ કાર્ડ ઉપરથી તમારા દ્વારા બરોડા બેંક દિલ્હીમાં એક સેવિંગ એકાઉન્ટ પણ ખોલવામાં આવ્યું છે. જેથી મેં આ બાબતનો ઇન્કાર કર્યો હતો.

ત્યારબાદ મારા ઉપર પોલીસ ઇન્સ્પેક્ટર ગોપેશ કુમારના નામે ફોન આવ્યો હતો અને તેમણે એફઆઈઆરની વાત કરી કુલદીપસિંહ નામના અધિકારી તપાસ કરી રહ્યા છે તેમ કહી એક લેટર મોકલ્યો હતો. પીઆઈએ કહ્યું હતું કે તમારા એકાઉન્ટ દ્વારા માની લોન્ડરિંગનો કેસ થયો છે આથી નિવૃત્ત અધિકારીએ કહ્યું છે કે, ઠગે સીબીઆઈના ડીસીપી સાહેબ વાત કરશે તેમ કહેતા રાજવીર કુમારના નામે વાત કરવામાં આવી હતી. મને વિડીયો કોલ કરવામાં આવ્યો હતો અને આરબીઆઈનો એક લેટર મોકલ્યો હતો. મારી પાસે 11 લાખ રૂપિયા ટ્રાન્સફર કરાવી લેવામાં આવ્યા હતા અને તેની સ્લીપ પણ મેં તેમને મોકલી હતી. આવી જ રીતે રાજવીર કુમારે ભંડ સુપરવિઝન સર્ટીફીકેટ મોકલી બીજા બે લાખના ટ્રાન્જેક્શનની વાત કરી હતી અને તેમાં 60000 નું ફ્રોડ થયો હોવાનું કહેવાયું હતું. આ રકમ પણ મેં ટ્રાન્સફર કરી હતી. ત્યારબાદ એરેસ્ટ વોરંટ પણ મોકલવામાં આવ્યું હતું અને જામીન માટે દસ લાખ રૂપિયા ભરવા પડશે તેમ કહેવાયું હતું. અને મારા પુત્રને આ બાબતે વાત કરતા એને ફ્રોડ થઈ રહ્યો છે તેમ કહ્યું હતું.

# બનાસ ડેરીની ચૂંટણીમાં નિયામક મંડળની 15 બેઠકો બિનહરીફ થઈ

## હરીભાઈ ચૌધરી અને પૂર્વ ડિરેક્ટર અણદાભાઈનું પત્તુ કપાયું

**પાલનપુર**

બનાસ ડેરીના નિયામક મંડળની ૧૬ બેઠકો માટે ચૂંટણીનું બ્યુગલ ફૂંકાયું હતું. સોમવારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાના અંતિમ દિવસે બાકી રહેલી ૬ બેઠકો માટે ભાજપે પોતાના સત્તાવાર ઉમેદવારોની ઘોષણા કરી હતી. જેમાં બનાસકાંઠાના પૂર્વ સાંસદ હરીભાઈ ચૌધરી તેમજ ડેરીના પૂર્વ ડિરેક્ટર અણદાભાઈ પટેલનું પત્તુ કપાયું હતું. જેના પગલે અન્ય ઉમેદવારોએ ભાજપના સત્તાવાર ઉમેદવારોના સમર્થનમાં પોતાની દાવેદારી પરત ખેંચી લેતાં ૧૬ પૈકી ૧૫ બેઠકો બિનહરીફ થઈ હતી. જયારે એકમાત્ર દાંતા બેઠક ઉપર બે ઉમેદવારો ચુંટણીના મેદાનમાં રહેતા આ બેઠક માટે ચુંટણીની ઔપચારીકતા પૂર્ણ કરવામાં આવે તેવા સંજોગો છે.

બનાસ ડેરીની પ્રતિષ્ઠા ભરી જંગમાં આજે ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો છેલ્લો દિવસ હતો. આ ચૂંટણીમાં શરૂઆતના તબક્કામાં ભાજપ સામે કેટલાક ભાજપના દિગ્ગજ ઉમેદવારોએ ડિરેક્ટરના પદ માટે ઉમેદવારી નોંધાવતા સમીકરણો બદલાયા હતા.

# બનાસકાંઠાના ભાવેશ ચૌધરી જમ્મુ-કાશ્મીરમાં શહીદ, 'ગાર્ડ ઓફ ઓનર' સાથે અંતિમ વિદાય

**વડોદરા**

દેશની રક્ષા કરી રહેલા બનાસકાંઠાના લાખણી તાલુકાના નાદલ ગામના જવાન ભાવેશ ચૌધરી શહીદ થયા છે. જમ્મુ-કાશ્મીરમાં ગ્રેનેડ વિસ્ફોટની એક ઘટનામાં ભાવેશ ચૌધરીએ વીરગતિ પ્રાપ્ત કરી છે. ભાવેશ ચૌધરીની શહીદીના સમાચાર મળતાં જ તેમના વતન નાદલ ગામમાં ભારે માતમ છવાઈ ગયો છે. આ યુવાનની શહીદીથી ગામના લોકોમાં એક તરફ ગર્વની લાગણી છે, તો બીજી તરફ વ્હાલા પુત્રને ગુમાવ્યાનું ભારે દુઃખ છે. મળતી માહિતી અનુસાર, ભાવેશ ચૌધરીના નિવાસ્થાને સાંત્વના આપવા માટે ગામના લોકો, સમાજના આગેવાનો અને અન્ય લોકોના ટોળાં ઉમટી પડ્યા હતા. ગ્રામજનોએ પરિવારજનોને મળીને શોક વ્યક્ત કર્યો હતો.

# ગુજરાતમાં વાવ-થરાદ જિલ્લો બન્યો 8 તાલુકા અને 416 ગામનો સમાવેશ

## સરહદી વિસ્તારના નાગરિકોના વહીવટી કામે સરળ બનશે

**થરાદ**

ગુજરાતના નકશામાં આજે એક નવો અધ્યાય જોડાયો છે. સરહદી વિસ્તારના નાગરિકોની વર્ષો જૂની માંગણી પૂર્ણ થતાં વાવ-થરાદ જિલ્લો આજથી સત્તાવાર રીતે અસ્તિત્વમાં આવ્યો છે. નવનિર્મિત વાવ-થરાદ જિલ્લાના પ્રારંભ સાથે રાજ્યમાં 4 નવા તાલુકાઓ-ઓગડ, ધરણીધર, રાહ અને હડાદ પણ અસ્તિત્વમાં આવ્યા છે. જોકે, નવા વાવ-થરાદ જિલ્લામાં નીચે મુજબના વિસ્તારોનો સમાવેશ થાય છે. આ નવા જિલ્લા માટે કલેક્ટર, જિલ્લા વિકાસ અધિકારી (DDO) અને જિલ્લા પોલીસ અધિક્ષક (SP) ની નિમણૂક પણ સરકાર કરી દીધી છે, વાવ-થરાદ જિલ્લો બન્યા બાદ મૂળ બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, વડગામ, દાંતીવાડા, દાંતા, અમીરગઢ, ધાનેરા, કાંકરેજ સહિત નવા બે તાલુકા ઓગડ અને હડાદ મળીને કુલ 10 તાલુકાનો સમાવેશ થાય છે. સરહદી વિસ્તારના નાગરિકોને હવે વહીવટી કાર્યો માટે દૂર જવું નહીં પડે, જેનાથી સરકારી સેવાઓ ઝડપી બનશે.

# કોઠંબા તાલુકા કચેરીનું ઉદ્ઘાટન થતા લોકોએ હાઈવે બાનમાં લીધો, લાંબો ટ્રાફિકજામ થયો

**મહીસાગર**

ગુજરાત સરકાર દ્વારા મહીસાગર જિલ્લામાં નવા તાલુકાઓની રચનાની જાહેરાત થયા બાદ તેના ઉદ્ઘાટનના દિવસે જ તીવ્ર વિરોધ ફાટી નીકળ્યો છે. લુણાવાડા તાલુકામાંથી અલગ થઈને રચાયેલા નવા કોઠંબા તાલુકામાં સમાવવામાં આવેલા ત્રણ ગ્રામ પંચાયત વિસ્તારોના લોકો ખાસ કરીને આ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે, જેઓએ બુધવારે અમદાવાદ-લુણાવાડા હાઈવે પર ચક્કાજામ કરીને તેમની માંગો મૂકી છે. આગરવાડા, ચારણ, મોતીપુરા અને અન્ય ગામોના રહેવાસીઓએ હાઈવે પર ઝાડ નાખીને રસ્તો અટકાવ્યો હતો, જેના કારણે બંને બાજુ વાહનોની મોટી કતારો લાગી ગઈ અને ભારે ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા.

# ગાંધીનગરમાં અમદાવાદની મહિલા પોલીસકર્મીના હત્યા કેસમાં ખુલાસો, પરિણીત પ્રેમી જ હત્યારો

## 15 વર્ષનો સંબંધ, લગ્ન ન કરવા મામલે ખટરાગ સર્જાયા બાદ યુવતીની હત્યા

**ગાંધીનગર**

અમદાવાદના શાહીબાગ પોલીસ હેડક્વાર્ટરમાં ફરજ બજાવતી અને ગાંધીનગરમાં રહેતી મહિલા પોલીસકર્મી રિંકલ વણઝારાની હત્યાનો ભેદ ઉકેલાયો છે. જિલ્લા પોલીસ વડા રવિતેજા વાસમ શેટ્ટીએ પત્રકાર પરિષદ યોજીને વિગતો આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, પોલીસકર્મી રિંકલ વણઝારાની હત્યા ગળું દબાવીને કરવામાં આવી હતી. આ હત્યા તેના પરિચિત મોહન પારગીએ જ કરી હોવાનું તપાસમાં ખુલ્યું છે.

રિંકલ વણઝારા અને મોહન પારગી કોલેજ સમયથી એકબીજાને ઓળખતા હતા અને તેમના વચ્ચે છેલ્લા 15 વર્ષથી અંગત સંબંધો હતા. મોહન પારગી પરિણીત છે અને તેને 4 વર્ષનું બાળક પણ છે. 2015માં તેના લગ્ન થયા હતા. રિંકલ મોહન સાથે લગ્ન કરવા માટે દબાણ કરી રહી હતી, પરંતુ મોહન લગ્ન કરવા તૈયાર નહોતો. આ બાબતે બંને વચ્ચે માથાકૂટ થઈ હતી, જેના પગલે મોહને રિંકલની હત્યા કરી નાખી હતી. હત્યા બાદ મોહન પારગી ગાંધીનગરથી ફરાર થઈને તેના વતન અમરેલી ભાગી ગયો હતો. ગાંધીનગર પોલીસે અમરેલી પોલીસની મદદથી મોહનને ઝડપી પાડ્યો છે. મોહન પારગી એક ખાનગી કંપનીમાં મેનેજર તરીકે નોકરી કરતો હતો. પોલીસે હાલ તેની ધરપકડ કરીને વધુ પૂછપરછ હાથ ધરી છે. પીએમ રિપોર્ટ આવ્યા બાદ શારિરીક સંબંધ અંગેની માહિતી બહાર આવશે તેમ એસ.પી.એ જણાવ્યું હતું.

આ ઉપરાંત, પોલીસ અધિક્ષક રવિતેજા વાસમ શેટ્ટીએ લવ જેહાદના એક કેસ વિશે પણ માહિતી આપી હતી.

# ક્રિપ્ટોમાં રોકાણ કરી નફો મેળવવા જતા નડિયાદના યુવકે 2.80 લાખ ગુમાવ્યા

## ટેલિગ્રામ પર રોકાણના 100 ટકા નફો થવાની લાલચ આપી

**નડિયાદ**

નડિયા મોટા પોળ વિસ્તારમાં રહેતા સૌરભકુમાર પટેલના મોબાઈલના ટેલિગ્રામમાં ગત તા. ૨૮ ઓગસ્ટના રોજ રોચિત સિંગ ઓફિશિયલ નામની પૈસાનું રોકાણ કરવાની આઈડી આવી હતી. સૌરભ કુમારે આઈડી ઓપન કરતા તેમાં વોટ્સએપ નંબરના માધ્યમથી ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરવાનું જણાવાયું હતું. સૌરભ કુમારે રોચિત સિંગ નામના શખ્સ પર વિશ્વાસ રાખી વાત આગળ વધારી હતી. રોચિત સિંગે ૧૦૦ ટકા નફો થશે તેમ જણાવી ઈન્વેસ્ટમેન્ટનો પ્લાન બતાવ્યો હતો. ત્યાર પછી તા. ૯ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ રોચિત સિંગે સૌરભ કુમારને ફોન કરીને કેટલા રૂપિયાનું રોકાણ કરવું છે તે પૂછયું હતું. સૌરભ કુમારે ૫ હજાર રૂપિયાનું રોકાણ કરવાનું કહી ક્યૂઆર કોડ પર ત્રણ વખત ઓનલાઈન રૂપિયા મોકલી આપ્યા હતા. ત્યાર બાદ રોચિત સિંગે અલગ અલગ ક્યૂઆર કોડ અને બેંક એકાઉન્ટ નંબરો મોકલીને સૌરભ કુમાર પાસેથી કુલ ૨,૮૦,૬૦૬ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરાવ્યા હતા.

# વાઘોડિયામાં પત્નીના અત્યાચારથી કંટાળીને પતિએ ગળે ફાંસો ખાધો

## મિલકત અને લોકરમાં નામ દાખલ કરાવવા ઝઘડા કરતી હતી


**વડોદરા**

વાઘોડિયા રોડની વૈકુંઠ સોસાયટીમાં રહેતી વર્ષા વણકરે પોલીસને કહ્યું છે કે, મારો ભાઈ યોગેશ વાલજીભાઈ પરમાર ગોરવા સી.કે પ્રજાપતિ સ્કૂલ પાસે શ્રીજી ટેનામેન્ટમાં તેની પત્ની અંકિતા ઉર્ફે અનિતા ઉર્ફે અન્નુ અને ત્રણ સંતાન સાથે રહેતો હતો. મિડલેન્ડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતો મારો ભાઈ તેની પત્નીના ત્રાસથી ખૂબ જ કંટાળી ગયો હતો. વર્ષાબેને પોલીસ ફરિયાદમાં આવ્યો આક્ષેપ કર્યો છે કે મારી ભાભી માલ મિલકત અને લોકરમાં તેનું નામ ચડાવવા માટે વારંવાર મારા ભાઈ સાથે ઝઘડા કરતી હતી. મહિલાએ ફરિયાદમાં એવું પણ આક્ષેપ કર્યો છે કે, મારી ભાભી મારા ભાઈ માટે સવારે નાસ્તો બપોરે જમવાનું કે સાંજે રસોઈ બનાવતી ન હતી અને બહાર જમવાની ટેવ વાળી હતી. નોકરીથી ઘેર આવ્યા બાદ મારી ભાભી આખી રાત ઝઘડો કરતી હતી વર્ષાબેનનું કહેવું છે કે, મારા ભાઈએ તા.18મી એપ્રિલે ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો.

# ગાંધીનગર રુપાલમાં માતાજીની પરંપરાગત પલ્લી, ભક્તોએ કરોડો રૂપિયાનું ઘી ચઢાવ્યું

**ગાંધીનગર**

ગાંધીનગરના રુપાલમાં આવેલા વરદાયિની માતાજીની દર વર્ષે પરંપરાગત રીતે યોજાતી પલ્લીનું માઈભક્તોમાં અનેરું મહત્ત્વ છે. દર વર્ષે નવરાત્રિમાં યોજાતી પલ્લી યાત્રામાં દૂર-દૂરથી માઈભક્તો આવે છે અને પલ્લીયાત્રાનાં દર્શન કરીને ધન્યતા અનુભવે છે. રૂપાલ વરદાયિની માતા મંદિરે દર વર્ષે નવરાત્રિનાં નોમના દિવસે પલ્લી મેળો ભરાય છે. ત્યારે આ વર્ષે પણ 30 સપ્ટેમ્બર એટલે કે નોમના દિવસે રાતે 12:00 વાગ્યે પલ્લી યાત્રા નીકાળવામાં આવી હતી. જેમાં હજારો ભક્તો ઉમટી પડ્યા હતા. માતાજીની પલ્લી પર કરાતા શુદ્ધ ઘીના અભિષેક માટે ટ્રેકટરની ટ્રોલીઓમાં ઘી એકત્ર કરવામાં આવ્યુ હતું. મોટી સંખ્યામાં ભક્તોએ પલ્લી પર શુદ્ધ ઘીનો અભિષેક કરી ધન્યતા અનુભવી હતી.



# બૂમો પાડશો તો તલવાર ગળા ઉપર ફેરવી દઈશ, ધમકી આપી દાગીના અને રોકડા 3 લાખની લૂંટ

## ગાજરાવાડી વિસ્તારમાં ગરબામાંથી પરત આવેલા પરિવારના ઘરે તલવારની અણીએ લૂંટ

**વડોદરા**

ગાજરાવાડી સુએઝ પંપિંગ રોડ પર સિયારામ નગરમાં રહેતા અને ડ્રાઈવિંગ કરતા અનિકેત શૈલેષભાઇ ચુનારાએ પાણીગેટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી જણાવ્યું છે કે, ગત ૨૯ મી તારીખે રાતે નવ વાગ્યે હું મારા પરિવાર સાથે બરાનપુરા ડભોઈયા ચોકી પાસે ચુનારાવાસના ગરબા જોવા માટે ગયા હતા. રાતે એક વાગ્યે હું મારી પત્ની તથા દાદી સાથે બાઈક પર ઘરે આવવા નીકળ્યો હતો. અમે ઘરે પહોંચ્યા ત્યારે ઘરની બહાર એક સરદારજી જેવો લાગતો શખ્સ મોંઢા પર સફેદ રૂમાલ તથા કાળા કલરનો ઝભ્ભો પહેરીને ઉભો હતો. તેના હાથમાં તલવાર હતી. તે તલવાર લઈને મારા તરફ ધસી આવ્યો હતો. મને તલવાર બતાવી મને બાઈક પાછી લેવાનું કહી ધમકી આપી હતી કે, જો બૂમો પાડી તો તલવાર ફેરવી દઈશ. મેં બાઈક પાછળ લેતા આરોપી પણ તલવાર લઈને મારી સાથે આવ્યો હતો. અંદાજે ૫૦ મીટર દૂર સુધી તે અમને લઈ ગયો હતો. થોડીવાર પછી મારા ઘરમાંથી બે અન્ય લૂંટારાઓ નીકળ્યા હતા. ત્યારબાદ ત્રણેય લૂટારાઓ થોડે દૂર પાર્ક કરેલી બાઈક પર બેસીને ભાગી ગયા હતા. લૂંટારાઓ મારા ઘરમાંથી છ તોલા વજનના દાગીના , બે તોલા વજનની સોનાની લગડી, ચાંદીના દાગીના તેમજ રોકડા ૩ લાખ લૂંટી ગયા હતા. ઉલ્લેખનીય છે કે, સોનોનો એક તોલાનો ભાવ હાલમાં ૧.૧૯ લાખ છે. પરંતુ, પોલીસે સોનાનો ખરીદી સમયનો ભાવ માત્ર ૪૫ હજાર જ ગણ્યો છે.

# ફાગવેલને વડુમથક બનાવવાની માંગ સામે 37 પૈકી 22 ગામનો ઉગ્ર વિરોધ

## મામલો મુખ્યમંત્રી સુધી પહોંચતા ફેરનિર્ણયની શક્યતા

**નડિયાદ**

ખેડા જિલ્લામાં કપડવંજ અને કઠલાલના કેટલાક ગામોને જોડી ૧૧મા તાલુકા તરીકે ફાગવેલની જાહેર બાદ વિવાદ સર્જાયો છે. સરકારે ફાગવેલને તાલુકો જાહેર કરી કાપડીવાવ- ચિખડોલને મુખ્ય મથક જાહેર કરતા વિરોધ વચ્ચે ફાગવેલને જ વડુ મથક રાખવાની માંગણી થઈ હતી. હવે આ અંગે સરકારમાં રજૂઆતો પહોંચતા વિચારણા હેઠળ મુદ્દો છે. તેવા સંજોગોમાં ફાગવેલને વડુ મથક બનાવવા સામે ૨૨ ઉપરાંત ગામના સરપંચ અને ગ્રામજનોએ વિરોધ કરતા મામલો ગરમાયો છે. ફાગવેલને અલગ તાલુકો બનાવવા સત્તાવાર મંજૂરી આપતા ફાગવેલ તાલુકાનું વડુ મથક કાપડીવાવ-ચિખડોલ રાખવામાં આવ્યું છે. ત્યારે સરકારના નિર્ણયને વીર ભાથીજી ધામનું અપમાન ગણાવી ફાગવેલના વીર ભાથીજી મંદિર ટ્રસ્ટ સહિત અન્ય લોકોએ વિરોધ કરી ફાગવેલને જ વડુમથક રાખવા માંગણી કરી હતી. આ અંગે વાત મુખ્યમંત્રી સુધી પહોંચતા હવે સરકાર આ મામલે વિચારણા કરી ફેરફાર કરે તેવી શક્યતા દેખાઈ રહી છે.

# મહીસાગર જિલ્લામાં દલિત યુવતીને વાળ પકડીને ઢસડીને ગરબામાંથી બહાર કઢાઈ

**મહીસાગર**

ભરોડી ગામમાં નવરાત્રિ દરમિયાન દલિત સમાજની મહિલાઓ ગામના સાર્વજનિક ગરબા મંડળમાં ગરબે ઘૂમવા ગઈ હતી. પરંતુ તેમને ગરબા રમવા દેવામાં ન આવ્યા. એક ચોક્કસ સમુદાયની મહિલાઓ દ્વારા જાતિવાદનો ભેદ રાખી દલિત મહિલાઓ સાથે ભેદભાવ કરવામાં આવ્યો હતો, જેના કારણે ગરબા બંધ થઈ ગયા હતા. આ ઘટના બાદ દલિત સમાજની મહિલાઓ અને યુવકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો.

જ્યારે દલિત મહિલાઓ ગરબા રમવા જતાં અન્ય કેટલીક મહિલાઓએ તેમને બહાર કાઢીને મારામારી કરી હોવાનું સામે આવ્યું છે. દલિત મહિલાઓ આક્ષેપ કર્યો છે કે, અન્ય સમાજની મહિલાઓએ અમને ધમકી આપી કે, હવે અહીં ગરબા રમવા આવશો તો જીવતા નહીં જવા દઈએ. જેમાં આરોપીઓએ જાતિ વિષયક શબ્દોનો ઉપયોગ કરી દલિત મહિલાઓને અપમાનિત કરી હતી. ઘટના બાદ ફરિયાદી રિંકુબેન વણકરે 112 નંબર પર પોલીસને જાણ કરી હતી, પરંતુ તેઓએ પોલીસ પર મદદ ન કરવાનો આરોપ લગાવ્યો છે. આખરે, દલિત સમાજની મહિલાઓ જાતે જ વીરપુર પોલીસ સ્ટેશન પહોંચી અને પોતાની આપવીતી જણાવી હતી. આ મામલે લોમાબેન પટેલ, રુષ્ટિબેન પટેલ, રોશનીબેન પટેલ અને મીનાબેન પટેલ એમ કુલ ચાર મહિલાઓ વિરુદ્ધ ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# યુકે મોકલવાના નામે દંપતીએ વડોદરાના યુવક પાસેથી 10 લાખ રૂપિયા પડાવી લીધા

**વડોદરા**

સમા વિસ્તારની રાંદલ ધામ સોસાયટીમાં રહેતા ભાવેશ પારેખે આ મામલે પોલીસ ફરિયાદ નોંધાવી છે. ભાવેશ પારેખ નામના યુવકે પોલીસને જણાવ્યું કે, ડિસેમ્બર 2022માં યુકેની વર્ક પરમિટ મેળવીને ત્યાં જવા માટે તેમણે આણંદના રહેવાસી હાર્દિક ભરતભાઈ સોની અને તેની પત્ની શ્રેયા દિનેશભાઈ પટેલનો સંપર્ક કર્યો હતો. આ દંપતી વડોદરાના વીઆઈપી વ્યુ કોમ્પ્લેક્સમાં સાદરી ઈમિગ્રેશન નામે કન્સલ્ટિંગ ઓફિસ ચલાવતું હતું.

ભાવેશ પારેખના જણાવ્યા મુજબ, દંપતીએ શરૂઆતમાં યુકે જવા માટે ₹15 થી 18 લાખનો ખર્ચ થશે તેમ જણાવ્યું હતું. ભાવેશે પોતાના માતાના પેન્શનમાંથી લોન કરાવી અને ટુકડે ટુકડે પૈસા ભર્યા હતા. આટલું જ નહીં, આરોપી હાર્દિક સોનીએ ભાવેશની પત્નીના દાગીના પર પણ લોન કરાવી આપી હતી, આમ કુલ રૂપિયા 10 લાખ જેટલી રકમ આપી હતી. જોકે, લાંબા સમય સુધી કામ ન થતાં ભાવેશે તપાસ કરી તો જાણવા મળ્યું કે, દંપતીએ તેમની ઓફિસ બંધ કરી દીધી હતી અને પત્ની શ્રેયાના નામે અમિત નગર બ્રિજ પાસે ફાસ્ટ ફૂડનો ધંધો શરૂ કરી દીધો હતો.

ભાવેશે પોલીસને જણાવ્યું કે, હાર્દિક તેને એકવાર અમદાવાદ લઈ ગયો હતો અને ઈન્ટરવ્યૂ પણ અપાવ્યો હતો, પરંતુ ત્યાર બાદ તેને ગોળ ગોળ જવાબ મળતા હતા અને 10 લાખ રૂપિયા પરત મળ્યા ન હતા. આખરે છેતરાયાનો અહેસાસ થતાં ભાવેશે ફરિયાદ કરી છે.

# દમણ કોલેજના આચાર્યાની હત્યા કરનાર એકાઉન્ટને આજીવન કેદ

## નાણાકીય ગેરરીતિનો ભાંડો ફૂટી જતાં હત્યાની યોજના ઘડાઇ

**દમણ**

દમણ નર્સિંગ કોલેજના મહિલા આચાર્યાના અપહરણ અને હત્યા કેસમાં આરોપી એવા એકાઉન્ટન્ટને કોર્ટે આજીવન કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે. સાથે આરોપીને રૂ.15 હજારનો દંડ પણ કરાયો છે.

સેલવાસ ખાતે રહેતા અને દમણ નર્સિંગ કોલેજના આચાર્યા કનીમોઝી અરૂમુધન ગત 28-02-22ના રોજ કારમાં દમણ કોલેજે જવા નિકળ્યા બાદ રસ્તામાંથી ગાયબ થઇ ગયા હતા. આ ઘટનામાં પોલીસે જુદી જુદી ટીમ બનાવી ગુનાનો ભેદ ઉકેલવા સીસી ટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને કડીના આધારે કોલેજના જ એકાઉન્ટન્ટ સાવન પટેલની શંકાના આધારે પૂછપરછ કરતા સાવને હત્યા કરી હોવાની કબુલાત કરી હતી.

બાદમાં દમણ-સેલવાસ પોલીસે વાપીના તરક પારડી ગામે ડુંગરાળ વિસ્તારમાં પહોંચી ગઈ હતી. જ્યાં પોલીસને સળગી ગયેલી હાલતમાં મળેલી કારમાંથી કનીમોઝીની ભડથું થયેલી લાશ મળી આવી હતી. આરોપીએ કોલેજમાં નાણાંકીય ગેરરીતિ કર્યાનું બહાર આવતા કનીમોઝીએ નાણાં ભરપાઇ કરી મામલો ક્લિયર કરવા જણાવ્યું હતું. જેને લઈ સાવને કનીમોઝીનું કાસળ કાઢી નાખ્યું હતું.

પોલીસે આરોપી એવા એકાઉન્ટન્ટ સામે અપહરણ, હત્યાનો ગુનો નોંધી ધરપકડ કરી હતી. પોલીસે આરોપીને કડક સજા થાય તે માટે તમામ પુરાવા સાથે કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરી હતી. કોર્ટમાં હાથ ધરાયેલી સુનાવણી દરમિયાન સરકારી વકીલ ગોરધન જી.પુરોહિત અનેક લોકોના નિવેદનો અને સજ્જડ પુરાવા સાથે અનેક પાસાઓ પર દલીલો કરી હતી કોર્ટના જજ વિભા.પી.ઈંગલેએ આરોપી સાવનને તકસીરવાર ઠેરવી આજીવન કેદની સજા ફટકારતો મહત્વનો ચુકાદો આપ્યો છે. સાથે આરોપીને રૂ.15 હજારનો દંડ પણ કરાયો છે.

# સાયબર ફ્રોડમાં બેંકના પૂર્વ કર્મચારી, થાઈલેન્ડની મહિલાનું નામ ખૂલ્યું

**સુરત**

સરથાણામાંથી પકડાયેલા સાયબર ક્રાઈમના બે મુખ્ય આરોપીઓ જીગ્નેશ અને જિતેન્દ્રએ બેંકમાં નોકરી છોડ્યા બાદ ગેરકાયદેસર કૌભાંડ શરૂ કર્યું હતું. આ બંને અગાઉ IDFC બેંકમાં સેલ્સ વિભાગમાં કામ કરતા હતા, જ્યાં તેમને બેંક ખાતા ખોલવાનો સારો અનુભવ હતો. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, નોકરી છૂટ્યા પછી આ બંનેએ સાયબર ગુનેગારો માટે કમિશન લઈને બેંક ખાતા ભાડે આપવાનું મોટું ષડયંત્ર રચ્યું હતું. તેઓ સામાન્ય લોકોને મોટા કમિશનની ખોટી લાલચ આપીને તેમના નામે બેંક ખાતાઓ ખોલાવતા.એકવાર ખાતું ખૂલી જાય પછી, તેઓ તે વ્યક્તિ પાસેથી બેંકની કીટ (ચેકબુક, પાસબુક, એટીએમ વગેરે) મેળવી લેતા હતા.આ ખાતાઓનો ઉપયોગ પછી સાયબર ફ્રોડ કરવા માટે થતો હતો. આરોપીઓ આ ખાતાઓની તમામ ગુપ્ત વિગતો વોટ્સએપ દ્વારા થાઈલેન્ડના નંબર પર મોકલતા હતા. આ વિગતો એક રહસ્યમય મહિલાને મોકલાતી હતી, જેનું નામ 'ફિફા' છે.

# પરિણીત દીકરીની આત્મહત્યા બાદ નણંદને પોલીસ વાનમાંથી ખેંચી મારી

## ત્રાસ અપાતા યુવતીએ પગલું ભર્યું હોવાનો આક્ષેપ

**સુરત**

સુરતના લિંબાયત પોલીસ સ્ટેશન વિસ્તારના બજરંગનગરમાં 29 વર્ષીય તેલુગુ યુવતી મોનિકા શોબન બાબુ પામુલાએ શનિવારે તેના ઘરે ફાંસી લગાવીને આપઘાત કર્યો હતો. પિયરપક્ષે સાસરિયા પર દહેજ માટે ત્રાસ આપવામાં આવતો હોવાનો આરોપ લગાવ્યો હતો. પિયરપક્ષના આરોપ મુજબ, પહેલા પણ 10 તોલા સોનું અને રોકડા આપ્યા હતા તેમ છતાં વધુ દહેજની માંગ કરીને ત્રાસ આપવામાં આવતો હતો, જેનાથી ત્રાહિમામ પોકારીને મોનિકાએ આપઘાત કર્યો હતો.

આ ઘટના બાદ પિયરપક્ષાના લોકોનો ગુસ્સો ફાટી નીકળ્યો હતો. 20 લોકોના ટોળાએ મોનિકાની નણંદ જ્યોત્સનાના ઘરે પહોંચ્યા હતા અને ખૂબ હંગામો કર્યો હતો. જ્યોત્સનાએ આ અંગે પોલીસને જાણ કરી હતી. પોલીસે તેને સુરક્ષિત બહાર કાઢીને વાનમાં બેસાડી હતી, પરંતુ લોકોએ તેને તેમાંથી ખેંચીને બહાર કાઢી હતી અને ફટકારી હતી. આ દરમિયાન તેના કપડાં પણ ફાટી ગયા હતા.

પોલીસે જણાવ્યું હતું કે મહિલાના આપઘાત મુદ્દે પતિ, સાસુ અને નણંદ સામે કેસ નોંધવામાં આવ્યો હતો. મૃતકના ભાઈએ ફરિયાદ નોંધાવી હતી કે, 10 તોલા સોનુ અને કેશ માંગવામાં આવી હતી જે આપી હતી. આ ઉપરાંત રૂપિયા માંગવામાં આવતા હતા. જે ન આપવામાં આવતાં મારી બહેનને ત્રાસ આપવામાં આવતો હતો, તેનાથી ત્રાહિમામ પોકારી આપઘાત કરી હતી.

મોનિકાના પરિવારજનો દ્વારા નણંદના ઘરે હુમલો કરવા અને પોલીસની ગાડીમાંથી ખેંચીને માર મારવાના મામલે પોલીસે મૃતકના પરિવારના 18 જણ વિરુદ્ધ રાયટિંગનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસે 10 લોકોની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કર્યા હતા. કોર્ટે તમામ આરોપીઓને ૩ દિવસના પોલીસ રિમાન્ડ પર મોકલી આપ્યા હતા

Imperial PEST CONTROL
Serving Since 2006.
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week
All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants. Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

First Flight
FFCL Couriers Inc.
દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ
તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ
1 LB $20 વધુ દર LB ના $6
11 LB $55 વધુ દર LB ના $6
23 KG $185, વધુ દર KG ના $10
30 KG $230, વધુ દર KG ના $10
ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)
જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ત્રણ શાખાઓ
Brampton (West)
519, Ray lawson boulevard, Unit-3, Brampton ON L6Y 0N2 Chandni Chowk Plaza, ATN Wireless Board Door Open Last Unit Ours
Phone 647-657-9631
------: MON-FRI : ------ 11.00 AM to 7.00 PM
: SAT-SUN : 1.00 PM to 6.00 PM
Scarborough
880 Markham Road, Unit-8 Main Intersection Markham Road & Painted Post, Near Saileela Khaman-Dhokla House Complex,
Phone 647-657-9631 905-673-9631
------: MON-THU : ------ 2.00 PM to 7.00 PM
FRIDAY WEEKLY OFF
: SAT-SUN : 11.00 AM to 6.00 PM
we are back to Great Punjab
2980 DREW ROAD, UNIT 135 NEXT TO SWEET MASTER
--------: MON - FRI :-------- 10 AM TO 7 PM
--------: SAT-SUN :-------- 11AM TO 6PM
Bovaird
2260 BOVAIRD DR., EAST UNIT 121 " RAJDHANI RESTAURANT PLAZA, NEXT TO DENTAL CLINIC" BRAMPTON, ON L6R3J5
CONTACT : 647-657-9631 / 905-673-9631
MON - FRI - 12 PM TO 7 PM, SAT - SUN - 11 AM TO 6 PM
MONDAY WEEKLY OFF
૬૪૭-૭૬૧-૧૩૧૭
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS
Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.
Editor : Manoj Gandhi
Director & Publisher : Rameshbhai Vyas
Director Marketing : Pareshkumar Champakbhai Peshwa
Director : Nilesh Tailor
Montreal Bureau : Vijay Patel (514-826-7442)
Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh
GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)
Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# સુરેન્દ્રનગરમાં ગમખ્વાર અકસ્માત, પલટી ખાઈ ગયા બાદ કાર પાણીમાં ખાબકી, 3ના કરુણ મોત

## મૃતકો મૂળી તાલુકાના દાધોડિયા ગામના એક જ પરિવારના સભ્યો હતા

**સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર જિલ્લાના સરા-ધ્રાંગધ્રા રોડ પર મંગળવારે કાર પલટી ખાઈ પાણીમાં ખાબકતા કારમાં સવાર બે મહિલા અને એક પુરુષ સહિત ત્રણ લોકોના ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યાં હતા. મૃતકો મૂળી તાલુકાના દાધોડિયા ગામના એક જ પરિવારના સભ્યો હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી અનુસાર, સરા-ધ્રાંગધ્રા રોડ પરથી પસાર થઈ રહેલી કાર અચાનક નિયંત્રણ ગુમાવી પલટી મારીને પાણીના ખાડામાં ખાબકી હતી. અકસ્માત એટલો ભયાવહ હતો કે, કારમાં સવાર ત્રણ લોકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નિપજ્યાં હતા.

આ ત્રણેય મૃતકો મૂળી તાલુકાના દાધોડિયા ગામના વતની હોવાનું જાણવા મળ્યું છે. એક જ પરિવારના ત્રણ સભ્યોના અકાળે અવસાનથી દાધોડિયા ગામ અને આસપાસના વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું છે.

ઘટનાની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. મૃતદેહોને તાત્કાલિક ધ્રાંગધ્રાની સરકારી હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવ્યા છે. પોલીસે અકસ્માતનો ગુનો નોંધીને આગળની તપાસ અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની ઓળખ :**

બબુબેન જેજરિયા (ઉ.વ. 50), ભાનુબેન જેજરિયા (ઉ.વ. 35), ચોપાભાઈ જેજરિયા (ઉ.વ. 45)

# શાપરમાં રોટલી ખાવા આવતા શ્વાને 5 વર્ષની બાળકીને શ્વાને ફાડી ખાધી

## 5 મહિનામાં બાળક પર શ્વાન દ્વારા બીજો હુમલો કરાયો

**રાજકોટ**

શહેર નજીક આવેલા શાપર-વેરાવળ ઔદ્યોગિક વિસ્તારમાં મૂળ મધ્યપ્રદેશના વતની અને શ્રમિક પરિવારની આ બાળકી ચાર દિવસ પહેલાં જ તેના દાદા મુકેશભાઈના ઘરે રોકાવા આવી હતી. બાળકી સવારે ભૂમિ ગેટ નજીક ગોલ્ડન સ્ટાર કંપની પાસે અન્ય બહેનપણીઓ સાથે રમી રહી હતી. તે જ સમયે, રોટલી ખાવા આવતા એક શ્વાને તેના પર અચાનક હુમલો કર્યો હતો અને બાળકીને જમીન પર પછાડીને ગળાના ભાગે ગંભીર રીતે બચકું ભરી લીધું હતું. બાળકીની રાડારાડ સાંભળીને લોકો દોડી આવ્યા હતા, પરંતુ ત્યાં સુધીમાં તે લોહીલુહાણ થઈ ગઈ હતી. તેને તાત્કાલિક શાપર હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર શરૂ થાય તે પહેલાં જ તેનું મોત નિપજ્યું હતું. આ વિસ્તારમાં શ્રમિક વસાહતો હોવાથી શ્વાનનો ત્રાસ વધુ છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે પાંચ મહિનામાં બાળક પર શ્વાન દ્વારા કરાયેલો આ બીજો ઘાતક હુમલો છે.

# ખોડલધામ ગરબામાં બેઠક વ્યવસ્થામાં મામલે માથાકૂટ થતાં હુમલો, 3ને ઇજા

**રાજકોટ**

શહેરના ખોડલધામ નોર્થના ગરબામાં વીઆઈપી પાસ સાથે આવેલો એક યુવક આગળની હરોળમાં બેસીને ગરબા નિહાળી રહ્યો હતો. આ દરમિયાન અન્ય વીવીઆઈપી મહેમાનો આવવાના હોવાથી કાર્યકર્તાઓએ આ યુવકને પાછળની હરોળમાં બેસવા માટે વિનંતી કરી હતી. યુવકે પાછળ બેસવાનો ઈન્કાર કરી કાર્યકર્તાઓ સાથે બોલાચાલી શરૂ કરી હતી. વધતા વિવાદને પગલે કાર્યકર્તાઓ યુવકને સ્થળની બહાર લઈ ગયા હતા. જ્યાં ઉશ્કેરાયેલા યુવકે અચાનક છરી કાઢી કાર્યકર્તાઓ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં ત્રણથી ચાર લોકોને ઈજા પહોંચી હતી. સૂત્રોએ જણાવ્યું કે, "ખોડલધામના રાસ-ગરબાના આયોજન સ્થળે, પલસાણા ચોક રિંગ રોડ નજીક મારામારીનો બનાવ બન્યો હતો. એક કપલ પાસ લઈને બેઠું હતું. તે સમયે કોઈ VVIP ગેસ્ટ આવવાના હોવાથી તેમને થોડા અન્ય સોફા પર બેસવા જતાં રહેવા વિનંતી કરવામાં આવી હતી. આ બાબતે બોલાચાલી થઈ અને ત્યારબાદ મારામારી થઈ હતી.

# જામનગરમાં 10 હજારથી વધુ ભક્તોએ કરી ડિજિટલ આરતી, આઠમા નોરતે ખાસ ઝાંખી

## માતાના સ્વરૂપમાં ગ્રાઉન્ડમાં નીકળેલી સાત બહેનોએ આકર્ષણ જમાવ્યું હતું

**જામનગર**

જામનગરમાં ખોડલધામ નવરાત્રિ મહોત્સવ ચાલી રહ્યો છે. જ્યાં ખાસ આઠમના નોરતાનું વિશેષ મહત્ત્વ હોય છે. ત્યારે આઠમા નોરતે (29મી સપ્ટેમ્બર) 10 હજારથી વધુ લોકોએ મોબાઈલ ફ્લેશલાઈટનો ઉપયોગ કરીને માતાજીની ડિજિટલ આરતી કરી હતી. આ મહોત્સવ પ્રણામી સ્કૂલ પાસેના પ્રણામી ગ્રાઉન્ડ અને સેટેલાઈટ પાર્કમાં યોજાઈ રહ્યો છે.

નવરાત્રિના આઠમા નોરતાનું વિશેષ મહત્ત્વ હોય છે. આ પ્રસંગે મા ખોડલની સાત બહેનોની એક વિશેષ ઝાંખી રજૂ કરવામાં આવી હતી. સાત બહેનો ગ્રાઉન્ડમાંથી ચાલીને સ્ટેજ સુધી પહોંચી હતી, જે દ્રશ્યો મા ખોડલ સહિત સાત દેવીઓ ગ્રાઉન્ડમાં ઉતર્યા હોય તેવા ભક્તિમય લાગતા હતા. આરતી દરમિયાન સમગ્ર ગ્રાઉન્ડમાં 10 હજારથી વધુ લોકોએ એકસાથે પોતાના મોબાઈલની ફ્લેશલાઈટ ચાલુ કરીને ડિજિટલ આરતીનો અદ્ભુત નજારો સર્જ્યો હતો. આ દ્રશ્ય ખૂબ જ આકર્ષક અને ભક્તિપૂર્ણ હતું. આ નવરાત્રિ મહોત્સવ લેઉવા પટેલ સમાજના યુવાનો, વડીલો અને પરિવારો માટે પારિવારિક માહોલમાં ગરબા રમી શકે તે માટે ખાસ સુવિધાઓ સાથે આયોજિત કરવામાં આવ્યો છે. ખેલૈયાઓએ મન મૂકીને ગરબાની રમઝટ બોલાવી હતી. આ ભવ્ય આયોજનના ડ્રોન દ્રશ્યો પણ જોવા મળ્યા હતા.

# રાજકોટ અલ-કાયદા પ્રચાર કેસ : 3 આતંકીઓને સેશન્સ કોર્ટ દ્વારા આજીવન કેદની સજા ફટકારાઈ

## કોર્ટમાં સરકારી વકીલની દલીલ, ત્રણેય યુવાનો અલ-કાયદાનો પ્રચાર કરતા હતા

**રાજકોટ**

જુલાઈ 2024માં અમદાવાદ ATS દ્વારા રાજકોટ ખાતે દેશવિરોધી પ્રવૃત્તિ કરી રહેલા ત્રણ શખ્સોની ધરપકડ કરવામાં આવી હતી. આ શખ્સો પાસેથી પુરાવા રૂપે દેશવિરોધી પ્રવૃત્તિઓનું સાહિત્ય પણ મળી આવ્યું હતું. જેના આધારે તેઓની સામે ચાર્જશીટ ફાઈલ કરીને રાજકોટની સેસન્સ કોર્ટમાં કેસ ચલાવવામાં આવ્યો હતો. આ કેસની આજે સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં ત્રણેય આતંકીઓને આજીવન કેદની સજા ફટકારવામાં આવી છે.

રાજકોટની સોનીબજારમાં મજૂરીકામ કરતા અમન સિરાજ મલિક (ઉ.વ.23), અબ્દુલ શકુરઅલી શેખ (ઉ.વ.20) અને સૈફ નવાઝ અબુ શાહીદ (ઉ.વ.23) નામના ત્રણ યુવાનો મસ્જિદમાંથી દેશવિરોધી જેહાદી પ્રચાર કરે છે. એવી બાતમી અમદાવાદ ATSને મળી હતી. જેના આધારે અમદાવાદ ATSએ ત્રણેય યુવાનોની શોધખોળ શરૂ કરી હતી. અમદાવાદ ATSએ ચોક્કસ બાતમીના આધારે, અબ્દુલ શકુરઅલી શેખ અને અમન સિરાજ મલિકને રાજકોટ રેલવે સ્ટેશન પાસેથી પકડી પાડ્યો હતો. અબ્દુલ શકુરઅલી શેખ પાસેથી એક પિસ્તોલ અને કારતૂસ મળી આવ્યા હતા. આરોપીઓના મોબાઈલ ફોનમાંથી 'રાહ-એ-હિદાયત' નામના ગ્રુપની દેશવિરોધી પ્રવૃત્તિઓની વિગતો અને મુસ્લિમ સાહિત્યનો ઉપયોગ કરીને દેશવિરોધી પ્રચાર કરતા વ્હોટ્સએપ ચેટિંગના પુરાવા મળ્યા હતા.

# મંત્રીની કચ્છ મુલાકાત ટાંકણે કંડલા એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી

**ભુજ**

કેન્દ્રીય સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ બે દિવસીય કચ્છની મુલાકાતે આવે તે પહેલાં કચ્છના અંજાર તાલુકાના વરસામેડી ખાતે આવેલા કંડલા એરપોર્ટને બૉમ્બથી ઉડાવી દેવાનો ધમકીભર્યો ઈ-મેલ મળતાં હરકતમાં આવી ગયેલી સુરક્ષા એજન્સીઓને ભારે દોડધામ થઈ પડી હતી. ધમકીભર્યો ઈ-મેઈલ મળ્યા બાદ કંડલા એરપોર્ટને ચારે તરફથી કોર્ડન કરી લઈને હાથ ધરેલી સઘન તપાસ બાદ કાંઇ ન નીકળતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો. વરસામેડી સ્થિત કંડલા એરપોર્ટ ઉપર રાબેતા મુજબ ગતિવિધિઓ ચાલી રહી હતી એ દરમ્યાન એરપોર્ટના ઈ-મેલ એડ્રેસ ઉપર એક અજ્ઞાત શખ્સનો મેલ આવ્યો હતો, જેમાં નમસ્કાર, એરપોર્ટની આસપાસ મૂકવામાં આવેલા બેકપેકમાં શક્તિશાળી વિસ્ફોટક ઉપકરણો છૂપાયેલા છે. તમારે તાત્કાલિક ઈમારતો ખાલી કરવી પડશે. તમારે ઉતાવળ કરવી પડશે, નહીંતર મોટી જાનહાની થશે એ પ્રકારનું લખાણ હતું. આ ઈ-મેલ વાંચીને પોલીસે બૉમ્બ ડીસ્પોસેબલ સ્ક્વોડ, ગંધ પારખું શ્વાન વગેરેને સાથે રાખીને સમગ્ર એરપોર્ટના ખૂણેખૂણાની સઘન તપાસ હાથ ધરી હતી, પરંતુ તપાસ દરમ્યાન કાંઇ ન નીકળતાં સૌએ રાહતનો દમ લીધો હતો.

# ગુજરાતમાં દરિયાકાંઠે 765 કિલોમીટર જમીનનું ધોવાણ ખારાશ વધી, આવું જ રહેશે તો નકશો-ભૂગોળ બદલાશે

## ગીર સોમનાથ, દ્વારકા, અમરેલી, પોરબંદર અને જામનગરના દરિયાકાંઠે ધોવાણ વધુ : રિપોર્ટ

**ગીર સોમનાથ**

ગીર સોમનાથ- દરિયો જાણે ગુજરાતને ગળી રહ્યો હોય તેવું ચિત્ર ઉપસ્યું છે કેમકે, દરિયાકાંઠાની જમીનનું રોજે રોજ ધોવાણ થઈ રહ્યું છે. સાથે સાથે જમીનમાં ખારાશનું પ્રમાણ વધ્યું છે. કેન્દ્રીય જળશક્તિ મંત્રાલયના એક રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, ગુજરાતના દરિયાકાંઠે 765 કીમી જમીનનું ધોવાણ થયું છે. આ પરથી સ્થિતિ કેટલી હદે ચિંતાજનક છે તેનો અંદાજ લગાવી શકાય તેમ છે. જાણકારોનું માનવું છે કે, જો આ જ પરિસ્થિતિ રહી તો, ગુજરાતના નકશો-ભૂગોળ બદલાઈ જશે તે



દિવસો હવે દૂર નથી.

ઔદ્યોગિક વિકાસની આંધળી દોટમાં દરિયાકાંઠાની જાળવણી ભૂલાઈ હોય તેમ લાગી રહ્યું છે. વધતાં ઔદ્યોગિકીકરણ અને ગેરકાયદેસર માઈનીંગ, વૃક્ષછેદન જેવી માનવસર્જીત પ્રવૃત્તિઓને લીધે દરિયાકાંઠે સ્થિતિ ચિંતાજનક બની છે. લોકસભામાં રજૂ થયેલા રિપોર્ટમાં એવા તારણો રજૂ થયા છે કે, ગુજરાતના દરિયાકાંઠાની જમીનમાં ખારાશનું પ્રમાણ ઘટે તે માટે એક કમિટીનું ગઠન કરાયું હતું જેના રિપોર્ટમાં એ વાતનો ખુલાસો થયો કે, સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના 534 ગામોમાં 7,00,120 હેક્ટર જમીન ખારાશને લીધે પ્રભાવિત થઈ હતી. બીજી તરફ, દરિયાકાંઠા વિસ્તારોમાં જમીનમાં ખારાશનું પ્રમાણ ઘટાડવા માટે કેન્દ્ર સરકારે મે-2025ના રોજ એક માર્ગદર્શિકા પણ જાહેર કરી છે.

# કોંગ્રેસ નેતા અને એક્ટર જયેશ ઠાકોર સામે પોક્સો હેઠળ ફરિયાદ

**રાજકોટ**

રાજકોટમાં ફિલ્મ નિર્માતા, એક્ટર કોંગ્રેસ નેતા જયેશ ઠાકોર સામે એક સગીરા સાથે દુષ્કર્મ આચરવાનો ગંભીર આરોપ છે. સમગ્ર મામલે સગીરાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, આરોપીએ સગીરાને ફિલ્મમાં રોલ આપવાનું કહીને અનેક વખત દુષ્કર્મ આચર્યુ હતુ. આરોપીએ સગીરાની માતાને બહેન બનાવી હતી. પોલીસ ફરિયાદ મુજબ, ફિલ્મ નિર્માતા અને અભિનેતા જયેશ ઠાકોરે સગીરાને મોડેલિંગ અને ફિલ્મમાં રોલ અપાવવાની લાલચ આપીને સ્ટુડિયો સહિત વિવિધ જગ્યાએ સગીરા સાથે લગભગ 20થી વધુ વખત દુષ્કર્મ આચર્યું હતું. જોકે, કોઈ રોલ ન આપી અને ફક્ત લાલચ આપી હોવાની સગીરાને જણાતા સમગ્ર મામલે પોલીસ ફરિયાદ કરી હતી.



## પરેશ રાવલની ફિલ્મમાં તાજમહેલમા ભગવાન શિવ દેખાડાતાં વિવાદ

મુંબઇ : પરેશ રાવલની ફિલ્મ 'ધી તાજ સ્ટોરી' રીલિઝ પહેલાં જ વિવાદમાં ફસાઇ ગઇ છે. આ ફિલ્મનાં ટીઝરમાં તાજમહેલના ગુંબજમાંથી ભગવાન શિવ પ્રગટ થતા હોય તેવું દર્શાવાયું છે. આ સમગ્ર બાબતે લોકોએ આકરો વિરોધ કર્યો છે. સોશિયલ મીડિયા પર લોકોએ ગુસ્સો વ્યક્ત કરતાં પરેશ રાવલ દ્વારા ખુલાસો પણ કરાયો હતો કે આ ફિલ્મમાં કોઇ ધાર્મિક બાબતનો સંદર્ભ નથી. આ ફિલ્મ સંપૂર્ણપણે ઐતિહાસિક તથ્ય આધારિત છે. તાજમહેલની અંદર શિવમંદિર મોજુદ હોવાના દાવા સાથે પણ આ ફિલ્મને કોઇ સંબંધ નથી તેવું આ ખુલાસામાં જણાવાયું છે.

સ્વદેશ



FRIDAY, 03 OCTOBER 2025


# 12,490 કરોડની નેટવર્થ સાથે શાહરૂખ ખાન પહેલીવાર બિલિયોનેર રિચ લિસ્ટમાં



મુંબઈ : બોલિવૂડના કિંગ ખાન 33 વર્ષ બાદ અબજોપતિની યાદીમાં સામેલ થયો છે. હુરૂન ઈન્ડિયા રીચ લિસ્ટ 2025 અનુસાર, ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં 33 વર્ષ બાદ શાહરૂખ ખાનની નેટવર્થ પ્રથમ વખત 1.4 અબજ ડોલર (રૂ. 12490 કરોડ) થઈ છે. આ સાથે તે દેશનો સૌથી ધનિક એક્ટર બન્યો છે. તેમજ વૈશ્વિક સ્તરે તેણે ટેલર સ્વિફ્ટ સહિત હોલિવૂડ સેલિબ્રિટીને પાછળ પાડ્યા છે. 1 ઓક્ટોબરના રોજ જાહેર થયેલી હુરૂન ઈન્ડિયા રીચ લિસ્ટ 2025 અનુસાર, બોલિવૂડનો બાદશાહ શાહરૂખ ખાન (ઉ.વ. 59) રૂ. 12490 કરોડની નેટવર્થ સાથે પ્રથમ વખત અબજોપતિની યાદીમાં સામેલ થયો છે. તેણે નેટવર્થ મામલે ટેલર સ્વિફ્ટ (1.3 અબજ ડોલર), આર્નોલ્ડ શ્વાર્ઝેનેગર ($1.2 બિલિયન), જેરી સીનફેલ્ડ ($1.2 બિલિયન) અને સેલેના ગોમેઝ ($720 મિલિયન) સહિત અનેક આંતરરાષ્ટ્રીય હસ્તીઓને પાછળ પાડ્યા છે.

શાહરૂખ ખાન 3 દાયકાથી હિન્દી સિનેમામાં અભૂતપૂર્વ યોગદાન આપી રહ્યો છે. તે રેડ ચીલ્લી પ્રોડક્શન હાઉસ અને વીએફએક્સ સ્ટુડિયામાં રોકાણ ધરાવે છે. તદુપરાંત વિશ્વભરમાં વિવિધ ક્રિકેટ ટીમ અને મધ્ય-પૂર્વમાં રિયાલ્ટી રોકાણ ધરાવે છે.

શાહરૂખ ખાન ઘણા વર્ષોથી બોલિવૂડનો ધનિક અભિનેતા હતો. પરંતુ હુરૂનની બિલિયોનેરની યાદીમાં સામેલ થયો છે. આ વર્ષે તેની નેટવર્થમાં મબલક ઉછાળો જોવા મળ્યો છે. તેની બિઝનેસ પાર્ટનર જુહી ચાવલા બોલિવૂડની સૌથી ધનિક અભિનેત્રી છે. તે ધનિક એક્ટર્સની યાદીમાં બીજી ટોચની અબજોપતિ છે. તેની નેટવર્થ 7790 કરોડ રૂપિયા છે. જ્યારે ઋતિક રોશન રૂ. 2160 કરોડ સાથે ત્રીજા ક્રમે છે. ગતવર્ષે પણ શાહરૂખ ખાન 87 કરોડ ડોલર સાથે ટોચનો ધનિક અભિનેતા હતો. પરંતુ આ વખતે તેની નેટવર્થ 1.4 અબજ ડોલર નોંધાવા સાથે તે અબજોપતિ બન્યો છે.



**જુહી ચાવલા બની ટોચની ધનિક અભિનેત્રી**

# સિંગર ઝુબીન ગર્ગ કેસમાં મેનેજર સિદ્ધાર્થ શર્મા અને ફેસ્ટિવલ આયોજકની ધરપકડ



સિંગર ઝુબીન ગર્ગ કેસમાં મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ઝુબીન ગર્ગના મૃત્યુ મામલે તેના મેનેજર સિદ્ધાર્થ શર્મા અને નોર્થ ઈસ્ટ ઈન્ડિયા ફેસ્ટિવલ (NEIF) ના ચીફ ઓર્ગેનાઈઝર શ્યામકાનુ મહંતની દિલ્હીમાં ધરપકડ કરવામાં આવી છે. ધરપકડ બાદ બંનેને ગુવાહાટી લઈ જવામાં આવ્યા છે. પોલીસે આ મામલે જણાવ્યું કે, ઝુબીન ગર્ગના મેનેજર અને ફેસ્ટિવલ ઓર્ગેનાઈઝરની પૂછપરછ કરવામાં આવી રહી છે. સિંગાપોરથી નવી દિલ્હીના ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર પહોંચતા જ મહંતની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે સિદ્ધાર્થ શર્માની ગુરુગ્રામના એક એપાર્ટમેન્ટમાંથી ધરપકડ કરવામાં આવી છે. આસામ સરકારે 19 સપ્ટેમ્બરના રોજ સિંગાપોરમાં ડૂબી જવાથી સિંગરના મોત બાદ મૃત્યુની તપાસ માટે સ્પેશિયલ ડિરેક્ટર જનરલ ઓફ પોલીસ એમપી ગુપ્તાના નેતૃત્વમાં 10 સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) ની રચના કરી હતી. SITએ મહંત, શર્મા અને સિંગાપોર આસામ એસોસિએશનના સભ્યો અને મહોત્સવ માટે સિંગાપોર ગયેલા લોકો સહિત અનેક લોકોને હાજર રહીને પોતાના નિવેદનો નોંધાવવા માટે નોટિસ ફટકારી હતી. મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ અગાઉ કહ્યું હતું કે, શ્યામકાનુ મહંત અને સિદ્ધાર્થ શર્મા વિરુદ્ધ ઈન્ટરપોલ દ્વારા લુકઆઉટ નોટિસ જારી કરવામાં આવી હતી, જેમાં તેમને 6 ઓક્ટોબર સુધીમાં CID સમક્ષ હાજર થવાનું કહેવામાં આવ્યું છે. તમને જણાવી દઈએ કે, 19 સપ્ટેમ્બરના રોજ સિંગાપોરમાં લોકપ્રિય સિંગર ઝુબીન ગર્ગનું નિધન થયું હતું. તેઓ વોટર સ્પોર્ટ્સ એક્ટિવિટી માટે યાટ પર ગયા હતા, જ્યાં તેઓ લાઈફ જેકેટ વિના સ્કુબા ડાઈવિંગ કરવા ગયા હતા અને આ દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
Mechanical Engineer (Ahmedabad, India)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.niraj-pancholi.c21.ca
Multiple Awards Winner Since 2011
Selling Businesses, Commercial & Residential Properties Since 2011
Visit my website for NEW & UPDATED Exclusive & MLS listings



MOTEL KING: Specializing in Selling Motels with Proven Records of Many SOLD Motels
SOLD OVER 50 Hotels & Motels in ON. TOP 75 Producers & Centurion Producer Awards Winner

36 Room EconoLodge by Choice Hotels in Huntsville - $4.2M
Built by the current owener 20 years ago
Well maintained Rooms – No PIP

• 54 Room RESORT in Gananoque (1000 Islands) – Asking $3.2M (Seasonal Operation)
7 Acres Land, Indoor / Outdoor Pool, Restaurant, Bar, Party Room – Option to operate year round

• 54 Room HOTEL in Gananoque (1000 Islands) – Asking $5.5M (Year Round Operation)
Renovated and Upgraded Room, Outdoor Pool, Restaurant and Bar

17 Room Motel in Huntsville - $2.5M
Renovated and Upgraded Room
Located in downtown, everything is close by

• 78 Room HOTEL Ramada By Wyndham Hotels – Asking $6.9M - SOLD

• 43 Room Motel + Restaurant 241 Pizza with Building in Cochrane – $4.5M
• 40 Room Motel only (without Restaurant Building & 3 Motel Rooms) - $3.8M
• Only Restaurant 241 Pizza Builing with 3 Motel Room - $900K
Both businesses are money making, both are Absentee Owner – ideal for owner operator
(Buyers option – to buy entire property OR just Motel OR just Restaurant & Building)

21 Room Motel in Gravenhusrt - $1.7M
100% occupancy by longterm customers
living for many years – Selling AS IS – Buyer
to assume all customers on closing

12 Room Motel in Blind River - $1,050,000
With 3 BR living quarter, Access land
Indoor corridor, One Man Opearation

17 Room Motel near Chatham - $1.7M
With 2 BR fully renovated house, One Man
Opertion and operating costs are under $40K

Motel Jobs AND Working Partner (min 200K to invest) opportunity – Northern Ontario
Front Desk, Housekeeping, General work
Must speak good English for front desk
**(must be on WP, PR or Citizen)**
Acomodation + Compititive Salary

15 Room Motel + 1BR Apt nr Sudbury - $1.2M
Indoor Corridor, Restaurant & Bar (closed)
Easy one man operation

10 Room Motel & Restaurant in Manitulin Island - $799,000
Nicely renovated, year round buniness

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office: 905-366-8100









### રશિયા, ચીન અને ભારતની નિકટતા વધતા ટ્રમ્પના નવા ઉધામા

# મ. એશિયાને દબાવવા બગરામ એરબેઝ પર ડોળો

**પ્રાસંગિક**
**ધવલ શુક્લ**

અફઘાનિસ્તાનમાં બે દાયકા સુધી તાલિબાનીઓ સામે જંગ છેડનાર અમેરિકાએ કોરોનાકાળમાં તેની સેના આફઘાનિસ્તાથી પરત બોલાવી લીધી હતી. હવે આ જ અમેરિકાને ફરી અફઘાનિસ્તાન યાદ આવ્યું છે. અમેરિકા હવે અફઘાનિસ્તાનનું બગરામ એરપોર્ટ બેઝ પાછું મેળવવાની વેતરણમાં છે. અમેરિકાને એકાએક અફઘાનિસ્તાનનું આ એરપોર્ટ પાછું લેવાની ઈચ્છા કેમ થઈ તે બાબત સૌએ સમજવા જેવી છે. ભૂતકાળમાં બાઈડેન અમેરિકન પ્રમુખ બન્યા, ત્યારબાદ તેના વલણમાં ફેરફાર આવ્યો હતો. બાઈડેને અફઘાનિસ્તાનમાંથી અમેરિકી સેનાને પાછી બોલાવી લીધી હતી. આ દરમિયાન કાબુલ પાસે આવેલા અને વિશેષ રીતે બનાવાયેલા બગરામ એરબેઝને પણ ખાલી કરીને અમેરિકન સૈનિકો પરત જતા રહ્યા હતા. અમેરિકાએ ૨૦૨૧માં અફઘાનિસ્તાનમાંથી પોતાના તંબુ આટોપી લીધા હતા. તેના ચાર વર્ષ બાદ હવે ડોનાલ્ડ ટ્રમ્પને બગરામ એરબેઝ જોઈએ છે. ટ્રમ્પનું કહેવું છે કે, અમેરિકાએ આ એરબેઝ ખાલી કરવા જેવું જ નહોતું. ટ્રમ્પના મતે રણનીતિક દ્રષ્ટીએ આ એરપોર્ટ અને એરબેઝ અમેરિકા માટે ખૂબ જ મહત્ત્વનું છે. સાઉથ એશિયામાં અમેરિકાના પગપેસારા અને દબાણ માટે આ એરબેઝ તેની પાસે હોવું જરૂરી છે. ટ્રમ્પ અત્યારે તો આ એરબેઝ લેવા માટે ધમપછાડા કરી રહ્યા છે પણ તાલિબાનો અને અફઘાનિસ્તાન તેમને દાદ આપી રહ્યા નથી.

તેનું એક કારણ એવું પણ છે કે, થોડા સમય પહેલાં તાલિબાનોએ અમેરિકાની મદદ માગી હતી. તે ઉપરાંત તેઓ ઈચ્છતા હતા કે, અમેરિકા હવે અફઘાનિસ્તાનમાં તાલિબાનોના શાસનને માન્યતા આપી દે. અમેરિકાએ ત્યારે તાલિબાનોની આ ડિમાન્ડ ફગાવી દીધી હતી. તેના કારણે તાલિબાનો પણ હવે ટ્રમ્પને સહકાર આપવાના મુડમાં નથી. અમેરિકા પાસે મધ્ય એશિયા અને દક્ષિણ એશિયામાં કોઈ મહત્વનું એરપોર્ટ કે એરબેઝ નથી. તેના કારણે જ તેણે પાકિસ્તાનને પોતાનું પાલતુ બનાવવાનો અને અફઘાનિસ્તાનને દબાવી કે દબડાવીને બગરામ એરબેઝ પાછું લઈ લેવાનો ખેલ શરૂ કરી દીધો છે.

અમેરિકાની ઈચ્છા કોઈપણ ભોગે પાકિસ્તાન અથવા અફઘાનિસ્તાનમાં પોતાનું એરબેઝ બનાવવાની છે. આ પગલા પાછળનો તેનો મુખ્ય હેતુ ચીન અને તેની સાથે સાથે ભારતને પણ ડરાવવાનો છે. આ મામલામાં પાકિસ્તાને પોતાના પત્તા ખોલ્યા નથી. ૨૦૦૧થી ૨૦૧૧ સુધી અમેરિકાએ પાકિસ્તાનના શમ્સી એરબેઝ અને શાહબાઝ એરબેઝ સહિત કેટલાક એરબેઝનો ઉપયોગ કર્યો હતો. તેણે ત્યાંથી વિવિધ સ્થળોએ હવાઈ હુમલા અને ડ્રોન હુમલા તથા લોજિસ્ટિક સપ્લાય તથા સપોર્ટ ઓપરેશન માટે કામગીરી કરી હતી. ૨૦૧૧માં ઓસામા બિન લાદેનની હત્યા બાદ પાકિસ્તાને અમેરિકાને શમ્સી એરબેઝને ખાલી કરવા સ્પષ્ટ કહી દીધું હતુ. જેને કારણે અમેરિકી સૈનિકોએ ત્યાંથી નિકળવું પડયું હતું. ત્યારબાદ પાકિસ્તાને પોતાના સાર્વભૌમત્વની વાત કરીને અમેરિકાના સૈન્યને હજી સુધી પાકિસ્તાનમાં જગ્યા આપી નથી. આવા સંજોગોમાં ટ્રમ્પની નીતિઓને કારણે ટેરિફવોર વકર્યું છે. છેલ્લાં કેટલાય સમયથી રશિયા, ચીન તથા ભારત સાથે હોવાની છાપ ઊભી થઈ છે. આ જ કારણે તેની વ્યાકુળતા વધી ગઈ છે. એટલે અમેરિકાએ પાકિસ્તાની સૈન્ય વડા મુનીરને લલચાવા પૈંતરા શરૂ કરી દીધા છે. જો પાકિસ્તાનમાં પણ અમેરિકાના સૈન્યને જગ્યા મળે તો આફઘાનિસ્તાનને સરળતાથી કાબૂમાં લેવાય તેમ છે. થોડા સમય પહેલાં જ ભારતે ઓપરેશન સિંદૂર હાથ ધરીને પોતાની ક્ષમતા બતાવી હતી. આ સાથે જ ભારતે એમ પણ સ્પષ્ટ કર્યું કે, તે કોઈપણ દબાણ સહન નહીં કરે. તેણે અમેરિકાને તાબે થવાની ના પાડી દીધી હતી. આ ઘટના પછી ટેરિફનીતિ કે ટ્રમ્પની ડેરી પ્રોડક્ટને ભારતમાં વેચવાની યોજનાને પણ દાદ અપાઈ નથી. તેના કારણે પણ અમેરિકાના પેટમાં તેલ રેડાયું છે.



ચીન બાદ ભારત પણ શક્તિ પ્રદર્શન કરી રહ્યું છે અને બંનેને રશિયાનો સાથ મળી રહ્યો છે. જેને કારણે અમેરિકાનું ટેન્શન વધ્યું છે. જાણકારોના મતે ટ્રમ્પ અને તેમનું તંત્ર બગરામ એરબેઝ પાછું લેવા માગે છે, તેનું કારણ એવું છે કે, તે ત્યાં સૈન્ય છાવણી ઊભી કરવાની ફિરાકમાં છે. ચીનની વધારે નજીક રહેવાની રણનીતિના ભાગરૂપે આ એરબેઝ સૌથી વધારે ફાયદાકારક છે. ખાસ કરીને ચીનના પરમાણુ હથિયાર સ્થળો ઘણા નજીક થઈ જાય છે. ચીન જે જગ્યાએ પોતાની પરમાણુ મિસાઈલ્સ બનાવે છે તે સ્થળ બગરામ એરબેઝથી માત્ર ૧ કલાકના અંતરે થઈ જાય છે. બીજી વાત એવી છે કે, બગરામમાં રહીને માત્ર ચીન નહીં, પણ સાથે સાથે ભારત અને ઈરાન ઉપર પણ નજર રાખવું સરળ થઈ જાય. આમ કરીને અમેરિકા કુટનીતિ સાથે ફરી મજબૂત બની જાય.

અમેરિકાના ફાઈટર જેટ્સ, વિમાનો, ડ્રોન, સર્વેલન્સ એરિયલ વ્હીકલ અને બીજું ઘણું ત્યાં સજ્જ રહેતું હતું. બગરામ એરબેઝને અમેરિકાએ ૭૭ વર્ગ કિ.મી.માં ફેલાવી દીધું હતું. તેના ઉપર નવા રનવે બનાવ્યા હતા. ત્યાં એર ટ્રાફિક કન્ટ્રોલ ટાવર હતો, નવા સંસાધનો હતા, મેડિકલ ફેસિલિટી અને હોસ્પિટલ હતા તથા હથિયારોનો મોટો જથ્થો ત્યાં રહેતો હતો. એટલું જ નહીં, અમેરિકાએ ઈરાનના ચાબહાર બંદર સાથે જોડાયેલી કામગીરીઓ ઉપર પ્રતિબંધ મુકવાનો નિર્ણય કર્યો છે. અમેરિકા જ્યારે આ પગલું ભરશે તેની સૌથી મોટી આર્થિક અસર ભારત ઉપર પડશે. ગત વર્ષે જ ભારતની કંપની ઈન્ડિયા પોર્ટ્સ ગ્લોબલ લિમિટેડને આ બંદરના સંચાલનની કામગીરી સોંપવામાં આવી હતી. અત્યાર સુધી અમેરિકાએ ચાબહારને વિશેષ છૂટ આપી હતી. પણ ૨૯થી તે તમામ છૂટછાટ પાછી ખેંચી લેવાનું છે. આ બંદર ઈરાનના સિસ્તાન-બલુચિસ્તાન પ્રાંતમાં આવેલું છે. તે પાકિસ્તાનના ગ્વાદર બંદરથી માત્ર ૧૦૦ માઈલ જ દૂર છે. ગ્વાદરને ચીન વિકસિત કરી રહ્યું છે. બીજી તરફ ઈરાનનું આ ચાબહાર બંદર એકમાત્ર બંદર છે જે સમુદ્ર સાથે જોડાયેલું છે.

અહીંયા આવવા માટે હોમુર્ઝ જલડમરુમાંથી પસાર થવું પડતું નથી અને તેથી મોટા જહાજો પણ સરળતાથી આવી શકે છે. ભારત માટે આ સૌથી નજીકનું વેપારી ઠેકાણું છે. તે ઉપરાંત તે ભારત માટે રણનીતિકની દ્રષ્ટિએ પણ ખૂબ અગત્યનું છે. ચાબહાર બંદર આમ તો મુંબઈથી ૧૪૦૦ કિ.મી. અને ગુજરાતના કંડલાથી ૧૦૦૦ કિ.મી. જ દૂર છે. ભારત માટે તો તેના પોતાના દરિયા કિનારાના અંતર જેટલા જ અંતરે આવેલું નવું આંતર રાષ્ટ્રીય બંદર છે. ચાબહારથી અફઘાનિસ્તાન માત્ર ૬૦૦ કિ.મી. દૂર છે. ભારતે ત્યાં રોડ-રસ્તા અને હાઈવે પણ બનાવ્યા છે. તેના દ્વારા માલની સરળતાથી હેરફેર કરી શકાય છે. આ જ રસ્તા ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્ટાન અને કઝાખસ્તાનને જોડે છે. આ દેશો પાસે કોઈ મોટા રોડ કે રસ્તા નથી અને પોર્ટ નથી કે તેઓ માલસામાન બીજે પહોંચાડે. તેથી ચાબહારના હાઈવે થકી જ આ દેશો પણ કપાસ, ક્રૂડ અને ગેસ જેવા સપ્લાય કરી શકે છે.

અમેરિકા હવે આડોડાઈ કરીને ઈરાન, ભારત, અફઘાનિસ્તાનને દબાવવા માગે છે. તે ભારત થકી અફઘાનિસ્તાનમાં જતા ઘઉ, દવાઓ અને અન્ય જરૂરી વસ્તુઓના સપ્લાયને ખોરવવા માગે છે. ભારતને નબળું પાડશે તો ચીન અને રશિયાનો પ્રભાવ વધશે. તેનાથી પણ ભારતને નુકસાન થશે. આ કારણેસર જ અમેરિકાએ તેના ઉપર પ્રતિબંધ મુકીને ભારતને ભીંસમાં લેવાની નીતિ અમલમાં મુકી દીધી છે.

**બગરામને પાછુ આપવા તાલિબાને ધરાર ના પાડી દીધી છે. બીજી તરફ પાકિસ્તાને તેને ત્યાં જગ્યા આપવા મુદ્દે કોઈ ફોડ ન પાડતા અમેરિકા ખુદ મુંઝવણમાં મુકાયું છે એટલે જ તેણે ચાબહાર ઉપર પણ પ્રતિબંધો મુકીને ભારતને ભીંસમાં લેવા પ્રયાસ કર્યો છે**


INDIA TOWN FOODS & SPICES LTD.
Indian, Pakistani, Srilankan, Bangladeshi & Canadian Groceries
DIWALI SALE
SALE START 30, SEPTEMBER - 2025 TO 26 OCTOBER - 2025
MORE ITEMS IN STORE SPECIAL
641, MARKHAM ROAD, SCARBOROUGH, ONTARIO, M1H 2A4
Phone or Fax : 416-438-1013
Lawrence Rd
India Town
Ellesmere Rd
Markham Rd
401
N
PHOOL MAKHANA (200 GM) 3 PACK/FOR $10 REG $ 7.99
KIRTIRAJ MATHIYA, CHORAFALI $1.49/ EACH
CASHEW WHOLE (JAMBO SIZE) $4.99 / LB
INDIAN SUGAR $7.99/EACH 10LB REG $10.99
SAT – ISABGUL (200GM) 2 PACK/FOR$10 REG $ 8.99
REENA'S ICE CREAM $4.99/EACH
ALMOND JAMBO SIZE $ 4.99/LB REG $6.99
CARDAMON SEEDS (ILAYCHI DANA) $14.99/340 GM REG $29.00
INDIA TOWN BASMATI RICE (SELLA) $5.99/10LB REG $12.99
SURATI SHRIKHAND $4.99/EACH
LIJJAT PAPAD 2 PACK/FOR $1
GULAB MUSTARD OIL 1LT $4.99/EACH 1LT
MAGGI MASALA NOODLES (560GM) 3 PACK/FOR $6 UNIT COST $0.25/EACH
INDIA TOWN – BESAN (4LB) $3.99/4LB REG $5.99
ANGUR TOORDAL – 40 LB $39.99/ 40LB WITH GROCERY
GULAB PENAUT OIL 1LT $5.99/EACH 1LT
SURTI TOORLILYA/ PAPAD LILYA $1.99/EACH REG $3.29
TOORDAL OILY $9.99/10LB REG $16.99
GREEN CARDAMON $15.99/ 400 GM
SUN BRAND SAFFRON (1GM x 12PCS) $30.00/PACK REG $48.00
KOLAPURI JAGGERY (ગોળ) $ 2.99/EACH- 2KG
SURATI KOLAM RICE (20LB) $14.99/20LB REG $ 30
ANKUR PEANUT OIL $9.99/ EACH 2LT REG $14.99
SAVERA RASMALAI $6.99/ EACH REG $10.00
HALDIRAM SAMOSA $2.99/ PACK
GREEN CARDAMOM JAMBO SIZE $12.99 /340 GM REG $ 25
WALNUT $5.99/LB REG $7.99
CHANA DAL (10LB) $7.99/BAG – 10LB REG $14.99
PRAMUKHRAJ MATHIYA $0.99/EACH
GITS INSTANT MIX $0.99/EACH SELECTED
GOLDEN RAISINS 400GM 2 PACK/FOR $5 REG $3.99/EACH
CARDAMON POWDER (340 GM) $14.99/340 GM REG $ 20
DEEP MATHIYA, CHORAFALI $1.15/ EACH
GAJANAND INSTANT MIX 2 PACK/FOR $1
GREEN RAISINS 400GM 2 PACK/FOR $5 REG $3.99/EACH
SURATI MOHANTHAL/ GHUGHRA $3.99/PACK
ALL ITEM SUBJECT TO AVAILABLE. NO RAIN CHECK, NOT RESPONSIBLE FOR ANY TYPOGRAPHICAL ERROR. NO EXCHANGE NO RETURN
વધુ વિગતો માટે મુલાકાત લો :
WWW.FACEBOOK.COM / INDIATOWNFOODANDSPICES

# DSNDP દ્વારા આયોજિત કાર્યક્રમમાં ઓન્ટેરિયોના નાગરિકોએ ભાગ લીધો

## બે કલાક સુધી સફાઈ અભિયાન આદરી ૧૬૫ પાઉન્ડ કચરો દૂર કરાયો









**ઓન્ટેરિયો**

મેકનાબ પાર્ક ખાતે સ્વચ્છતા અભિયાનમાં વૈશ્વિક બિન-લાભકારી DSNDPસ્વયંસેવકો ભાગ લે છે. ૨૮ સપ્ટેમ્બર ૨૦૨૫ના રોજ ઓન્ટેરિયોના રહેવાસીઓએ ઓટ્ટાવા શહેર સાથે મળીને ડો. નાનાસાહેબ ધર્માધિકારી પ્રતિષ્ઠાન (DSNDP)દ્વારા મેકનાબ પાર્ક, ૪૩૫ બ્રોન્સન એવન્યુ, ઓટ્ટાવા, K1R 6J6 ખાતે આયોજિત એડોપ્ટ-એ-પાર્ક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. વર્ષના આ અંતિમ સ્વચ્છતા કાર્યક્રમ દરમિયાન, ૧૨ સ્વયંસેવકોએ બપોરે ૨:૩૦થી ૪:૩૦ વાગ્યા સુધી ESTસુધી પોતાનો સમય સમર્પિત કર્યો હતો. આ સાથે જ ૧૧ થેલી કચરો એકઠો કર્યો અને કુલ ૧૬૫ પાઉન્ડ કચરો દૂર કર્યો હતો. ડો. અપ્પાસાહેબ ધર્માધિકારી અને ડો. સચિનદાદા ધર્માધિકારીના માર્ગદર્શન મુજબ યોજાયેલા આ કાર્યક્રમે સમુદાયોને પ્રોત્સાહન આપવાનું કામ કર્યું હતુ. આ એડોપ્ટ-એ-પાર્ક અને એડોપ્ટ-એ-રોડ કાર્યક્રમો DSNDPના વિશ્વવ્યાપી સ્વચ્છતા અભિયાન પહેલનો એક ભાગ છે, જે 10 કેનેડિયન શહેરોમાં વિસ્તર્યું છે, 799 સ્વયંસેવકોને રોક્યા છે, જેમણે 1,566 કલાકથી વધુ સેવા આપી છે. આ પહેલના પરિણામે આશરે 21,720 પાઉન્ડ કચરો દૂર થયો અને કેનેડિયન સરકાર માટે નોંધપાત્ર ખર્ચ બચાવ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં, સંસ્થાએ સમગ્ર કેનેડામાં એડોપ્ટ-એ-પાર્ક, એડોપ્ટ-એ-રોડ, એડોપ્ટ-એ-હાઈવે અને વૃક્ષારોપણ પ્રોજેક્ટ્સ જેવી અનેક પહેલોનું નેતૃત્વ કર્યું છે.




# મોન્ટ્રીયલમાં વિકસિત ભારત અંતર્ગત કાર્યક્રમ : અનેક સંસ્થાઓ સહભાગી બની

## હાઈ કમિશનર પૂનમ પટનાયકે મંદિરમાં પુજા કરી સર્વેના કલ્યાણ માટે પ્રાર્થના કરી








મોન્ટ્રીયલ : મોન્ટ્રીયલમાં મેયર અને અન્ય ઘણા નેતાઓની હાજરીમાં વિકસિત ભારત કાર્યક્રમની ઉજવણી કરાઈ હતી. જેમાં ઘણા ટોચના સમુદાય સંગઠનો, મંદિરો, લગભગ બસો લોકો સહભાગી થયા હતા. મુખ્ય આયોજકોમાં હિન્દુ શીખ યુનિટી ફોરમ, ભારત ભવન ફાઉન્ડેશન, ક્યુબેકનું હિન્દુ મંદિર અને શ્રી રામજી મંદિર અને અન્ય ઘણી સંસ્થાઓ હતી. ભારતના ઉચ્ચાયુક્ત કાર્યાલય, પ્રતિનિધિ આરતીજી પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા. જેઓએ કહ્યું હતુ કે, મોન્ટ્રીયલ ક્યુબેક રાજ્યમાં હું છેલ્લા આડત્રીસ વર્ષથી રહું છું, અને મારી પ્રિય માતૃભૂમિ ભારત માટે અને સનાતન ધર્મ માટે કામ કરું છું. કેનેડામાં ભારતના હાઈ કમિશનર અને પૂનમ પટનાયકે મોન્ટ્રીયલની તેમની પ્રથમ મુલાકાત દરમિયાન શ્રી રામજી માંધાતા મંદિર અને ગુરુદ્વારા શ્રી ગુરુ રવિદાસ મંદિર ગુરબાની સાગરમાં પૂજા કરી હતી. હાઈ કમિશનરની નવી જવાબદારીઓની શરૂઆત તરીકે, તેઓએ શક્તિ, શાણપણ અને બધાના કલ્યાણ માટે પ્રાર્થના કરી હતી.

# ટેરિફનું સંકટ ટળે તો કેનેડાનું અર્થતંત્ર 2026માં ફરી ઉછળી શકે

## 2025માં 1.3 ટકા GDP રહેવાની સંભાવના સાથે અર્થતંત્ર મંદીમાં ફસાવવાના સંજોગો નહિવત્ : અહેવાલમાં સ્પષ્ટતા

**ટોરોન્ટો**

ડેલોઈટના એક રિપોર્ટમાં જણાવાયું છે કે, કેનેડાનું અર્થતંત્ર 2026માં ફરી ઉછળી શકે છે, પરંતુ એક મુશ્કેલી છે. જે મુજબ દેશે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફમાંથી મુખ્ય મુક્તિ જાળવી રાખવી જોઈએ.

ડેલોઈટ કેનેડાના મુખ્ય અર્થશાસ્ત્રી ડોન ડેઝાર્ડિન્સે જણાવ્યું હતું કે, પાનખર 2025ના આર્થિક દ્દષ્ટિકોણમાં જણાવાયું છે કે, કેનેડા 2025માં 1.3 ટકાનો GDP રેકોર્ડ કરશે અને 2026માં 1.7 ટકા સુધી વધશે. સૌથી મોટી વાત એ છે કે, હવે અર્થતંત્ર મંદીમાં ફસાય તેવી અપેક્ષા રાખતા નથી. તેનો અર્થ એ નથી કે, આપણે ખૂબ ધીમા વિકાસના સમયગાળામાંથી પસાર થઈ રહ્યા નથી. અમને હજુ પણ લાગે છે કે 2025ના ઉત્તરાર્ધમાં અર્થતંત્ર સંઘર્ષ કરશે. ડેઝાર્ડિન્સે કહ્યું કે, હાલમાં કેનેડાની મોટાભાગની નિકાસ કેનેડા-યુએસ-મેક્સિકો વેપાર કરાર (CUSMA)નું પાલન કરે છે, ત્યાં સુધી ટ્રમ્પના ટેરિફમાંથી મુક્ત છે. અર્થશાસ્ત્રીઓ માને છે કે, તે મુક્તિઓએ કેનેડાને વેપાર યુદ્ધની સૌથી ખરાબ અસરો સામે રક્ષણ આપ્યું છે.

અહેવાલમાં કહેવામાં આવ્યું છે કે, CUSMA મુક્તિઓનો અર્થ એ થયો કે, કેનેડાની યુએસમાં થતી નિકાસના 95 ટકા નિકાસ શૂન્ય અથવા ખૂબ જ ઓછા ટેરિફનો સામનો કરે છે. અર્થશાસ્ત્રીઓ મંદીને દેશના GDPના સતત બે ક્વાર્ટરમાં ઘટાડા તરીકે વ્યાખ્યાયિત કરે છે. કેનેડાનું અર્થતંત્ર 2026ના બીજા ક્વાર્ટરમાં એપ્રિલ, મે અને જૂન- “નીચા સ્તરે” પહોંચ્યું હતું, પરંતુ તકનીકી મંદી ટાળશે. ડેલોઈટ રિપોર્ટમાં જણાવાયું છે કે, આ વર્ષે વૃદ્ધિ નબળી રહેશે. કારણ કે, 2026માં સારી સંભાવનાઓ માટે પાયો નાખવામાં આવ્યો છે. કેનેડાનો બેરોજગારી દર, જે ઓગસ્ટમાં 7.1 ટકાના ઉચ્ચ સ્તરે પહોંચ્યો હતો, તે “ઘણો ઊંચો જવાની શક્યતા નથી. જોકે, તેમાં ઉમેર્યું હતું કે કેનેડિયન સ્ટીલ, એલ્યુમિનિયમ અને ઓટોમોબાઈલ્સ પર ક્ષેત્ર-વિશિષ્ટ ટેરિફ “ઉત્પાદન ઉદ્યોગોને અસર કરવાનું ચાલુ રાખશે.”

ડેલોઈટની આગાહીમાં “હાઉસિંગ માર્કેટમાં ખૂબ જ ધીમે ધીમે રિકવરી”ની પણ હાકલ કરવામાં આવી છે. ધીમા વર્ષ પછી, ખરીદદારો બહાર બેઠા હોવાથી, 2026માં હાઉસિંગ માટે ઘણી બધી માંગ રહેવાની શક્યતા છે.

# વિન્ડસરમાં દરોડા દરમિયાન પોલીસને 48 બંદૂકો, 17,000 રાઉન્ડ દારૂગોળો મળ્યો

**વિન્ડસર**

આ વર્ષની શરૂઆતમાં દરોડા દરમિયાન પોલીસે 48 હથિયારો અને આશરે 17,000 રાઉન્ડ દારૂગોળો મળી આવ્યા બાદ વિન્ડસર, ઓન્ટેરિયોના એક વ્યક્તિ પર અનેક હથિયારો રાખવાના આરોપો છે. કેનેડિયન બોર્ડર સર્વિસીસ એજન્સી (CBSA) એ સોમવારે જણાવ્યું હતું કે, મે અને જૂનમાં, વિન્ડસર, ટોરોન્ટો અને મોન્ટ્રીયલમાં તેના એજન્ટોએ હથિયારોના ભાગો અને હથિયારો બનાવવા માટેના સાધનો ધરાવતા ચાર પાર્સલ અટકાવ્યા હતા. CBSAએ જણાવ્યું હતું કે, આ પેકેજો યુનાઈટેડ સ્ટેટ્સથી આયાત કરવામાં આવી રહ્યા હતા અને તે બધા વિન્ડસરના સરનામે મોકલવામાં આવી રહ્યા હતા, એમ CBSA એ ઉમેર્યું હતું, તેની ઓન્ટેરિયો ફાયરઆર્મ્સ સ્મગલિંગ એન્ફોર્સમેન્ટ ટીમે તપાસ શરૂ કરી હતી. 17 જુલાઈના રોજ, વિન્ડસર પોલીસ અધિકારીઓએ એક સરનામે સર્ચ વોરંટ ચલાવ્યું અને 48 હથિયારો, 30 પ્રતિબંધિત રૂપાંતર ઉપકરણો, લગભગ 17,000 રાઉન્ડ દારૂગોળો અને 175 મેગેઝિન જપ્ત કર્યા હોવાના અહેવાલ છે. જેમાંથી 104 પ્રતિબંધિત હતા, જેમાં ચાર 50 રાઉન્ડ ડ્રમ મેગેઝિનનો સમાવેશ થાય છે. વિન્ડસરના એક 30 વર્ષીય વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હતી અને તેના પર અનેક ગુનાઓનો આરોપ મૂકવામાં આવ્યો હતો, જેમાં બંદૂક બનાવવાનો પ્રયાસ કરવાનો એક ગુના, લાઈસન્સ વિના પ્રતિબંધિત ઉપકરણ રાખવાના બે ગુના અને લાયસન્સમાં દર્શાવેલ જગ્યાએ બંદૂક રાખવાના ત્રણ ગુનાનો સમાવેશ થાય છે.


શાંત-સલામત ગુજરાતની વાસ્તવિકતા

# રાજ્યમાં 1 વર્ષમાં 9000 આત્મહત્યા, 900થી વધુની હત્યા

## બીમારીને કારણે દરરોજ સરેરાશ પાંચ વ્યક્તિની આત્મહત્યા, આત્મહત્યા કરનારામાં 6260 પુરુષો, 2685 મહિલાઓ

ગુજરાતમાં દરરોજ સરેરાશ 25 લોકો આત્મહત્યા કરીને જીવન ટૂંકાવે છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના અહેવાલ પ્રમાણે આત્મહત્યા માટે બીમારી સૌથી મોટું જવાબદાર પરિબળ છે. બીમારીને કારણે દરરોજ સરેરાશ પાંચ વ્યક્તિ આત્મહત્યા કરે છે. બીજી તરફ હત્યાના 30 ટકા જેટલા કેસમાં સામાન્ય બોલાચાલી જવાબદાર હોવાનું સામે આવ્યું છે. 2025નું વર્ષ પૂરું થવામાં હવે 3 મહિના બાકી છે ત્યારે છેક નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા વર્ષ 2023માં ગુજરાતમાં ગુનાખોરી-આત્મહત્યાના કેસનું ચિત્ર રજૂ કરવામાં આવ્યું છે.

આ અહેવાલ પ્રમાણે આત્મહત્યા કરનારામાં 6260 પુરુષ, 2685 મહિલા જ્યારે 3 ટ્રાન્સજેન્ડરનો સમાવેશ થાય છે. ગરીબીને કારણે 67, બેરોજગારીને કારણે 207 લોકોએ પોતાનું જીવન




ટૂંકાવ્યું છે. પ્રેમ પ્રકરણને કારણે 409 પુરુષ-269 મહિલા-બે ટ્રાન્સજેન્ડર્સ એમ કુલ 680 દ્વારા આત્મહત્યા કરવામાં આવી છે. બીમારીમાં કેન્સરને કારણે 117 લોકોએ પોતાનું જીવન ટૂંકાવેલું છે.

લગ્નેતર સંબંધ, લગ્ન નહીં થવાને કારણે પણ આત્મહત્યા કરનારાના પ્રમાણમાં વધારો થયેલો છે. આ અંગે મનોચિકિત્સકોના મતે છેલ્લા કેટલાક વર્ષોથી નાની-નાની બાબતોમાં આ પ્રકારે અવિચારી પગલાં ભરનારાના પ્રમાણમાં વધારો થયો છે. પ્રત્યેક વ્યક્તિએ નાની સમસ્યા હોય તો પણ તેની પરિવારના સદસ્ય કે અંગત મિત્ર સાથે ચર્ચા કરવી જોઈએ. દરેક સમસ્યાનો એક ઉકેલ હોય જ છે, તે ભૂલવું જોઈએ નહીં. છેલ્લા 3 વર્ષમાં ગુજરાતમાં હત્યાના 968 કેસ નોંધાયા છે. હત્યાના 30 ટકા કેસમાં સામાન્ય બોલાચાલી જવાબદાર હોવાનું સામે આવ્યું છે. હત્યાના કુલ 68 કેસમાં ગુનેગારોની ઉંમર 18થી ઓછું હોવાનું સામે આવ્યું છે.

# નવા તાલુકાની માંગ તેજ : ભાજપ અને કોંગ્રેસ, આપના નેતાઓ એક મંચ પર

**જૂનાગઢ**

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પહેલા વહીવટમાં સરળતા લાવવા માટે બુધવારે કેબિનેટની બેઠકમાં રાજ્યમાં 17 નવા તાલુકા બનાવવાનો નિર્ણય લીધો હતો. આથી બનાસકાંઠામાંથી નવો વાવ-થરાદ જિલ્લો તેમજ હાલના રાજ્યના 21 તાલુકામાંથી નવા 17 તાલુકાની રચના કરવાની દરખાસ્તને સર્વાનુમતે મંજૂરી આપી દેવામાં આવી હતી. આ સાથે રાજ્યમાં તાલુકાઓની સંખ્યા વધીને 265 થઈ ગયા છે. પરંતુ તેમ છતાં રાજ્યના ઘણા વિસ્તારોમાં તાલુકા બનાવવાની માંગ કરવામાં આવી હતી.

મળતી વિગતો અનુસાર, જૂનાગઢ જિલ્લામાં પણ નવો તાલુકો બનાવવાની માંગ ઉઠી છે. હાલ વિસાવદર તાલુકાના બિલખાને તાલુકો બનાવવાની માંગ ઉઠી છે. આ મુદ્દે સ્થાનિકો તેમજ તમામ પાર્ટીના લોકો એક મંચ પર આવ્યા છે. ગત સાંજે ભાજપના જીલ્લા પંચાયતના સભ્ય, સરપંચના પતિ, પૂર્વ સરપંચ, ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના અગ્રણી બીલખાના ગ્રામજનો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. આ દરમિયાન તાલુકાની માંગ માટેના આંદોલનની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સ્થાનિક આગેવાનોએ જણાવ્યું હતું કે, બિલખાને તાલુકો બનાવવા માટે સહી ઝુંબેશ શરૂ કરી દેવામાં આવી હતી.

# અમદાવાદ-સુરતના 8 ગરબા આયોજકોને ત્યાં તપાસ, બ્લેકમાં ટિકિટ વેચતા હોવાની ફરિયાદ

## વેચાણમાં મોટાપાયે ગેરરીતિઓ અને શંકાસ્પદ કરચોરીના આરોપો બાદ તપાસ

**અમદાવાદ**

નવરાત્રિના પાવન પર્વ દરમિયાન ગુજરાતના મોટા શહેરો અમદાવાદ, સુરત અને ગાંધીનગરમાં 8 અગ્રણી ગરબા આયોજકો પર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) વિભાગે સોમવારથી(30 સપ્ટેમ્બર) તપાસ હાથ ધરી છે. જીએસટીની 10 ટીમો દ્વારા મોટા ગરબા આયોજકોને ત્યાં તપાસ હાથ ધરવામાં આવતા આયોજકોમાં ભારે ફફડાટ ફેલાયો છે. સુરતમાં લોકપ્રિય સ્થળો રંગ મોરલા, સુવર્ણ નગરી અને સ્વર્ણિમ નગરી સહિત આઠ સ્થળોએ એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આદિત્ય ગઢવી, જિગ્રદાન ગઢવી અને પૂર્વ મંત્રી જેવા સ્ટાર કલાકારોના દર્શાવતા કાર્યક્રમો તપાસ હેઠળ હતા. આ કાર્યવાહી મુખ્યત્વે બ્લેકમાં વેચાતા પાસને લઈને કરવામાં આવી છે. નક્કી કરેલા ભાવે વેચવાના પાસ, કાળાબજારમાં કથિત રીતે ઊંચા દરે વહેંચવામાં આવી રહ્યા હોવાની ફરિયાદો બહાર આવ્યા બાદ તપાસ હાથ ધરાઈ હતી. એક અધિકારીના જણાવ્યા અનુસાર, ઘણા પાસ જાહેર કરાયેલી કિંમત કરતાં બમણા કે ત્રણ ગણા ભાવે વેચાઈ રહ્યા હતા. વિભાગ તપાસ કરી રહ્યું છે કે શું મહેસૂલ ઘોષણાઓમાં ફેરફાર કરીને કલેક્શન ઓછું બતાવવામાં આવ્યું હતું. જીએસટી વિભાગે આયોજકો પાસેથી પાસના વેચાણ, આવક અને ખર્ચનો સંપૂર્ણ હિસાબ માગ્યો છે. આ દરોડામાં 10થી વધુ અધિકારીઓની ટીમો સામેલ હતી, જેણે ગરબા આયોજનના વિવિધ પાસાઓની ઝીણવટભરી તપાસ કરી હતી.

# ટ્રમ્પનો આદેશ અભરાઈએ : USની કંપની સાણંદમાં 3300 કરોડનો ચિપ પ્લાન્ટ નાંખશે

## નવા ગ્રાહકોને ભારતીય એસેમ્બલી અને ટેસ્ટિંગના લાભો લેવાની તક પૂરી પાડશે

**અમદાવાદ**

ટ્રમ્પે વિદેશી વસ્તુઓ પર ટેરિફ લગાવવાની જાહેરાત કરી હતી. અમેરિકાની કંપનીએ ટ્રમ્પના આદેશને ઘોળીને પી ગઈ હતી. કેલિફોર્નિયા સ્થિત ટેક્નોલોજી ફર્મ USTએ ભારતીય સેમિકન્ડક્ટર ઉત્પાદક કેયનેસ સેમીકોન સાથે સંયુક્ત સાહસની જાહેરાત કરી હતી. આ ભાગીદારી અંતર્ગત ગુજરાતના સાણંદ ખાતે 3,330 કરોડના ખર્ચે આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ સુવિધા સ્થાપવામાં આવશે.

કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ રોકાણ ઇલેક્ટ્રોનિક્સ, ઇલેક્ટ્રિક વાહનો (EVs), રિન્યુએબલ એનર્જી અને કન્ઝ્યુમર ટેક્નોલોજી જેવા ક્ષેત્રોમાં નવીનતા લાવવા માટે UST અને કેયનેસ સેમીકોન વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવશે. આ પગલું ભારતને વૈશ્વિક સેમિકન્ડક્ટર હબ બનાવવાની કેન્દ્ર સરકારની પહેલને પણ સમર્થન આપશે. કંપનીના જણાવ્યા મુજબ, UST ની વૈશ્વિક હાજરી અને વર્તમાન સેમિકન્ડક્ટર ગ્રાહકોનો આધાર કેયનેસ સેમીકોન માટે એક મૂલ્યવાન ભાગીદાર બનાવે છે, જે નવા ગ્રાહકોને ભારતીય એસેમ્બલી અને ટેસ્ટિંગના લાભો લેવાની તક પૂરી પાડશે. વર્ષ 2008માં સ્થપાયેલી કેયનેસ સેમીકોન એ કેયનેસ ટેકનોલોજી ઈન્ડિયા લિમિટેડ ની સંપૂર્ણ માલિકીની સેમિકન્ડક્ટર પેટાકંપની તરીકે કાર્યરત છે.

# ગુજરાત ફ્લોરો કેમિકલ કંપનીમાં ગેસ લીકેજથી બેના મૃત્યુ, 20 દિવસમાં બીજી વખત ઘટના બની

**પંચમહાલ**

જિલ્લાના ઘોઘંબા ખાતે આવેલી ગુજરાત ફ્લોરો કેમિકલ કંપનીમાં ગેસ લીકેજની ઘટના બની હતી. જેમાં 2 લોકોના મૃત્યુ થયા હતા અને 14 લોકોને ઝેરી અસર થતાં સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. ઝેરી ગેસ લીકેજની ગંભીર ઘટના સામે આવતાં ભારે અફરાતફરી મચી ગઈ હતી.

આ ઘટનાના પગલે કંપનીમાં કામ કરતા કર્મચારીઓમાં દોડધામના દ્રશ્યો સર્જાયા હતા. ગેસ લીકેજના કારણે ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઉડતા નજરે પડ્યા હતા.ઝેરી ગેસ આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોના ઘરોમાં પણ ફરી વળ્યો હતો, જેને પગલે સ્થાનિક લોકો પોતાનો જીવ બચાવવા અન્ય સુરક્ષિત સ્થળો તરફ ભાગવા લાગ્યા હતા. માત્ર 20 દિવસના ટૂંકા ગાળામાં જ ગુજરાત ફ્લોરો કેમિકલ કંપનીમાં બીજી વખત આ દુર્ઘટના બનતાં આસપાસના ગ્રામજનોમાં ભયનો માહોલ સર્જાયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગત 10 સપ્ટેમ્બર 2025ના રોજ પણ આ જ કંપનીમાં ગેસ ગળતરની ઘટના બની હતી, જેમાં 14 જેટલા લોકોને ઝેરી ગેસની અસર થઈ હતી અને સારવાર દરમિયાન બે વ્યક્તિનાં મોત નીપજ્યાં હતાં. આ ગંભીર બેદરકારીના કારણે આજે ગ્રામજનોએ કંપનીના સત્તાધીશોનો ઘેરાવ કર્યો હતો અને કંપની કાયમી ધોરણે બંધ કરાવવા માટે ઉગ્ર માગ કરી હતી. જે પરિવારોએ આ અગાઉની દુર્ઘટનામાં પોતાના સ્વજન ગુમાવ્યા છે, તેઓએ પણ કંપની ખાતે આવીને ભારે આક્રોશ ઠાલવ્યો હતો.

# ગુજરાતમાં ટ્યુશન ક્લાસીસ પર નિયંત્રણ માટે કાયદો બનશે, 8 સભ્યોની સમિતિ રચાઈ

**અમદાવાદ**

ગુજરાતમાં ખાનગી ટ્યુશન અને કોચિંગ ક્લાસીસ પર નિયંત્રણ લાવવા માટે ટૂંક સમયમાં જ એક કાયદો લાગુ કરવામાં આવશે. આ કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ(GSEB)ના અધ્યક્ષના વડપણ હેઠળ એક વિશેષ સમિતિની રચના કરાઈ છે.

આ કમિટીમાં કુલ 8 સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમિતિમાં શિક્ષણ વિભાગના નાયબ સચિવ, કમિશ્નર, શાળાઓના નિયામક અને શિક્ષણ ક્ષેત્રના નિષ્ણાત વ્યક્તિઓને સામેલ કરાશે. આ આઠ સભ્યોની સમિતિ ખાનગી ટ્યુશન વર્ગો માટે નિયમો અને ધારાધોરણોનો મુસદ્દો તૈયાર કરશે.

# ગુજરાતમાં હૃદય રોગના કેસમાં 65%નો ચિંતાજનક વધારો

## અમદાવાદની સ્થિતિ ગંભીર, 40 વર્ષ સુધીના દર્દીઓ વધ્યા : રોજ 232ને હાર્ટએટેક

**અમદાવાદ**

આજે વર્લ્ડ હાર્ટ ડે (વિશ્વ હૃદય દિવસ) છે. ગુજરાતીઓના હૃદય ધીમે ધીમે નબળા પડી રહ્યા છે, એક રિપોર્ટમાં આ આંકડો સામે આવ્યો છે. ગુજરાતમાં હૃદય રોગના કેસમાં 65 ટકાનો વધારો થયો છે, ઉપરાંત દૈનિક સરેરાશ કેસની સંખ્યા 141થી વધીને 232 થઈ છે.

2018માં 108 ઇમરજન્સી સેવાઓમાં ગુજરાતમાં 365 દિવસમાં 51,315 કાર્ડિયાક ઇમરજન્સી નોંધાઈ હતી, જેની દૈનિક સરેરાશ 141 હતી. આઠ વર્ષ પછી 2025 માં, 25 સપ્ટેમ્બર સુધીમાં આવી ઇમરજન્સીની સંખ્યા વધીને 62,044 થઈ હતી, જેની દૈનિક સરેરાશ 232 કેસ છે. નિષ્ણાતોના મતે, આ સેવામાં



નોંધાયેલો 65 ટકાનો વધારો આંખ ઉઘાડનારો છે. અમદાવાદ શહેરના આંકડાઓ વધુ ગંભીર છે. 108 ના આંકડા મુજબ 2018 માં દૈનિક 38 કેસની સરખામણીમાં 2025 માં કેસો વધીને દૈનિક 65 થયા છે. એટલે કે 71 ટકા જેટલો વધારો થયો છે. કાર્ડિયોવાસ્ક્યુલર (હૃદય અને રક્તવાહિની સંબંધિત) સ્વાસ્થ્ય વિશે જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 29 સપ્ટેમ્બરના રોજ ઉજવવામાં આવતા વિશ્વ હૃદય દિવસ પર આ ચિંતાજનક ડેટા વધુ મહત્ત્વપૂર્ણ બની જાય છે. આ વર્ષની થીમ, 'Don't Miss a Beat', પ્રારંભિક હસ્તક્ષેપ અને નિવારક પગલાં લેવા પર ભાર મૂકે છે. આવા કેસોનું પ્રમાણ 2019 માં સૌથી વધુ 33 ટકા અથવા દર ત્રણ કેસમાં એક હતું. 2020 માં, તે 27.8 ટકા હતું. ડેટા અનુસાર, આ વર્ષે આવા દર્દીઓ કુલ કાર્ડિયાક ઇમરજન્સીના લગભગ 30 ટકા જેટલા છે. ઇમરજન્સીના વય-આધારિત વિશ્લેષણ સૂચવે છે કે છેલ્લા આઠ વર્ષોમાં 40 વર્ષ સુધીની ઉંમરના દર્દીઓ આવી ઇમરજન્સીમાં 28 ટકા થી 33 ટકા હિસ્સો ધરાવે છે.

# ગુજરાતમાં સાયબર ક્રાઈમનું પ્રમાણ ચિંતાજનક

## બ્લેક મેઈલિંગના 37, ઓનલાઈન બેંકિંગ ફ્રોડના 49 અને ડેટા ચોરીના 8 કેસ

**ગાંધીનગર**

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો દ્વારા તાજેતરમાં પોતાનો વર્ષ 2023નો રિપોર્ટ રજુ કર્યો છે. આ રિપોર્ટમાં સામે આવ્યું છે કે, દેશભરમાં સાયબર કેસોમાં સરેરાશ 31 ટકાનો વધારો થયો છે. આ રિપોર્ટમાં ગુજરાતમાં સાયબર ક્રાઈમનું વધેલુ પ્રમાણ ચિંતાજનક છે. વર્ષ 2022ની સરખામણીએ વર્ષ 2023માં ગુજરાતમાં સાયબર ક્રાઈમમાં 40 ટકાથી વધુનો વધારો થયો છે. ગુજરાતમાં સાયબર ક્રાઈમના કયા પ્રકારના ગુનામાં વધારો થયો? આવો જાણીએ.




ગુજરાતમાં સાયબર ગુનાઓ સતત વધી રહ્યા છે, જે દેશની સરેરાશ કરતાં વધુ છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો (NCRB)ના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ 2023માં સાયબર ગુનાઓમાં 40.78 ટકાનો નોંધપાત્ર વધારો નોંધાયો છે. NCRBના ડેટા અનુસાર, 2022માં 1417 કેસની સરખામણીમાં 2023માં ગુજરાતમાં કુલ 1995 સાયબર ગુનાઓ નોંધાયા છે. રાજ્યમાં IPCની કલમ 420 હેઠળ છેતરપિંડીના સૌથી વધુ 1034 કેસ, IT એક્ટની કલમ 66C હેઠળ ઓળખ ચોરીના 254 કેસ, IPCની કલમ 354D હેઠળ સાયબર સ્ટોકિંગના 43 કેસ, IT એક્ટ કલમ 67B હેઠળ બાળ જાતીય કૃત્યોની સામગ્રીના 10 કેસ તથા અશ્લીલ સામગ્રી પ્રકાશિત કરવાના 258 કેસ નોંધાયા છે. વર્ષ 2023માં અન્ય નોંધાયેલા ગુનાઓમાં સાયબર બ્લેકમેઈલિંગના 37, ઓનલાઈન બેંકિંગ ફ્રોડના 49, એટીએમ-સંબંધિત ફ્રોડના 10, અને ડેટા ચોરીના 8 કેસનો સમાવેશ થાય છે.

# વિજયાદશમી નિમિત્તે સુરતમાં 70 ફૂટ તો અમદાવાદમાં 45 ફૂટ ઊંચા પૂતળાનું દહન

**સુરત**

આસુરી શક્તિ પર દૈવી શક્તિના વિજયનું પર્વ એટલે દશેરાની આજે ગુરુવારે વડોદરા, ભાવનગર, જામનગર અમદાવાદ, રાજકોટ, સુરત, કચ્છ-ગાંધીધામ સહિત રાજ્યમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી. આ પ્રસંગે વિવિધ વિસ્તારોમાં પરંપરાગત રીતે રાવણ દહન કરવામાં આવ્યું.

ગુજરાતમાં દશેરાના તહેવારમાં અલગ-અલગ સ્થળોએ રાવણ દહન કરવામાં આવ્યું. આ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ થયા, ત્યારે સુરતમાં 70 ફૂટના રાવણનું દહન કરાયું. આ પૂતળું 49 વર્ષથી રાવણ તૈયાર કરતી મથુરાની ટીમ દ્વારા બનાવામાં આવ્યું હતું. જેને બનાવવા માટે 40 દિવસ જેટલો સમય થયો હતો.

અમદાવાદમાં ખોખરા રેલવે ગ્રાઉન્ડ, અમરાઈવાડી નાગરવેલ હનુમાન, સાબરમતી ડી-કેબિન પાસે અને ભાડજ સ્થિત ઈસ્કોન મંદિર ખાતે રાવણ દહનના કાર્યક્રમમાં હજારો લોકો આવ્યા હતા.

અમદાવાદ શહેરના ખોખરા રેલવે ગ્રાઉન્ડ ખાતે લગભગ સાડા છ દસકાથી રાવણ દહનનો કાર્યક્રમ યોજાય છે, ત્યારે આજે રાવણના 45 ફૂટ ઊંચા પૂતળાનું દહન કરાયું હતું.

# UGCની લાલ આંખ : ગુજરાતની 8 ખાનગી યુનિ. 'ડિફોલ્ટર' જાહેર કરાઈ

**અમદાવાદ**

યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન દ્વારા મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. યુજીસી દ્વારા કુલ 54 ખાનગી યુનિવર્સિટીઓને ડિફોલ્ટર જાહેર કરવામાં આવી હતી. જેમાં ગુજરાતની આઠ ખાનગી યુનિવર્સિટીઓ સામેલ હતી. આ યુનિવર્સિટીઓ અમદાવાદ, ગાંધીનગર સહિત રાજ્યના વિવિધ શહેરોમાં આવેલી છે. જેમાં કે.એન. યુનિવર્સિટી, અમદાવાદ, ટ્રાન્સ્ટેડિયા યુનિવર્સિટી, અમદાવાદ, ગાંધીનગર યુનિવર્સિટી, કલોલ, જે.જી. યુનિવર્સિટી, ઉવારસદ(ગાંધીનગર), એમ.કે. યુનિવર્સિટી, પાટણ, પ્લાસ્ટઈન્ડિયા ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, વાપી, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ, ટીમ લીઝ સ્કિલ્સ યુનિવર્સિટી, વડોદરાનો સમાવેશ થાય છે.

# ગુજરાતમાં અકસ્માતથી મોતના 83 ટકા કિસ્સામાં બેફામ ઝડપનું કારણ

**ગાંધીનગર**

ગુજરાતમાં અલગ અલગ માર્ગ અકસ્માતોમાં કુલ 7,854 લોકોના મોત થયા છે, જે પૈકી 6,594 લોકોના મોત ઓવરસ્પીડથી વાહન ચલાવવાની ઘટનામાં થયા હોવાનો ઘટસ્ફોટ એક્સિટેન્ટલ ડેથ એન્ડ સ્યુસાઈડ ઈન ઈન્ડિયા રિપોર્ટ 2023માં કરવામાં આવ્યો છે. અગાઉના વર્ષોની સરખામણીમાં, રાજ્યમાં વર્ષ 2023માં માર્ગ અકસ્માતોની સંખ્યામાં લગભગ 3.6 ટકા જેટલો વધારો નોંધાયો છે. વર્ષ 2023માં ગુજરાતમાં કુલ 16,349 માર્ગ અકસ્માતની ઘટના બની હતી, જ્યારે વર્ષ 2022માં માર્ગ અકસ્માતની ઘટના 15,777 હતી.

ગુજરાતમાં 83.95 માર્ગ અકસ્માત મોત ઓવરસ્પીડથી વાહન ચલાવવાના કારણે થાય છે. વર્ષ 2023માં રાજ્યમાં બનેલા 16,349 માર્ગ અકસ્માતમાં 15,383 લોકો ઈજાગ્રસ્ત થયા હતા, જૈ પૈકી 12,653 લોકોને ઓવસ્પીડિંગના કારણે ઈજાઓ થઈ હોવાનું રિપોર્ટમાં સામે આવ્યું છે. આ ઉપરાંત રાજ્યમાં જોખમી, બેદરકારીપૂર્વક વાહન ચલાવવા અથવા ઓવરટેકિંગ કરવાના કારણે 816 લોકોના મોત થયા હતા, જ્યારે જ્યારે 1,812 વ્યક્તિ ઈજાગ્રસ્ત થયા હતા.

# વિકાસની હરણફાળ: રાજ્યમાં 2023થી અત્યારસુધીમાં 1189 નવી સહકારી મંડળી શરૂ

**ગાંધીનગર**

રાજ્યના ખેડૂતો-પશુપાલકોની આવક બમણી કરવા, ગ્રામીણ વિસ્તારોમાં સેવાઓનું વિસ્તરણ કરવા અને સહકારી સંસ્થાઓને આધુનિક બનાવવાના હેતુસર ગુજરાતમાં ૧૦,૯૫૭ PACS થકી ૧૩,૮૭૫ પંચાયતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત જાન્યુઆરી, ૨૦૨૩થી અત્યારસુધીમાં રાજ્યમાં નવી ૪૭૬ PACS, ૬૯૧ દૂધ મંડળીઓ અને ૨૨ મત્સ્ય મંડળીઓની રચના પણ કરવામાં આવી છે. આમ, આગામી ૨ વર્ષમાં રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને પ્રાઈમરી એગ્રીકલ્ચર ક્રેડિટ સોસાયટી-PACSની સેવાઓથી આવરી લેવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે.

# કૃષ્ણની રાસલીલાના પ્રસંગનું સ્મરણ કરાવતી એટલે શરદ પૂર્ણિમા

શરદ પૂનમનું માહાત્મ્ય:- જ્યોતિષશાસ્ત્રની દ્રષ્ટિએ શરદ પૂનમના દિવસે ચંદ્ર પૃથ્વીથી વધુ નજીક હોવાના કારણે તે સૌથી મોટો દેખાય છે. શરદપૂર્ણિમાનો ઉત્સવ સમગ્ર ભારતભરમાં હર્ષ અને ઉલ્લાસથી ઉજવવામાં આવે છે. શરદ્પૂર્ણિમાને "માણેક ઠારી" પૂનમ પણ કહેવામાં આવે છે. વળીચંદ્ર એક મહિનામાં ૨૭ નક્ષત્રમાં ભ્રમણ કરે છે. તે પૈકી આ પહેલું નક્ષત્ર છે. સાથે જ અશ્વિન નક્ષત્રની પૂર્ણિમા આરોગ્ય આપે છે. તે માત્ર શરદ પૂર્ણિમા પર જ ચંદ્ર તેની ૧૬ કળાઓ સાથે પૂર્ણ પણે પૃથ્વીની સૌથી નજીક પણ હોય છે. સામાન્ય રીતે વર્ષમાં ૧૨ પુનમ આવે છે. પરંતુ આસો માસની શરદ પુનમનું મહત્વ વધુ હોય છે. તેને શરદ પૂર્ણિમા તરીકે ઓળખાય છે. કેમ કે, શરદ પૂર્ણિમાથી પાનખરની શરૂઆત થાય છે. શરદ પૂર્ણિમાએ ચંદ્રના અજવાળા રાત્રે ચારેય દિશાઓને પ્રકાશિત કરે છે.



* **પૌરાણિક માન્યતાઃ-** એવું કહેવાય છે કે શ્રીકૃષ્ણ ભગવાને યમુના નદીના કાંઠે રાધા અને ગોપીઓ સાથે રાસલીલા કરીને તેમને અતિ અલૌકિક સુખ આપ્યું હતું. રાધાએ કૃષ્ણ ભગવાનની "ઈચ્છા શક્તિ" છે તો વળી ગોપીઓ " વેદની ઋચા 'છે. જ્યારે ભગવાન શ્રીકૃષ્ણ વૃંદાવનમાં મહારાસનું સર્જન કરી રહ્યા હતા, ત્યારે ચંદ્ર આકાશમાંથી આ દશ્ય જોઈને એટલો ભાવુક થઈ ગયો કે, તેણે પોતાના શીતળ પ્રકાશથી પૃથ્વી પર અમૃતની વર્ષા કરી હતી. તેથી શરદ પૂર્ણિમાને "રાસ પૂર્ણિમા" તરીકે પણ ઓળખવામાં આવે છે.

અન્ય માન્યતા પ્રમાણે શરદ પૂર્ણિમાની રાતે લંકાપતિ રાવણ અરીસા દ્વારા તેની નાભિ (ડુંટી)પર ચંદ્રના કિરણોને ઝીલીને પુનર્જીવિત થવાની શક્તિ (ઉર્જા)પ્રાપ્ત કરતો હતો.

અન્ય ધાર્મિક માન્યતા પ્રમાણે શરદ્પૂર્ણિમાની રાત્રિએ શ્રી સ્વામિનારાયણ ભગવાને પણ તેમના સંતો ભક્તો સાથે અનેક રુપો ધારણ કરીને રાસોત્સવ કર્યો હતો.

***પૌરાણિક માન્યતાઃ-**આસો મહિનાની પૂર્ણિમાના દિવસે ચંદ્ર અશ્વિની નક્ષત્રમાં છે. આથી આ મહિનાનું નામ અશ્વિની છે. આ મહિનાની પૂર્ણિમાનું ધાર્મિક દ્રષ્ટિકોણથી વિશેષ મહત્વ છે. તે જ સમયે દેવી મહાલક્ષ્મી તેના ભક્તોને ધન-ધાન્યથી ભરપૂર કરી દે છે. ખરેખર શરદ પૂર્ણિમાનું એક નામ "કોજાગરી પૂર્ણિમા "પણ છે.

***વૈદક શાસ્ત્રોની માન્યતાઃ- ગીતામાં શ્રીકૃષ્ણ કહે છે કે, પુષ્પાણિ ઔષધીઃ** સર્વા : સોમો ભૂત્વા રસાત્મક : હું રસાત્મક ચંદ્ર બની પૃથ્વીની તમામ ઔષધીઓનું પોષણ કરું છું. આયુર્વેદાચાર્ય આખું વર્ષ આ પૂનમની આતુરતાપૂર્વક રાહ જુએ છે. આસો સુદ- પૂનમની રાત્રિ એ આકાશ એકદમ નિર્મળ હોય છે. ચંદ્ર સોળે કળાએ ખીલ્યો હોય છે. ચંદ્રના પ્રકાશમાંથી કિરણો રેલાતા હોય છે. આ ચંદ્રમાના આ શાંત- શીતળ પ્રકાશથી વિધ વિધ વનસ્પતિઓ અને ઔષધિઓને પોષણ પ્રાપ્ત થાય છે. જીવન આપનાર રોગનો નાશ કરનારી ઔષધિઓને શરદપૂર્ણિમાની રાત્રિ એ ચંદ્રના પ્રકાશમાં રાખવામાં આવે છે. ચંદ્રના કિરણોના અમૃતથી સ્નાન કર્યા બાદ જડીબુટ્ટીઓમાંથી દવા બનાવવામાં આવે છે, ત્યારે તે તરત જ દર્દીને અસર કરે છે. પ્રાચીનવેદ ગ્રંથો તેમજ વાયુ પુરાણોમાં ચંદ્રને પાણીનું પરિબળ તેમજ ઔષધીય એટલે કે" દવાઓના સ્વામી"ની ઉપમા આપી છે. માનવના શરીરમાં પિત્તનો સંચય જેઠ, અષાઢ, શ્રાવણ, ભાદરવા મહિનામાં થાય છે. ચંદ્ર તેની સોળ કળાએ ખીલી ઊઠે છે. અભ્યાસ મુજબ દૂધમાં લેક્ટિક એસિડ અને અમૃત હોય છે. આ તત્વ ચંદ્ર કિરણો દ્વારા વધુ પ્રમાણમાં શક્તિનો સંગ્રહ કરે છે. ચોખામાં રહેલા સ્ટાર્ચને લીધે આ પ્રક્રિયા સરળ બને છે. સંશોધન મુજબ દૂધ પૌંવાને ચાંદીના પાત્રમાં બનાવવા જોઈએ. ચાંદીમાં ઉચ્ચ પ્રતિકારક શક્તિ છે. જે વાયરસને દૂર રાખે છે. અન્ય પૌરાણિક માન્યતા અનુસાર આ દિવસે ચંદ્રના કિરણોમાંથી અમૃત બિંદુ ટપકે છે. પૂર્ણ ચંદ્રની રાત્રે ચંદ્રનાં કિરણો ગમે તે દિશામાં પડે છે, તેમાં અમૃત ભળી જાય છે. શરદ પૂર્ણિમાની રાત્રે ચંદ્રના પ્રકાશમાં આખી રાત રાખવામાં આવેલા દૂધ પૌવા સવારે ખાલી પેટે ખાવાથી પિત્ત બહાર આવે છે તેમજ તમામ રોગો દૂર થતાં શરીર સ્વસ્થ બને છે. શરદ પૂર્ણિમાની રાત્રિ દર્દીઓ માટે વરદાન છે. અન્ય ભૌગોલિક અને વૈજ્ઞાનિક માન્યતા અનુસાર પૂર્ણિમાની રાત્રે ૧૦ વાગ્યાથી મધરાત ૧૨ દરમિયાન ઓછા કપડાંમાં ચંદ્રના પ્રકાશમાં ફરવાથી વ્યક્તિને ઉર્જા મળે છે. સોમચક્ર, નક્ષત્રીય ચક્ર, અને અશ્વિનનો ત્રિકોણને કારણે શરદ ઋતુમાં ઉર્જા સંગ્રહ થાય છે.

- જયેન્દ્ર કૃષ્ણાલાલ નાયક (સંગીતકાર)

### શરદ પૂર્ણિમાના દિવસે પૂજા પાઠ

૧. આસો મહિનાના શુક્લ પક્ષની ચતુર્દશીના દિવસે શરદ પૂર્ણિમાનું વ્રત રાખવામાં આવે છે. સવારે બ્રહ્મમુહુર્તમાં ઉઠીને સ્નાન કરીને સ્વચ્છ વસ્ત્ર ધારણ કરી આ દિવસે ધનની દેવી લક્ષ્મી અને ભગવાન વિષ્ણુની પૂજા કરવાની પરંપરા છે. આપણા આરાધ્ય દેવને સ્નાન કરાવીને સુંદર વસ્ત્ર અને આભૂષણોથી સુશોભિત અને સુસજ્જિત કરવા જોઈએ.

૨. અંબ, આચમન, વસ્ત્ર, ગંધ, અક્ષત, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય, તામ્બૂલ, સોપારી, દક્ષિણા વગેરેથી આરાધ્ય દેવનું વિધિ પૂર્વક પૂજન કરવું જોઈએ.

૩. ગાયના દૂધની ખીર અને પૂરીઓ બનાવીને અર્ધરાત્રિના સમયે ભગવાનને ભોગ લગાવવો. ત્યારબાદ વ્રત કથાનું શ્રવણ કરવું.

૪. વ્રત કથા સાંભળવા માટે એક લોટામાં પાણી ભરીને અનાજ અને કેરીના પાનને લઈને એક કળશની સ્થાપના કરો અને તે કળશ અને ચોખા સાથે વંદના કરવું.

૫. લક્ષ્મી નારાયણને તિલક અને પૂજન કરી ચોખાના ૧૩ દાણા હાથમાં લઈને કથા સાંભળવી. કથા પૂર્ણ થયા પછી લોટામાં મુકેલ જળથી ચંદ્રમાને અર્ઘ્ય આપવો.

૬. આ રાત્રિએ ચંદ્રના અજવાળામાં સોયમાં દોરો પરોવવાથી આંખનું તેજ વધે છે.

૭. રાત્રે જ દૂધ પૌવાને ભરેલ પાત્રમાં ભરી ખુલ્લા સ્થળે ચંદ્રના પ્રકાશમાં મુકી દો. બીજા દિવસે તેને પ્રસાદ રૂપમાં સૌને વહેંચી દો અને આપણે પણ ગ્રહણ કરવો જોઈએ. શરદ પૂર્ણિમાનું આ વ્રત કરવાથી જીવનમાં સુખ સમૃદ્ધિ અને શાંતિ આવે છે.

એવી લોકવાયકા છે કે તે દિવસે ખેડૂત ખેતર માંજુવારનું વાવેતર કરે તો જુવારના ડુંડામાં મોતીના દાણા જેવો જુવારનો પાક તૈયાર થાય છે.

# મધ્યપ્રદેશ-રાજસ્થાનમાં કફ સિરપ પીધા બાદ 7 બાળકોના મોત

## તંત્રમાં દ્વારા સેમ્પલ એકઠાં કરવાનું શરૂ કરવામાં આવ્યું, ડેક્સ્ટ્રોમેથોર્ફન હાઇડ્રોબ્રોમાઇડ સિરપનું વિતરણ સંપૂર્ણપણે બંધ કરાયું

**જયપુર**

મધ્યપ્રદેશ અને રાજસ્થાનમાં તાજેતરમાં અનેક બાળકોના મોત અને બીમારી થવાની ઘટનાઓ વધતાં તંત્ર ટેન્શનમાં આવી ગયું છે અને એક પછી એક કાઉગ સિરપ્સની તપાસ શરૂ કરી દેવામાં આવી છે. આ તપાસ બાદ અનેક કફ સિરપ સામે પ્રતિબંધ પણ મૂકી દેવામાં આવ્યા છે. જેમાં ખાસ કરીને ડેક્સ્ટ્રોમેથોર્ફન હાઇડ્રોબ્રોમાઇડ સિરપ શંકાના દાયરામાં આવી છે કે કારણ કે આ સિરપ પીધા પછી અનેક બાળકો મૃત્યુ પામ્યા છે અને કેટલાક બીમાર થયા છે.



નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (NCDC) ની એક કેન્દ્રીય ટીમે મધ્યપ્રદેશના છિંદવાડા જિલ્લામાં કફ સિરપના સેમ્પલ એકઠાં કરવાનું શરુ કર્યું અને રાજસ્થાનમાં આવા જ સમાન કેસ નોંધાયા બાદ સવાલોના ઘેરામાં આવેલી સિરપની બેચનું ટેસ્ટિંગ શરૂ કરી દેવામાં આવ્યું હતું અને તાત્કાલિક ધોરણે આ સિરપનું ડિસ્ટ્રિબ્યુશન અટકાવાયું હતું.

રાજસ્થાનના સીકર જિલ્લામાં પાંચ વર્ષના બાળકનું મૃત્યુ થયું, જ્યારે ભરતપુરમાં ત્રણ વર્ષનું બાળક ગંભીર રીતે બીમાર પડ્યો હતો. આ બાળકોને મુખ્યમંત્રી મફત દવા યોજના હેઠળ આપવામાં આવતી સિરપ આપવામાં આવી હતી. ગયા મહિને છિંદવાડામાં છ બાળકો પણ આ રીતે જ મૃત્યુ પામ્યા હતા. તેમને સિરપને કારણે કિડનીમાં ચેપ લાગ્યો હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી હતી. શરૂઆતના લક્ષણોમાં તીવ્ર તાવ અને પેશાબ કરવામાં તકલીફ થવાની સમસ્યાઓ સામે આવી હતી. ત્યારબાદ વહીવટીતંત્રે તાત્કાલિક કોલ્ડરિફ અને નેક્સ્ટ્રો-ડીએસ સિરપ પર પ્રતિબંધ મૂક્યો અને કડક દેખરેખ શરૂ કરી હતી.

રાજસ્થાનમાં ફરિયાદો મળ્યા બાદ RMSCL એ KL-25/147 અને KL-25/148 બેચની તપાસ શરૂ કરી અને હવે કેયસન્સ ફાર્મા તરફથી તમામ બેચનું વિતરણ બંધ કરી દેવામાં આવ્યું છે. રાજ્ય ડ્રગ કંટ્રોલર અજય ફાટકે જણાવ્યું હતું કે બાળકોની બીમારીઓને પગલે ડેક્સ્ટ્રોમેથોર્ફન હાઇડ્રોબ્રોમાઇડ સિરપનું વિતરણ સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યું છે.

પ્રારંભિક અહેવાલો દર્શાવે છે કે આ સિરપ બાળકો માટે યોગ્ય નથી. બધા અસરગ્રસ્ત બાળકો ચાર વર્ષથી ઓછી ઉંમરના હતા, જ્યારે આ સિરપ મુખ્યત્વે પુખ્ત વયના લોકો માટે બનાવાયેલ છે. નિષ્ણાતોએ ચેતવણી આપે છે કે બાળકોને ડૉક્ટરની સલાહ વિના કોઈપણ સિરપ કે દવા આપવી જોઈએ નહીં.

# JNUમાં રાવણ દહનમાં ઉમર ખાલિદ અને શરજીલની ફોટો લગાવાતા બબાલ

**નવી દિલ્હી**

દિલ્હીની જવાહરલાલ નેહરુ યુનિવર્સિટી (JNU)માં રાવણ દહણ દરમિયાન ભારે વિવાદ થયો છે. અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદે આક્ષેપ કર્યો છે કે, ડાબેરી સમર્થિત વિદ્યાર્થીઓએ રાવણ દહનના કાર્યક્રમમાં બૂટ ફેંક્યા અને જાણી જોઈને કાર્યક્રમમાં અવરોધ ઊભો કર્યો છે. એબીવીપીના નેતા પ્રવીણ કુમારે કહ્યું કે, ડાબેરી સંગઠન જાણીજોઈને અશાંતિ ફેલાવી રહ્યા છે. વાસ્તવમાં રાવણના પુતળાના 10 માથામાં દિલ્હી હિંસાના ષડયંત્રકાર આરોપી ઉમર ખાલિદ અને શરજીલ ઈમાન સહિત અનેકની ફોટો લગાવાઈ હતી. બીજીતરફ જેએનયુ વિદ્યાર્થી સંઘે (JNUSU) ઘટના અંગે કહ્યું છે કે, 'એબીવીપી ધર્મનો ઉપયોગ કરીને રાજકીય લાભ ઉઠાવી રહી છે. તેઓએ રાવણ દહન કાર્યક્રમમાં જેએનયુના પૂર્વ વિદ્યાર્થી ઉમર ખાલિદ અને શરજીલ ઈમામનો ચહેરો રાવણ તરીકે દેખાડ્યો છે, જ્યારે આ બંને છેલ્લા પાંચ વર્ષથી જેલમાં બંધ છે અને હજુ પણ ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. જેએનયુ વિદ્યાર્થી સંઘે સવાલ ઉઠાવ્યો છે કે, 'ખાલિદ-શરજીલનો કેસ કોર્ટમાં પેન્ડિંગ છે, તો એબીવીપી જાહેરમાં બંનેને કેવી રીતે દોષી ઠેરાવી શકે?

# ભારત 5th જનરેશનનું અત્યાધુનિક ફાઈટર જેટ બનશે, દેશની 7 દિગ્ગજ કંપનીએ બોલી લગાવી

## L&T, અદાણી, HUL, ટાટા એડવાન્સ, કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ સહિતની કંપનીઓ સામેલ

**નવી દિલ્હી**

ભારતના મહત્વાકાંક્ષી 5th જનરેશનના એડવાન્સ્ડ મલ્ટી-રોલ કોમ્બેટ એરક્રાફ્ટ પ્રોજેક્ટ માટે સાત ભારતીય સંરક્ષણ કંપનીઓએ બિડ સબમિટ કરી છે. હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ, લાર્સન એન્ડ ટુબ્રો, અદાણી ડિફેન્સ, ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ લિમિટેડ, કલ્યાણી સ્ટ્રેટેજિક સિસ્ટમ્સ અને બે અન્ય ખાનગી ક્ષેત્રની કંપનીઓએ ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન સાથે સહયોગ કરવા માટે બિડ સબમિટ કરી છે. એરોનોટિકલ ડેવલપમેન્ટ એજન્સી દ્વારા જાહેર કરાયેલા એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ 30મી સપ્ટેમ્બરના રોજ સમાપ્ત થઈ ગયુ હતું. આ પગલું સ્ટીલ્થ ફાઈટર જેટ વિકસાવવાનો છે. આ પ્રોજેક્ટ આગામી છ વર્ષમાં ભારતીય વાયુસેનામાં સામેલ કરવાની યોજના છે.

બિડનું મૂલ્યાંકન ડૉ. એ. શિવથનુ પિલ્લઈની આગેવાની હેઠળ થશે આ બિડનું મૂલ્યાંકન ડૉ. એ. શિવથનુ પિલ્લઈની આગેવાની હેઠળની સમિતિ દ્વારા કરવામાં આવશે. ડૉ. પિલ્લઈએ બ્રહ્મોસ કાર્યક્રમમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ પેનલ ટેકનિકલ અને વાણિજ્યિક દરખાસ્તોનું મૂલ્યાંકન કરશે. સમિતિ ખાતરી કરશે કે શોર્ટલિસ્ટ કરાયેલી કંપનીઓ પાસે અદ્યતન ઉત્પાદન ક્ષમતાઓ હોય અને તેઓ કુશળતા સાથે કાર્યક્રમનું સંચાલન કરી શકે.

# ઉત્તરપ્રદેશમાં અસ્થિ વિસર્જન માટે જતા પરિવારને અકસ્માત, ઊભી ટ્રકમાં કાર ઘૂસી જતાં 6ના મોત

## ડ્રાઈવરે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર અથડાવી, મૃતકોમાં બે મહિલાનો સમાવેશ

**મુઝફ્ફરનગર**

મુજફ્ફરનગરથી એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. એક પરિવારના સભ્યો કારમાં સવાર થઈને પરિવારના એક સભ્યના અસ્થિ વિસર્જન માટે હરિયાણાથી હરિદ્વાર જઈ રહ્યા હતા. દરમિયાન રોડના કિનારે ઊભેલી ટ્રકના પાછળના ભાગમાં કાર ઘૂસી જતાં અકસ્માત સર્જાયો હતો. જેમાં એક જ પરિવારના લગભગ છ લોકોના મોત નીપજ્યા હતા. ઘટનાની જાણ થતાં જ લોકોની



ભીડ એકઠી થઈ ગઈ હતી અને પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી જઈ મોટાભાગના લોકોને હોસ્પિટલ પહોંચાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ કોઈને બચાવી ના શકાયા. આ ઘટના મુજફ્ફરનગરના તિતાવી પોલીસ સ્ટેશનની હદમાં બની હતી. મૃતકોમાં બે મહિલા પણ સામેલ છે.

જ્યારે કારચાલક પૂરપાટ ગતિએ હાઈવે પર જઈ રહ્યો હતો તે સમયે ડ્રાઈવરે સ્ટીયરિંગ પરથી કાબુ ગુમાવ્યો હતો અને કાર હાઈવે પર ઊભી ટ્રકના પાછળના ભાગમાં ઘૂસી ગઈ હતી. જેના બાદ ધડાકાભેર ટક્કર થતાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો. પોલીસે તમામ મૃતકોના મૃતદેહો કબજે લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યા છે.

# મુંબઈ થાણેમાં 35 લાખની લાંચ લેતા ડેપ્યુટી કમિશનર રંગે હાથ ઝડપાયો

**થાણે**

મુંબઈના ભ્રષ્ટાચાર નિરોધક બ્યુરો એ થાણે મહાનગર પાલિકાના નાયબ કમિશનર શંકર પાટોલે ને લાંચ લેવાના આરોપસર રંગે હાથે ધરપકડ કરી છે. આ કાર્યવાહીને કારણે થાણે મનપા મુખ્યાલયમાં ભારે ખળભળાટ મચી ગયો છે.

શંકર પાટોલે, જેઓ મનપાના અતિક્રમણ વિભાગના ઉપાયુક્ત છે, તેમની સામે ભૂતકાળમાં પણ ઘણીવાર અનિયમિતતાના આરોપો લાગ્યા હતા. ACB ની ટીમ દ્વારા તેમની ધરપકડ કરવામાં આવતા, લાંચિયા અધિકારીઓએ કેમેરા સામે પોતાનો ચહેરો છુપાવવાનો પ્રયાસ કર્યો હતો.

જાણકારી મુજબ, પાટોલેએ થાણેના ઘોડબંદર રોડ પર આવેલા એક નિર્માણાધીન પ્રોજેક્ટ પરથી અતિક્રમણ દૂર ન કરવાના બદલામાં અભિરાજ ડેવલપર્સના બિલ્ડર અભિજીત કદમ પાસેથી 35 લાખ રૂપિયાની મોટી લાંચની માંગણી કરી હતી. શરૂઆતમાં, બિલ્ડરે 10 લાખ રૂપિયા એક ત્રીજા વ્યક્તિના બેંક ખાતામાં જમા પણ કરાવ્યા હતા, પરંતુ તેમ છતાં તેમનું કામ આગળ વધ્યું નહોતું. આથી કંટાળીને બિલ્ડર અભિજીત કદમે ACB માં ફરિયાદ નોંધાવી હતી.

# માનવ ઈતિહાસની દિશા બદલી નાખી : રાજઘાટ પર મહાત્મા ગાંધીને મોદી દ્વારા શ્રદ્ધાંજલિ

**નવી દિલ્હી**

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે (બીજી ઓક્ટોબર) વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજઘાટ ખાતે ગાંધીજીને શ્રદ્ધાંજલિ આપી હતી. આ ઉપરાંત તેમણે વિજય ઘાટની પણ મુલાકાત લીધી હતી, જ્યાં તેમણે પૂર્વ વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે, 'મહાત્મા ગાંધીના આદર્શોએ માનવ ઈતિહાસની દિશા બદલી નાખી હતી.' વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર લખ્યું, 'ગાંધી જયંતિ એ આપણા પ્રિય બાપુના અસાધારણ જીવનને શ્રદ્ધાંજલિ આપવાનો દિવસ છે. તેમના આદર્શોએ માનવ ઈતિહાસની દિશા બદલી નાખી. તેમણે બતાવ્યું કે હિંમત અને સરળતા કેવી રીતે મહાન પરિવર્તન લાવી શકે છે.

# IIT કાનપુરમાં 7મા વિદ્યાર્થીનો આપઘાત 3 દિવસથી રૂમમાં મૃતદેહ લટકતો રહ્યો

## મૃતક વિદ્યાર્થી હરિયાણાનો, હોસ્ટેલમાં એકલો જ રહેતો હતો

**કાનપુર**

કાનપુર આઈઆઈટીના એક વિદ્યાર્થીએ આપઘાત કર્યો છે. માત્ર બે વર્ષમાં આઈઆઈટીની સાતમી ઘટના છે. આ વિદ્યાર્થીનો શબ ત્રણ દિવસ સુધી રૂમમાં ટીંગાયેલો રહ્યો હતો. પરંતુ કોઈને જાણ થઈ ન હતી.

આઈઆઈટી કાનપુરમાં ધીરજ સૈની નામના વિદ્યાર્થીએ આપઘાત કર્યો હતો. બીટેક ફાઈનલ યરના વિદ્યાર્થીએ હોસ્ટેલ નંબર 1માં પોતાના રૂમમાં ગળે ફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. તેના આપઘાતના ત્રણ દિવસ બાદ દુર્ગંધ આવતાં ઘટનાની જાણ થઈ હતી. ધીરજે સંભવિત 3 દિવસ પહેલાં આપઘાત કર્યો હોવાનો પ્રારંભિક તપાસમાં જાણવા મળ્યું હતું. પોલીસે શબને પોસ્ટમોર્ટમ માટે મોકલ્યો છે તેમજ આ મામલે વધુ તપાસ હાથ ધરી છે. ધીરજ સૈની હરિયાણાનો રહેવાસી છે. કેમિકલ એન્જિનિયરિંગનો વિદ્યાર્થી હોસ્ટેલમાં એકલો રહેતો હતો. બુધવારે તેના રૂમમાંથી દુર્ગંધ આવી રહી હતી અને દુર્ગંધભર્યું પાણી બહાર આવી રહ્યું હતું. જેથી આસપાસના વિદ્યાર્થીઓને શંકા ગઈ હતી.

# પ્રખ્યાત લેખક એસ.એલ. ભૈરપ્પાનું 94 વર્ષની વયે નિધન, PM મોદીએ શોક વ્યક્ત કર્યો

**પટના**

પ્રખ્યાત નવલકથાકાર અને લેખક એસ.એલ. ભૈરપ્પાનું બુધવારે બેંગલુરુની હૃદયરોગના હુમલાથી નિધન થયું છે.



તેઓ 94 વર્ષના હતા. બેંગલુરુની રાષ્ટ્રોત્થાન હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં બપોરે 2.38 વાગ્યે તેમનું અવસાન થયું છે. PM મોદીએ તેમના નિધન પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. એસ.એલ. ભૈરપ્પાને સંતેશ્વર લિંગન્નૈયા ભૈરપ્પા તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ એક પ્રખ્યાત કન્નડ નવલકથાકાર, દાર્શનિક અને પટકથા લેખક હતા. 1958માં તેમનો પ્રથમ નવલકથા 'ભીમકાય' પ્રકાશિત થઈ હતી અને ત્યારથી તેમણે લગભગ 25 નવલકથાઓ લખી હતી.

# યુપીમાં યુવકે બેના ગળા કાપી પરિવારને ઘરમાં પૂરી આંગ ચાંપી, 6ના મોત

## પત્ની અને બે દીકરીઓ સાથે પોતાને એક રૂમમાં બંધ કરી દીધા અને રૂમને આગ લગાવી દીધી હતા, મૃતકોની ઓળખ જાહેર કરાઈ

**બહરાઈચ**

ઉત્તર પ્રદેશના બહરાઇચ જિલ્લાના નિંદુનપુરવા ટેપરહા ગામમાં બુધવારે સવારે એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની. જ્યાં એક માથાફરેલા વ્યક્તિએ બે કિશોરોની કુહાડી વડે હત્યા કર્યા બાદ પોતાના જ પરિવાર સાથે એક રૂમમાં બંધ કરી આગ લગાવી દીધી, જેના કારણે કુલ છ લોકોનાં મોત થયા છે. આ ભીષણ આગમાં ચાર પશુઓ પણ જીવતા ભૂંજાઈ ગયા.



પોલીસના જણાવ્યા અનુસાર, આ ઘટના બુધવારે સવારે બની હતી જ્યારે ગામના રહેવાસી વિજય કુમારે પોતાના ખેતરમાં લસણ વાવવા માટે ગામના જ બે કિશોરો– સૂરજ યાદવ (14) પુત્ર લચ્છી રામ અને સની વર્મા (13) પુત્ર ઓમપ્રકાશને પોતાના ઘરે બોલાવ્યા હતા. અહેવાલો મુજબ, બંને કિશોરોએ નવરાત્રિનો અંતિમ દિવસ હોવાને કારણે ઘરે વધુ કામ હોવાનું કહીને ખેતરમાં કામ કરવાનો ઇનકાર કર્યો. આ વાતથી ગુસ્સે ભરાયેલા વિજયે પોતાના ઘરના આંગણામાં કુહાડી વડે બંને કિશોરો પર હુમલો કરી તેમની હત્યા કરી.

આ ઘટનાને અંજામ આપ્યા બાદ વિજયે પોતાની પત્ની અને બે દીકરીઓ સાથે પોતાને એક રૂમમાં બંધ કરી દીધા અને રૂમને આગ લગાવી દીધી. ઘટનાની જાણ થતા જ પોલીસ અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી. ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવવામાં આવ્યો, પરંતુ ત્યાં સુધીમાં બધું જ ખતમ થઈ ચૂક્યું હતું. આ અગ્નિકાંડમાં પતિ-પત્ની (વિજય અને તેની પત્ની) અને તેની બે દીકરીઓ સહિત ચાર લોકો જીવતા સળગી ગયા.

આ સમગ્ર ઘટનામાં બે કિશોરો સહિત કુલ છ લોકોનાં મોત થયા છે, જેના કારણે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ ઉપરાંત, વિજયના ઘરમાં બાંધેલા ચાર પશુઓ પણ આગમાં બળીને ભસ્મ થઈ ગયા. પોલીસે જણાવ્યું કે વિજય કુમાર ખેતી અને પશુપાલનનું કામ કરતો હતો. પોલીસ હાલમાં સમગ્ર મામલાની વિગતવાર તપાસ કરી રહી છે.

# જમ્મુ-કાશ્મીરમાં આતંકી સામે કાર્યવાહી તહરીક-એ-હુર્રિયતનું હેડક્વાર્ટર સીલ

**જમ્મુ કાશ્મીર**

જમ્મુ અને કાશ્મીર પોલીસે બડગામ જિલ્લાના હૈદરપોરામાં પ્રતિબંધિત તહરીક-એ-હુર્રિયતના મુખ્યાલયને કબજે કર્યું. આ સંગઠનની સ્થાપના 2004માં અલગતાવાદી નેતા સૈયદ અલી શાહ ગિલાની દ્વારા કરવામાં આવી હતી. આ સંગઠન વર્ષોથી કાશ્મીરમાં ખાસ કરીને ખીણમાં અલગતાવાદી પ્રવૃત્તિઓનું કેન્દ્ર રહ્યું હોવાના અહેવાલ છે. ગિલાનીનું 2021માં અવસાન થયું. હૈદરપોરામાં રહેમતાબાદ ઓફિસને ગેરકાયદે પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ, 1967 (UAPA)ની કલમ 25 હેઠળ જપ્ત કરવામાં આવી હતી. જપ્ત કરાયેલી મિલકતમાં 1 કનાલ 1 મરલા જમીન પર ત્રણ માળની ઇમારતનો સમાવેશ થાય છે જેનો ઉપયોગ પ્રતિબંધિત સંગઠનના કાર્યાલય તરીકે થઈ રહ્યો હતો. આ કાર્યવાહી UAPA હેઠળ બડગામ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી FIR નંબર 08/2024 સાથે જોડાયેલી છે. પોલીસના જણાવ્યાનુસાર, એકત્રિત પુરાવાઓના આધારે અને સક્ષમ અધિકારીની યોગ્ય મંજૂરી બાદ કાનૂની જોગવાઈઓ અનુસાર મિલકત જપ્ત કરવામાં આવી હતી.

# ઉત્તર પ્રદેશના ફતેહપુરમાં આકાશથી વીજળી પડતાં હોનારત, પિતા-પુત્ર સહિત 8ને કાળ ભરખી ગયો

**લખનઉ**

યુપીના ફતેહપુર જિલ્લામાં મંગળવાર સાંજે આકાશી વીજળીએ કહેર વર્તાવ્યો છે. અહીં સદર તાલુકાના ત્રણ અલગ અલગ જગ્યાએ આકાશી વીજળી પડવાથી પિતા પુત્ર સહિત અન્ય સાત લોકોનો મોત થયા હતા.

ફતેહપુરના ગાઝીપુર વિસ્તારમાં બન્યો હતો. જેમાં 75 વર્ષીય નિવૃત્ત રેલ્વે કર્મચારી દેશરાજનું આકાશી વીજળી પડવાથી ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. સિમોરના રહેવાસી દેશરાજ એક નજીકના સગાનાં ઘરેથી



મુંડન સમારોહમાં હાજરી આપીને પરત ફરી રહ્યા હતા. ત્યારે વીજળી પડતાં મોત થયું હતું.

અસોથર વિસ્તારના જરૌલી ગામમાં બની હતી. અહીં પ્રાથમિક સ્કૂલની પાછળના ભાગના જંગલમાં પોતાના ઢોર ચરાવતા બે યુવાનો પર વીજળી પડી. જ્યાં નીરજ ગુપ્તા, કલ્લુ ગુપ્તા, વિપિન રૈદાસનનું મોત થયું.

દતૌલી ગામમાં બની હતી. 36 વર્ષીય ઘેટાં ચરાવનાર રવિ પાલ બપોરે પોતાના 14 વર્ષના પુત્ર ઋષભ સાથે જંગલમાં ગયો હતો. અચાનક ભારે વરસાદ બાદ વીજળી પડતાં પુત્રનું મૃત્યુ થયું હતું. ખાગા તાલુકાના કિશનપુર વિસ્તારના અફઝલપુર ગામના રહેવાસી 45 વર્ષીય જાગેશરણ નિષાદ ભેંસો ચરાવતી વખતે એક ઝાડ નીચે ઉભા હતા. જ્યા વીજળી પડવાથી તેમનું મૃત્યુ થયું.

# રોહિત ગોદારા-ગોલ્ડી બ્રાર ગેંગના બે કુખ્યાત શૂટરો દિલ્હીમાં દબોચાયા, પગમાં ગોળી વાગી

## હરિયાણાના ત્રિપલ મર્ડરનો આરોપી દિલ્હીમાં હોવાની ગુપ્ત માહિતી પોલીસને મળી હતી

**હરિયાણા**

દિલ્હી પોલીસની કાઉન્ટર-ઇન્ટેલિજન્સ ટીમને હરિયાણાના ચકચારી ત્રિપલ મર્ડર કેસના આરોપીઓ દિલ્હીના ન્યૂ ફ્રેન્ડ્સ કોલોની વિસ્તારની આસપાસ ફરી રહ્યા હોવાની ગુપ્ત માહિતી મળી હતી. આ બાતમીના આધારે, કાલિંદી કુંજ વિસ્તારમાં આવેલા પુષ્ટા રોડ પર પોલીસ દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું. વહેલી સવારે લગભગ 3 વાગ્યાની આસપાસ, એક બાઈકને પુષ્ટા રોડ પર આવતા જોઈને તેને રોકવાનો ઇશારો કરવામાં આવ્યો. જોકે, બાઇક પર સવાર ગુનેગારોએ પોલીસ પાર્ટી પર ગોળીબાર શરૂ કરી દીધો હતો. પોલીસે આત્મ-રક્ષણમાં કરેલા વળતા ગોળીબારમાં, બંને ગુનેગારોને પગમાં ગોળી વાગતા તેઓ ઘાયલ થયા હતા અને ત્યારબાદ તેમની ધરપકડ કરવામાં આવી હતી.

સ્પેશિયલ સેલની ટીમે પકડેલા આ બંને શૂટરોની ઓળખ રાહુલ (પાનીપત, હરિયાણા) અને સાહિલ (ભિવાની, હરિયાણા) તરીકે થઈ છે. આ બંને કુખ્યાત ગુનેગારો રોહિત ગોદારા-ગોલ્ડી બ્રાર-વીરેન્દર ચરણ નામના સંગઠિત અપરાધ સિંડિકેટ સાથે જોડાયેલા છે. અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ, ઘાયલ આરોપી રાહુલ ડિસેમ્બર 2024 માં હરિયાણાના યમુના નગરમાં થયેલા ત્રિપલ મર્ડર કેસમાં સામેલ હતો અને ત્યારથી તે ફરાર હતો. આ ઓપરેશનથી પોલીસે એક મોટા ગુનાહિત નેટવર્ક પર પ્રહાર કર્યો છે, જે રાજ્યોમાં ગંભીર ગુનાઓને અંજામ આપી રહ્યું હતું.

# બરેલીમાં જુમ્માને લઈને બે દિવસ માટે ઈન્ટરનેટ બંધ, 4 જિલ્લામાં હાઈ એલર્ટ

## અનેક જવાનો તૈનાત, ડ્રોન દ્વારા દેખરેખ રાખવામાં આવી

**બરેલી**

દશેરા ઉત્સવ દરમિયાન જુમ્માની નમાઝને લઈને તંત્ર દ્વારા ઉત્તરપ્રદેશના બરેલી મંડળના ચાર જિલ્લામાં કડક સુરક્ષા બંદોબસ્ત ગોઠવી દેવાયો છે અને સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ, પીએસી અને આરએએફના જવાનોને તૈનાત કરાયા છે. સાથે જ ડ્રોન દ્વારા દેખરેખ રખાઈ રહી છે. અધિકારીઓએ માહિતી આપી છે કે, ગુરુવાર (2 ઓક્ટોબર) બપોરે 3 વાગ્યાથી ઈન્ટરનેટ સેવાઓ બંધ કરી દેવાઈ છે. આ પ્રતિબંધ શનિવાર બપોર સુધી રહેશે. આ અગાઉ પણ ઈન્ટરનેટ 48 કલાક માટે બંધ કરી દેવાયું હતું.

ઉત્તરપ્રદેશ સરકારના ગૃહ સચિવ ગૌરવ દયાલે આદેશ પણ જાહેર કર્યા છે. ગૃહ સચિવે આદેશમાં લખ્યું છે કે, બરેલીમાં કાયદો વ્યવસ્થા બગડવાની સ્થિતિ બની શકે છે. તેનાથી જાન-માલને નુકસાન પણ થઈ શકે છે. SMS અને વોટ્સએપની સાથે ફેસબુક અને યૂટ્યુબ સહિતના અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દ્વારા લોકોની ભાવનાઓને ભડકાવવાનો પ્રયાસ કરાઈ શકે છે.

# હું પૂરા 5 વર્ષ CM રહીશ : CM સિદ્ધારમૈયાની 'નવેમ્બર ક્રાંતિ'ની અટકળો પર પ્રતિક્રિયા

**બેંગ્લોર**

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ બુધવારે કહ્યું કે, તેઓ પાંચ વર્ષનો કાર્યકાળ મુખ્યમંત્રી તરીકે પૂર્ણ કરશે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે કોંગ્રેસના કેટલાક નેતા, જેમ કે કુનિગલ ધારાસભ્ય એચડી રંગનાથ અને પૂર્વ મંડ્યા સાંસદ એલઆર શિવરામેગૌડા કહી રહ્યા હતા કે નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમાર આગામી મુખ્યમંત્રી બની શકે છે. કોંગ્રેસમાં અનેક લોકો નવેમ્બર ક્રાંતિની વાત કરી રહ્યા છે, કારણ કે તેમનો પહેલા બે અને અડધા વર્ષનો કાર્યકાળ ટૂંક સમયમાં પૂર્ણ થવાનો છે.' કોંગ્રેસ સત્તામાં આવી ત્યારે મે 2023માં આ અટકળો હતી કે એક કરાર થઈ શકે છે, જેમાં સિદ્ધારમૈયા પહેલા અડધા કાર્યકાળ માટે મુખ્યમંત્રી બને. શિવકુમાર આગામી અડધા વર્ષ માટે બને.

# બિહારમાં વિધાનસભા ચુંટણી પહેલા કુલ ૭.૪૨ કરોડ મતદાતા, ૪૭ લાખ કપાયા

**પટણા**

બિહાર વિધાનસભાની ચુંટણીની તૈયારીના ભાગરૂપે રાજ્યમાં મતદાનની ફાઈનલ યાદી તૈયાર થઈ ગઈ છે.યાદી મુજબ અત્યાર સુધી બિહારમાં કુલ ૭ કરોડ ૪૨ લાખ મતદાતાઓ છે જે ગત સમયની ૧ જુન ૨૦૨૫ના રોજ આંકડો ૭.૮૯ કરોડનો હતો.

એ દ્રષ્ટીએ જોઈએ તો કુલ ૪૭ કરોડ મતદાતાઓની સંખ્યા ઘટી છે. ૧ ઓગસ્ટ ૨૦૨૪ની યાદીમાં બહાર પાડવામાં આવેલા ડ્રાફ્ટ વોટર લિસ્ટમાં કુલ ૭.૨૪ કરોડ મતદાતા હતા. ચુંટણી પંચે બહાર પાડેલા નવીનત્તમ આંકડા અનુસાર ડ્રાફ્ટ મતદાતા સૂચીની સરખામણીમાં ૩ લાખ ૬૬ હજાર નામ અયોગ્ય જણાતા કમી કરવામાં આવ્યા છે. જ્યારે ડ્રાફ્ટ રોલમાં શામેલ ના હોવાથી ૨૧.૫૩ લાખ નવા મતદાતાઓને ફોર્મ ૬ ભરીને પોતાના નામ જોડવામાં આવ્યા છે.

ચુંટણી પંચના જણાવ્યા અનુસાર કોઈ યોગ્ય વ્યકિત હજુ પણ પોતાનું નામ ઈચ્છે તો મતદાતા સૂચીમાં નામ જોડી શકે છે તેના માટે ફોર્મ ૬ ભરવું પડશે. શરત એટલી જ છે કે અરજી ચુંટણીમાં નામાંકન કરવાની અંતિમ તારીખના દસ દિવસ પહેલા જમા થવી જરુરી છે.

# કચરો નાખતા જ ખાતામાં જમાં પૈસા થઈ જશે, ભારતના તિરુપતિ મંદિરે AI મશીનો લાગ્યા

**નવી દિલ્હી**

આંધ્ર પ્રદેશના તિરુમાલા તિરુપતિ મંદિરે સ્વચ્છતા જાળવવા અને કચરો ઘટાડવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. આ પહેલ ડિજિટલ ડિપોઝિટ રિફંડ સ્કીમ હેઠળ શરૂ થઈ છે. મંદિરમાં AIથી સજ્જ સ્માર્ટ મશીનો લગાવવામાં આવી છે, જે ખાલી ટેટ્રા પેક અને એલ્યુમિનિયમ કેન નાખવા પર તુરંત UPI દ્વારા રિફંડ આપે છે. આંધ્ર પ્રદેશના તિરુમાલા તિરુપતિ મંદિરે સ્વચ્છતા જાળવવા અને કચરો ઘટાડવા માટે એક નવી પહેલ શરૂ કરી છે. આ પહેલ ડિજિટલ ડિપોઝિટ રિફંડ સ્કીમ હેઠળ શરૂ થઈ છે. મંદિરમાં AIથી સજ્જ સ્માર્ટ મશીનો લગાવવામાં આવી છે, જે ખાલી ટેટ્રા પેક અને એલ્યુમિનિયમ કેન નાખવા પર તુરંત UPI દ્વારા રિફંડ આપે છે. આથી મંદિરમાં આવતા શ્રદ્ધાળુઓ સ્વચ્છતાનું વિશેષ ધ્યાન રાખશે.

# પ્રથમ ટેસ્ટ મેચ : બુમરાહ-સિરાજ ઝળક્યા, વિન્ડીઝ ૧૬૨માં સમેટાયું

## જસ્ટિન ગ્રીવ્સ ૩૨, સુકાની રોસ્ટન ચેસ ૨૪, સિરાજ ૪/૪૦, બુમરાહ ૩/૪૨, દિવસના અંતે ભારત બે વિકેટે ૧૨૧, રાહુલ અણનમ ૫૩

**અમદાવાદ**

અંતિમ સેશનમાં ગણતરીની મિનિટો માટે નડેલા વરસાદના વિઘ્ન વચ્ચે પેસ બોલર જસપ્રીત બુમરાહ અને મોહમ્મદ શમીએ નાખેલા ઘાતક સ્પેલની મદદથી ભારતે પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ગુરુવારે પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝને ૪૪.૧ ઓવરમાં ૧૬૨ રનના સ્કોરે ઓલઆઉટ કરી નાખી હતી. ત્યારબાદ ભારતે સ્ટમ્પના સમયે પ્રથમ દાવમાં બે વિકેટે ૧૨૧ રન નોંધાવ્યા હતા. સિરાજે શાનદાર લાઈનલેન્થ દ્વારા પ્રારંભિક ૬૦માંથી ૫૪ બોલ ગુડલેન્થ ઉપર નાખીને કેરેબિયન બેટ્સમેનોને સતત મૂંઝવણમાં રાખ્યા હતા. પેસ બોલર બુમરાહ અને સિરાજે કુલ સાત વિકેટ ઝડપી હતી. ત્રીજા સેશનમાં ભારતે ઓપનર યશસ્વી જયસ્વાલ (૩૬) તથા સાઈ સુદર્શનની (૭) વિકેટ ગુમાવી હતી. લોકેશ રાહુલે ૧૦૧ બોલમાં ૫૦ રન પૂરા કર્યા હતા. સ્ટમ્પના સમયે




લોકેશ ૧૧૪ બોલમાં ૫૩ તથા શુભમન ગિલ ૧૮ રન બનાવીને રમી રહ્યા હતા. ભારત હજુ ૪૧ રન પાછળ છે. વરસાદ તથા ભેજવાળા વાતાવરણમાં વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો પરંતુ પેસ બોલર જસપ્રીત બુમરાહ તથા મોહમ્મદ સિરાજે પ્રવાસી ટીમના નિર્ણયને ખોટો સાબિત કરી દીધો હતો. વિન્ડીઝે લંચ પહેલાં જ ૨૩.૨ ઓવરમાં ૯૦ રનના સ્કોરે પાંચ વિકેટ ગુમાવી દીધી હતી. કુલદીપ યાદવે શાઈ હોપને બોલ્ડ કર્યો હતો. સિરાજે ૪૦ રનમાં સર્વાધિક ચાર, બુમરાહે ૪૨ રનમાં ત્રણ તથા કુલદીપે ૨૫ રનમાં એક તથા વોશિંગ્ટન સુંદરે એક વિકેટ હાંસલ કરી હતી.

### WTC-૨૫માં હાઇએસ્ટ વિકેટના મામલે મોહમ્મદ સિરાજે મિચેલ સ્ટાર્કનો દબદબો તોડયો

**અમદાવાદ :** ભારતીય પેસ બોલર મોહમ્મદ સિરાઝે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની (ડબ્લ્યૂટીસી) ત્રીજી સાઇકલમાં સર્વાધિક વિકેટ ઝડપનાર બોલર બનવાની સિદ્ધિ મેળવી હતી. વેસ્ટ ઇન્ડિઝ સામેની પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસે ત્રીજી વિકેટ ઝડપતાની સાથે સિરાજે ઓસ્ટ્રેલિયાના અનુભવી પેસ બોલર મિચેલ સ્ટાર્કને પાછળ રાખી દીધો હતો. સિરાજ અત્યાર સુધીમાં ૩૧ વિકેટ પોતાના નામે કરી ચૂક્યો છે. સ્ટાર્કે ડબ્લ્યૂટીસીની સાત ટેસ્ટમાં ૨૯ વિકેટ ઝડપી છે અને હવે તે બીજા ક્રમે સરકી ગયો છે.

### બુમરાહે ભારતમાં વિશેષ અડધી સદી નોંધાવી, ટેસ્ટમાં ૫૦ વિકેટ પૂરી કરી

**અમદાવાદ :** ભારતના અનુભવી પેસ બોલર જસપ્રીત બુમરાહે વેસ્ટ ઇન્ડિઝ સામે રમાતી પ્રથમ ટેસ્ટના પ્રથમ દિવસે વિશેષ સિદ્ધિ હાંસલ કરી લીધી હતી. બુમરાહે વિન્ડીઝની ત્રીજી વિકેટ ઝડપતાની સાથે ભારતની ધરતી ઉપર ૫૦ વિકેટ પૂરી કરી હતી.તેણે માત્ર ૨૪ ઇનિંગ્સમાં આ માઇલસ્ટોન હાંસલ કરી લીધો હતો. આ સાથે તે સંયુક્ત રીતે ભારતમાં ફસ્ટેસ્ટ ૫૦ ટેસ્ટ વિકેટ ઝડપનાર બોલર પણ બની ગયો છે. આ મામલે બુમરાહે ભૂતપૂર્વ પેસ બોલર જવાગલ શ્રીનાથની પણ બરોબરી કરી હતી.

### રવિવારે ફરી ભારત-પાકિસ્તાનનો મુકાબલો, મહિલા વનડે વર્લ્ડકપનો કાર્યક્રમ જાહેર

એશિયા કપ 2025 પછી ક્રિકેટ ફેન્સની નજર ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (ICC) મહિલા ODI વર્લ્ડ કપ પર છે, જ્યાં ભારત અને પાકિસ્તાન ફરી એકવાર આમને-સામને થશે. આગામી રવિવાર (પાંચમી ઓક્ટોબર) ફેન્સ માટે રોમાંચક બનવાનો છે. કારણ કે, ભારતીય મહિલા ક્રિકેટ ટીમ પાકિસ્તાનની ટીમ સામે ટકરાશે. આ મેચ શ્રીલંકાના કોલંબોમાં રમાશે. અહેવાલો અનુસાર, શ્રીલંકાના કોલંબોમાં પ્રેમદાસા સ્ટેડિયમમાં યોજાનારી આ ભારત અને પાકિસ્તાનની મેચ પર સૌની નજર રહેશે.

### યૂથ અંડર-૧૯ ટેસ્ટમાં ભારતે ઓસી.ને ઇનિંગ અને ૫૮ રનથી હરાવ્યું : ભારતને 1-0ની લીડ

**મેલબોર્ન :** આયુષ મહાત્રેના નેતૃત્વ હેઠળની ભારતીય અંડર-૧૯ ટીમે બે ટેસ્ટ મેચની યૂથ શ્રેણીમાં ઓસ્ટ્રેલિયાને પ્રથમ મુકાબલામાં એક ઇનિંગ અને ૫૮ રનથી હરાવીને ૧-૦ની લીડ મેળવી લીધી હતી. પ્રથમ બેટિંગ કરનાર ઓસ્ટ્રેલિયન ટીમ ૨૪૩ રનમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તેના જવાબમાં ભારતે વૈભવ સૂર્યવંશી અને વેદાંત ત્રિવેદીની સદી વડે ૪૨૮ રનનો તોતિંગ સ્કોર નોંધાવ્યો હતો અને યજમાન ટીમ સામે ૧૮૫ રનની જંગી લીડ મેળવી હતી. ઓસ્ટ્રેલિયન ટીમનો બીજો દાવ ૧૨૭ રનમાં સમેટાઈ ગયો હતો.

## બીસીસીઆઈની ધમકી આગળ નકવી ઘૂંટણિયે પડયા, એશિયા કપ ટ્રોફી UAE બોર્ડને સોંપી

### દુબઈ પોલીસ કાર્યવાહી કરશે તેવા ભયથી નકવીએ ACCની ઓફિસમાં ટ્રોફી જમા કરાવી

**નવી દિલ્હી**

પાકિસ્તાન સરકારના ગૃહમંત્રી અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના પ્રમુખ મોહસીન નકવી એશિયા કપની ટ્રોફી અંગે સતત વિવાદમાં ફસાઈ રહ્યા છે. ભારતીય ટીમે નકવી પાસેથી ટ્રોફી સ્વીકારવાનો ઈનકાર કર્યો હતો. ત્યારબાદ નકવી હોટેલમાં ટ્રોફી લઈ ગયા હતા જેના કારણે બીસીસીઆઈ લાલઘૂમ થયું હતું. ચોમેરથી દબાણ વધતા અને આઈસીસીમાં ફરિયાદ કરવામાં આવશે તેવી બીસીસીઆઈએ આપેલી ધમકીના કારણે મોહસીન નકવી ઘૂંટણિયે પડયા છે અને તેમણે એશિયા કપ ટ્રોફી યુએઈ બોર્ડને સોંપી દીધી છે. એસીસીની વર્ચ્યુઅલ બેઠકમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલના અન્ય બોર્ડ મેમ્બર્સે બીસીસીઆઈને સમર્થન આપ્યું હતું. માનવામાં આવી રહ્યું છે કે એશિયા કપ ટ્રોફીને સીધી બોર્ડના મુખ્ય મથકે મોકલી આપવામાં આવશે અથવા તો દુબઈમાં રહેલા ભારતના કોઈ અધિકારીને આપી દેવામાં આવશે જે ટ્રોફી લઈને ભારત આવશે. નોંધનીય છે કે બીસીસીઆઈ દુબઈ પોલીસમાં નકવી સામે ટ્રોફી ચોરી અને ગેરકાનૂની રીતે મેડલ્સ પોતાની પાસે રાખવાના સંદર્ભમાં ઔપચારિક ફરિયાદ નોંધાવવાની યોજના ઘડી રહ્યું હતું અને સ્થિતિ બગડે તે પહેલાં નકવીએ બોર્ડની માફી માગીને ટ્રોફી દુબઈ સ્થિત એસીસી ઓફિસમાં જમા કરાવી દીધી હતી. સમગ્ર ઘટના પૂરી થયા બાદ નકવી પાકિસ્તાન પરત ફર્યા હતા.

## ICC T20I રેન્કિંગમાં અભિષેકે રચ્યો ઈતિહાસ, હાર્દિક પંડ્યાને નુકસાન

**દુબઈ**

ટી20 એશિયા કપ 2025ના સમાપન પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલએ બુધવારે સૌથી ટૂંકા ફોર્મેટમાં ખેલાડીઓ માટે નવું રેન્કિંગ જાહેર કર્યું. ભારતના યુવા ઓપનર અભિષેક શર્મા T20Iમાં નંબર-1 સ્થાન પર યથાવત્ છે. જોકે, અભિષેકે ICC T20 રેન્કિંગમાં સૌથી વધુ રેટિંગ પોઈન્ટ સાથે બેટર બનીને ઈતિહાસ રચ્યો છે, હાલમાં તેની પાસે 931 પોઈન્ટ છે. 25 વર્ષીય ખેલાડીએ ઈંગ્લેન્ડના ડેવિડ મલાનનો વર્લ્ડ રેકોર્ડ તોડ્યો છે, જે 919 પોઈન્ટ પર પહોંચ્યો હતો. બેટરોની યાદીમાં ઈંગ્લેન્ડના ફિલ સોલ્ટ (844) બીજા ક્રમે છે. તિલક વર્મા (819) ત્રીજા સ્થાને યથાવત્ છે. પાકિસ્તાનના ફાસ્ટ બોલર શાહીન



આફ્રિદી (12 સ્થાન ઉપર 13મા ક્રમે) અને બાંગ્લાદેશના સ્પિનર રિશાદ હુસૈન (છ સ્થાન ઉપર 20મા ક્રમે) ને પણ ફાયદો થયો. હાર્દિક પંડ્યા એ પોતાનું નંબર-વન સ્થાન ગુમાવ્યું છે. પાકિસ્તાનનો સૈમ અયુબ હવે ટી-20માં નવા નંબર-વન ઓલરાઉન્ડર બની ગયો છે, જે હાર્દિકને પાછળ છોડી ગયો છે. હાર્દિક 233 પોઈન્ટ સાથે બીજા સ્થાને સરકી ગયો છે.

## ચાઇના ઓપનમાં ઇટાલીના યાનિક સિનરે સતત બીજી વખત ટ્રોફી જીતી

**બેઇજિંગ**

ઈટાલીનો સ્ટાર ખેલાડી યાનિક સિનર મેન્સ સિંગલ્સ ફાઈનલમાં અમેરિકાના યુવા ખેલાડી લર્નર ટિએનને ૬-૨, ૬-૨થી હરાવીને સતત બીજી વખત ચાઈના ઓપન એટીપી ટેનિસ ટૂર્નામેન્ટમાં ચેમ્પિયન બન્યો છે. વિશ્વના બીજા ક્રમાંકિત અને ટૂર્નામેન્ટમાં ટોચનો ક્રમાંક ધરાવતા સિનરે ૩૪ મિનિટમાં પ્રથમ સેટ જીતી લીધો હતો અને બીજા સેટમાં પણ પોતાનો દબદબો જારી રાખ્યો હતો. ૧૯ વર્ષીય ટિએન પ્રથમ ચાર ગેમમાં સિનરને પડકાર ફેંકી રહ્યો હતો પરંતુ સિનરે પાંચમી અને સાતમી ગેમમાં તેની સર્વિસ બ્રેક કરીને મુકાબલામાં પોતાનું વર્ચસ્વ જમાવી દીધી હતી.



૨૪ વર્ષીય ઈટાલિયન ખેલાડીએ એક કલાક ૧૨ મિનિટમાં સીધા સેટમાં વિજય હાંસલ કરી લીધો હતો. સિનર સતત ત્રીજા વર્ષે બેઈજિંગમાં ફાઈનલ રમ્યો હતો. ૨૦૨૩માં તેણે કાર્લોસ અલ્કારાઝ અને ડેનિયલ મેડવેડેવને હરાવીને ટાઈટલ જીત્યું હતું. ગયા સપ્તાહે તે રનર્સ-અપ બન્યો હતો.

## ભારતનું ૧૩ મેડલ્સ સાથે એશિયન ચેમ્પિ.નું સમાપન, ચીન ૪૮ મેડલ સાથે મોખરે રહ્યુ

**અમદાવાદ**

વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી ૧૧મી એશિયન એક્વેટિક ચેમ્પિયનશિપમાં ભારતે પોતાનું બેસ્ટ પ્રદર્શન કર્યું હતું. ભારતે ચાર સિલ્વર અને નવ બ્રોન્ઝ મેડલ સાથે કુલ ૧૩ મેડલ્સ મેળવીને અત્યાર સુધીનું બેસ્ટ પ્રદર્શન કર્યું હતું. ચીને પોતાનો દબદબો જાળવી રાખ્યો હતો અને હાઈએસ્ટ ૩૨ ગોલ્ડ મેડલ સહિત કુલ ૪૮ મેડલ્સ મેળવીને ટોચનું સ્થાન મેળવ્યું હતું. અંતિમ દિવસે ભવ્યા સચદેવ, સાજન પ્રકાશ, શ્રીહરિ




નટરાજ તથા મેનસ રિલે ટીમે ચાર બ્રોન્ઝ મેડલ મેળવ્યા હતા. ભારતે વિમેન્સ ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલ, મેન્સ ૨૦૦ મીટર બટરફ્લાય, મેન્સ ૧૦ મીટર બેક સ્ટ્રોક તથા મેન્સ ચાર બાય ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ રિલેમાં સફળતા હાંસલ કરીને બ્રોન્ઝ મેડલ પોતાના નામે કર્યા હતા. જાપાન પાંચ ગોલ્ડ સાથે ૧૭ મેડલ્સ મેળવીને બીજા તથા હોંગકોંગ ત્રણ ગોલ્ડ સાથે ૧૪ મેડલ મેળવીને ત્રીજા ક્રમે રહ્યું હતું. ચોથી ઓક્ટોબરથી ક્લાસિકલ સ્વિમિંગ તથા વોટર પોલો સ્પર્ધાઓ યોજાશે. મેન્સ ૮૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં વિયેતનામના હુઇ હોઆંગે ગોલ્ડ, ૨૦૦ મીટર બટરફ્લાયમાં ચાઈનીઝ તાઈપેઈના કુઆન હંગ વાંગે ગોલ્ડ તથા ૧૦૦ મીટર બેક સ્ટ્રોકમાં તથા વિમેન્સ ૪૦૦ મીટર ફ્રી સ્ટાઈલમાં જાપાનની હારુનો તાનિમોતોએ ગોલ્ડ મેડલ હાંસલ કર્યો હતો.

# ફિલિપાઇન્સમાં ધરતીકંપ : 69ના મોત, અનેકને ઇજા : સુનામીની સંભાવના

## ઉત્તર-પૂર્વ ફિલિપાઇન્સના સેબુટાપુમાં મોડી રાત્રે ધરતીકંપ : અંધારપટ છવાઇ ગયો : લોકો બેબાકળા બની ઘરની બહાર દોડી ગયા

**મનીલા**

ફિલિપાઈન્સના બોગોથી ઉત્તર પૂર્વે ૧૭ કિ.મી. દૂર થયેલા પ્રબળ ધરતીકંપે તારાજી મચાવી દીધી હતી. ગઈકાલે રાત્રે થયેલો આ પ્રબળ ધરતીકંપ રીકટર સ્કેલ ઉપર ૬.૯ની તિવ્રતાનો નોંધાયો હતો. છેલ્લી માહિતી પ્રમાણે આ ધરતીકંપમાં સમગ્ર દેશમાં મળી કુલ ૬૯ના મૃત્યુ થયા છે. ઈજાગ્રસ્તોની સંખ્યા તો ઘણી વધુ છે.

આ વિષે માહિતી આપતા ડીઝાસ્ટર પીટીગેશન ઓફિસર રેક્સ ચીગોટે જણાવ્યું હતું કે એકવા સેબુ જિલ્લામાં જ ૧૪ નાગરિકોના મૃત્યુ નોંધાયા હતા. આ સાથે એપીને ટેલિફોન ઉપર કરેલી વાતમાં તેઓએ કહ્યું હતું કે, ત્યાં મૃત્યુ આંક વધવાની પૂરી શક્યતા છે.

આ ઉપરાંત ૩ કોસ્ટ ગાર્ડ એક ફાયર ફાઈટર અને એક બાળક સહિત કુલ છના, સાન-રેનિજીયો શહેરમાં મૃત્યુ થયા હતા. તેમ શહેરના વાઈસ મેયર આલ્ફી રયન્સે પત્રકારોને જણાવ્યું હતું. આ માહિતી આપવા સાથે તેઓએ રેડીયો ઉપર પણ અપીલ દર્જ કરતાં સૌને કહ્યું હતું કે અહીં પાણીની પાઈપલાઈનો પણ તૂટી ગઈ છે. ખાદ્ય પદાર્થોની ભારે ખેંચ છે. અમોને મદદ કરવા સૌને વિનંતી છે.

રાત્રીના સમયે થયેલા આ ધરતીકંપને લીધે વીજળી ડુલ થઈ ગઈ હતી. રાત્રીના ઓચિંતી જ ધરા ધ્રુજવા લાગી હોવાથી લોકો બેબાકળા બની ઘરની બહાર દોડી ગયા હતા. આ ધરતીકંપને લીધે ઉત્તર પૂર્વના સેબુટાપીમાં અંધારપટ છવાઈ ગયો હતો. પાકા મકાનોની દિવાલોમાં તિરાડો પડી ગઈ હતી. આ ટાપુનાં અન્ય શહેરોમાં પણ આવી જ ખાનાખરાબી ભરી સ્થિતિ ઉપસ્થિત થઈ હતી. જયાં પાકા મકાનોમાં પણ તિરોડી પડી ગઈ હોય ત્યાં કાચા કે પાટિયાના બનાવેલા મકાનો તો ટકી શકે જ નહીં તે સહજ છે.



# યુકેમાં 6.7 અબજ ડોલર્સનું ક્રિપ્ટો કૌભાંડ કરનાર ચીની મહિલા ઝડપાઇ

## વર્ષ 2014થી 2017 દરમ્યાન સવા લાખ લોકોને છેતર્યા

**લંડન**

૪૭ વર્ષની ચીની મહિલા ઝિમિન કિઆન ઉર્ફે યાડી ઝાંગને ક્રિપ્ટો કરન્સીના સૌથી મોટાં કૌભાંડમાં લંડનની અદાલતમાં ગુનેગાર ઠેરવવામાં આવી હતી. આ મહિલાએ સાઉથવાર્ક ક્રાઉન કોર્ટ સમક્ષ કબૂલાત કરી હતી કે તેણે ગેરકાયદે ૬૧,૦૦૦ બિટકાઈન્સ મેળવ્યા હતા. આ બિટકોઈન્સનું મૂલ્ય ૬.૭ અબજ ડોલર્સનું થાય છે. પાંચ વર્ષ આકરી જહેમત કરી મેટ્રોપોલિટન પોલીસ દ્વારા આ કેસ ઉકેલવામાં આવ્યો હતો.

કેનેડાની પોલીસના જણાવ્યા અનુસાર કિઆને ૨૦૧૪ અને ૨૦૧૭ દરમ્યાન ચીનમાં ૧,૨૮,૦૦૦ લોકોને ઉલ્લુ બનાવી તેમની પાસે મોટી રકમનું ઈન્વેસ્ટમેન્ટ કરાવ્યું હતું. કિઆને આ રીતે ઉચાપત કરેલાં નાણાંનું મૂળ સંતાડવા તેને બિટકોઈનમાં ટ્રાન્સફર કરી લીધાં હતા.૨૦૧૮માં ક્રિપ્ટો એસેટની ભેદી ટ્રાન્સફરની બાતમી મળતાં પોલીસે આ મામલે તપાસ શરૂ કરી હતી.

# UN માં માનવતા અંગે જ્ઞાન આપતા પાકિસ્તાન ઉપર ભડક્યાં ભારતીય રાજદૂત, લગાવી ફિટકાર

**લંડન**

ભારતે સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં પાકિસ્તાનની આકરી ટીકા કરીને તેને આડે હાથ લીધુ અને ફિટકાર લગાવી છે. ભારતીય રાજદૂત મોહમ્મદ હુસૈને બુધવારે જિનેવામાં આયોજિત 60મા સત્રની 34મી બેઠકમાં કહ્યું કે, ‘આ વિડંબના છે કે પાકિસ્તાન જેવો દેશ માનવાધિકારો પર બીજાઓને જ્ઞાન આપવાની હિંમત કરે છે, જ્યારે તેના પોતાના જ દેશમાં લઘુમતીઓ પર સતત અત્યાચાર થઈ રહ્યા છે.’ હુસૈને સ્પષ્ટ કહ્યું કે, ‘પાકિસ્તાને પ્રચાર ફેલાવવાને બદલે પોતાના ઘરની પરિસ્થિતિ સુધારવી જોઈએ અને લઘુમતીઓ પર થઈ રહેલા અત્યાચારોનો સામનો કરવો જોઈએ.’

બેઠક દરમિયાન અન્ય વક્તાઓએ પણ પાકિસ્તાનના માનવાધિકાર ઉલ્લંઘન પર સવાલ ઉઠાવ્યા હતા. ભૂ-રાજકીય સંશોધક જૉશ બોવ્સે બલુચિસ્તાનમાં કથિત ઉત્પીડનનો મુદ્દો ઉઠાવ્યો અને જણાવ્યું કે, પાકિસ્તાન સંવેદનશીલ સમુદાયોને દબાવે છે અને આંતરરાષ્ટ્રીય મંચો પર નૈતિકતાનો ઢોંગ કરે છે. તેમણે જણાવ્યું કે, USCIRFનો ધાર્મિક સ્વતંત્રતા રિપોર્ટ 2025 પ્રમાણે પાકિસ્તાનમાં 700થી વધુ લોકો ઈશનિંદા કાયદા હેઠળ જેલમાં છે. આ આંકડો ગત વર્ષની તુલનામાં 300% વધુ છે. બલૂચ નેશનલ મૂવમેન્ટના માનવાધિકાર એકમ પાંક પ્રમાણે 2025ના પ્રથમ છ મહિનામાં જ 785 બળજબરીથી ગુમ અને 121 હત્યાઓ નોંધાઈ હતી. બીજી તરફ પશ્તૂન રાષ્ટ્રીય જર્ગાનું કહેવું છે કે, આ વર્ષે લગભગ 4,000 પશ્તૂન હજુ પણ ગુમ છે.

# પ્રમુખ ટ્રમ્પની શાંતિ યોજના વચ્ચે ઈઝરાયલનો ગાઝામાં ફરી હુમલો, 16ના મોત, અનેક ગાયલ

## શાળા પર ગણતરીની મિનિટોના અંતરે બે હુમલા થયા, હુમલામાં 5 ફિલિસ્તીનીના મોત

**ગાઝા**

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ દ્વારા ગાઝામાં શાંતિ યોજના વચ્ચે ઈઝરાયેલે ગાઝામાં ભાયનક હુમલો કર્યો છે. હુમલામાં ઓછામાં ઓછા 16 ફિલિસ્તીનીઓના મોત થયા છે. સ્થાનિક હોસ્પિટલના અધિકારીઓએ કહ્યું કે, મૃતકોમાં ગાઝા સિટીમાં વિસ્થાપિતો માટે બનાવેલી સ્થળમાં આશરો લઈ રહેલા લોકોનો પણ સમાવેશ થાય છે.

અલ-અહલી હોસ્પિટલના અધિકારીઓએ જણાવ્યું કે, ગાઝા શહેરના પૂર્વ જિતૂન વિસ્તારમાં આવેલી અલ-ફલાહ શાળા પર થોડી જ મિનિટોના અંતરે બે હુમલા થયા હતા. ગાઝા સિટીના પશ્ચિમી ભાગમાં એક પીવાના પાણીના ટેન્ક પાસે ભેગા થયેલા લોકો પર થયેલા અન્ય એક હુમલામાં પણ પાંચ ફિલિસ્તીનીઓ માર્યા ગયા હતા.

આ પણ વાંચો : પાકિસ્તાનમાં હિંસા, અનેક જિલ્લાઓમાં ભારે દેખાવો, બેના મોત, પોલીસ જવાનોને બંધક બનાવાયા

યુદ્ધમાં 66000થી વધુના મોત

ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, સાત ઓક્ટોબર-2023ના હુમલા બાદથી ઈઝરાયલની કાર્યવાહીમાં અત્યાર સુધીમાં 66000થી વધુ ફિલિસ્તીનીઓના મોત થયા છે, જ્યારે આશરે 1.70 લાખ લોકો ઘાયલ થયા છે. પત્રકારોની સુરક્ષા સમિતિ (CPJ) મુજબ આ ક્ષેત્રમાં 200થી વધુ પત્રકારો અને મીડિયાકર્મીઓએ પણ જીવ ગુમાવ્યો છે.

# ભારતના વધતા દબદબાથી ડરેલું USA ડીપ સ્ટેટની રમત રમી રહ્યું છે : પૂર્વ રૉ પ્રમુખ

**ન્યૂયોર્ક**

રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના ભૂતપૂર્વ વડા વિક્રમ સૂદે જણાવ્યું હતું કે અમેરિકા અને પાકિસ્તાન વચ્ચે વર્તમાન દિવસોમાં મજબૂત સંબંધો સ્થાપિત થવા પાછળનું કારણ ભારત દ્વારા ઓપરેશન સિંદૂર દરમિયાન સંઘર્ષ વિરામમાં અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની ભૂમિકાના દાવાનો અસ્વીકાર છે. સુદે અમેરિકાના ડીપ સ્ટેટની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

સુદે કહ્યું કે, આ બળ ભારતની આર્થિક પ્રગતિમાં સૌથી મોટો અવરોધ બની રહ્યું છે. આ બધું ટ્રમ્પની વ્યક્તિગત નારાજગીથી શરૂ થયું હતું. જ્યારે ભારતે તેમને કથિત યુદ્ધવિરામ માટે શ્રેય આપવાનો ઈનકાર કર્યો હતો. સુદે ટ્રમ્પની આ નારાજગી પર કટાક્ષ કરતાં જણાવ્યુ હતું કે, પાકિસ્તાની નેતા ઘૂંટણિયે પડી ગયા અને કહ્યું, ‘આભાર, મારા સ્વામી. તમે નોબેલ પુરસ્કારને પાત્ર છો.’ આ ડીપ સ્ટેટનો ભ્રામક ખેલ છે. તેઓ ક્યારેય ઈચ્છતા નથી કે ભારત આર્થિક રીતે મજબૂત બને. સુદે વધુમાં જણાવ્યું હતું કે ભારત અને ચીન હવે વિશ્વની બે સૌથી મોટી આર્થિક મહાસત્તા બની ગયા છે, તેથી અમેરિકા ભારતની ઝડપથી વિકસી રહેલી આર્થિક વૃદ્ધિ અંગે ખૂબ ચિંતિત છે. તેમણે ભાર મૂક્યો હતો કે આ પાછળ કોઈ રાષ્ટ્રવાદી હેતુ નથી.

# ભારતની મહત્ત્વપૂર્ણ માગ ફગાવીને રશિયા પાકિસ્તાનને ફાઈટર જેટ એન્જિન આપશે

**વોશિંગ્ટન**

પાકિસ્તાનનું JF-17 ફાઈટર જેટ ચીની ફાઈટર જેટ હોઈ શકે છે, પરંતુ તે ઉડવા માટે રશિયામાં બનેલું એન્જિન પર આધાર રાખે છે. આ ફાઈટર જેટ રશિયાના RD-93MA એન્જિનથી ચાલે છે. પરંતુ હવે ભારત અને રશિયા વચ્ચે આ એન્જિનને લઈને વિવાદ થઈ શકે છે. ભારત લાંબા સમયથી રશિયાને પાકિસ્તાનને આ એન્જિન સપ્લાય કરવા વિનંતી કરી રહ્યું છે, પરંતુ તાજેતરના અહેવાલો અનુસાર, ભારતના વાંધાઓને અવગણીને, રશિયાએ પાકિસ્તાનને RD-93MA એન્જિન સપ્લાય કરવાનો નિર્ણય લીધો છે. રશિયાના UEC-ક્લિમોવ દ્વારા ઉત્પાદિત આ અદ્યતન પાવરપ્લાન્ટ્સ, ચીન સાથે સંયુક્ત રીતે વિકસિત પાકિસ્તાન વાયુસેનાના અદ્યતન JF-17 થંડર બ્લોક 3 ફાઈટર જેટનો આધારસ્તંભ છે.

# પાક.માં આર્થિક શોષણ થતાં સરકાર સામે ફરી વિરોધ-પ્રદર્શનો, બેના મોત

## પીઓકેમાં ઈન્ટરનેટ બંધ, 164 અધિકારીઓને બંધ કરાયા

**ઈસ્લામાબાદ**

પાકિસ્તાન-અધિકૃત કાશ્મીર (PoK) માં લોકોએ રાજકીય દમન અને આર્થિક શોષણ વિરુદ્ધ સરકાર સામે ભારે દેખાવો શરૂ કરી દીધા છે. દેખાવો વધુ ઉગ્ર થવાના કારણે સરકારે પીઓકેમાં ઈન્ટરનેટ સેવા બંધ કરી દીધી છે.

અહીં સ્થિતિ વધુ બગડી રહી છે. અનેક જિલ્લામાં દેખાવકારો અને પોલીસ વચ્ચે ઘર્ષણ થયાનો રિપોર્ટ સામે આવ્યો છે. વિરોધ પ્રદર્શન કરી રહેલા બે દેખાવકારોના મોત થયા બાદ મામલો વધુ વણસી ગયો છે.

પીઓકેમાં સ્થિતિ એવી વણી ગઈ છે કે, પંજાબ પોલીસના 164 અધિકારીઓને બંધક બનાવી લેવાયા છે. સરકાર અને સેનાના અનેક પ્રયાસો છતાં વિરોધ અટકવાનું નામ લેતો નથી અને લોકો રસ્તા પર ઉતરીને દેખાવો કરી રહ્યા છે. પાકિસ્તાની સુરક્ષા દળના જવાનો સ્થિતિને કાબુ લેવા માટે દેખાવકારોને અટકાવવાનો પ્રયાસ પણ કરી રહ્યા છે.

# ભારતની લોકશાહી પર હુમલા, દેશમાં ધર્મના નામે તિરાડો : કોલંબિયામાં રાહુલના પ્રહાર

**કોલંબિયા**

લોકસભામાં વિપક્ષ નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ કોલંબિયામાંથી ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે આક્ષેપ કર્યો છે કે, ભારતમાં લોકશાહી પર હુમલો થઈ રહ્યો છે. રાહુલ ગાંધીએ ભારત અને ચીન વચ્ચેના સંબંધો મુદ્દે પણ વાત કરી હતી. રાહુલ ગાંધીએ કહ્યું છે કે ભારત માટે સૌથી મોટો ખતરો ‘લોકશાહી પર હુમલો’ છે. કોલંબિયાની EIA યુનિવર્સિટીમાં એક વાર્તાલાપમાં રાહુલ ગાંધીએ કહ્યું, ‘ભારતમાં ઘણાં ધર્મ, પરંપરા અને ભાષા છે. લોકશાહી વ્યવસ્થા દરેક માટે સ્થાન પૂરું પાડે છે. પરંતુ હાલમાં, લોકશાહી વ્યવસ્થા પર ચારે બાજુથી હુમલો થઈ રહ્યો છે.’ રાહુલ ગાંધીના આ આક્ષેપ પર ભાજપે આકરો જવાબ આપતાં તેમને ‘પ્રોપેગેન્ડાના નેતા’ કહ્યા છે.

# ટ્રમ્પે કેનેડિયન લાકડા પર 10%, કેબિનેટ અને ફર્નિચર ઉપર 25% ટેરિફ લાદ્યો

**ઓન્ટેરિયો**

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે જણાવ્યું હતું કે, તેઓ આયાતી લાકડા અને લાકડા પર 10% ટેરિફ અને રસોડાના કેબિનેટ, બાથરૂમ વેનિટી અને અપહોલ્સ્ટર્ડ ફર્નિચર પર 25% ટેરિફ લાદી રહ્યા છે, જે વૈશ્વિક વેપાર ભાગીદારો પર તેમના ટેરિફ હુમલા ચાલુ રાખે છે. આ કાર્યવાહી ત્રણ ક્ષેત્રોમાં પ્રથમ છે. જેમાં ટ્રમ્પે ગયા અઠવાડિયે કહ્યું હતું કે, 1 ઓક્ટોબરથી પેટન્ટ ફાર્માસ્યુટિકલ આયાત અને ભારે ટ્રક આયાત સહિત ભારે નવી ટેરિફ લાદવામાં આવશે. સોમવારની ઘોષણા બે અઠવાડિયા પછી 14 ઓક્ટોબરના રોજ 12:01 વાગ્યે ET પર લાકડા અને ફર્નિચર ડ્યુટી શરૂ થવાની શરૂઆત કરશે. ટ્રમ્પે રાષ્ટ્રપતિની ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા, જેમાં તેમણે દલીલ કરી હતી કે લાકડા, ફર્નિચરની આયાત યુ.એસ. રાષ્ટ્રીય સુરક્ષાને નુકસાન પહોંચાડી રહી છે.

ઘોષણામાં કહેવામાં આવ્યું છે કે, ટેરિફ દર 14 ઓક્ટોબરથી શરૂ થશે, પરંતુ ઉમેર્યું હતું કે 1 જાન્યુઆરી, 2026થી ડ્યુટી વધીને અપહોલ્સ્ટર્ડ લાકડાના ઉત્પાદનો માટે 30 ટકા અને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે કરાર કરવામાં નિષ્ફળ રહેલા દેશોમાંથી આયાત કરાયેલા રસોડાના કેબિનેટ અને વેનિટી માટે 50 ટકા થશે.

ટ્રમ્પની ઘોષણામાં કહેવામાં આવ્યું છે કે લાકડાના ઉત્પાદનોની આયાત યુ.એસ. અર્થતંત્રને નબળી બનાવી રહી છે, જેના પરિણામે લાકડાની મિલો બંધ થવાનો અને લાકડાના ઉત્પાદનોની સપ્લાય ચેઈનમાં વિક્ષેપ પડવાનો અને યુ.એસ. સ્થાનિક લાકડા ઉદ્યોગનો ઉપયોગ ઘટવાનો સતત ભય રહે છે.

આ કાર્યવાહીથી કેનેડા પર વધુ ટેરિફ લાદવામાં આવશે.

# મસ્કની સંપત્તિ 500 બિલિયન ડોલર્સ પહોંચી : ટૂંક સમયમાં ટ્રિલિયન થશે

ન્યૂયોર્ક : વિશ્વના સૌથી પહેલા ‘હાફ ટ્રિલિયનર’ એલન મસ્કની સંપત્તિ ટેસ્લા આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના સ્ટાર્ટઅપ, ૪-છૈં અને રોકેટ કંપની સ્પેસ- ૪ સહિત તેમની કેટલીય કંપનીઓનું વેલ્યુએશન છેલ્લા કેટલાક મહિનાઓમાં વધી રહ્યું છે. ‘ફોર્બ્સ’ના રીયલ ટાઈમ બિલિયનર્સની યાદી જણાવે છે કે, પ્રમુખ ટ્રમ્પના પૂર્વ સલાહકાર મસ્ક ૫૦૦.૧ બિલિયનની સંપત્તિ સાથે વિશ્વમાં સૌથી શ્રીમંત વ્યક્તિ બની રહ્યા છે. તેઓની ઈલેક્ટ્રિક કાર કંપની ટેસ્લા અને તેઓના અન્ય બિઝનેસની કિંમત વધી ગઈ છે.

બીબીસી જણાવે છે કે, આટલી બધી સંપત્તિ તેઓ એટલે ઉભી કરી શક્યા છે કે તેઓ જે રોકાણ કરે છે તે ભવિષ્યમાં કેટલું ફળદાયી નિવડશે તેની પાકી પૂર્વ ગણતરી બાંધી તે પ્રમાણે મૂડીરોકાણ કરે છે અને દરેક કંપનીના દરેક કર્મચારીઓ, કારીગરો અને મેનેજર્સ પણ દિલ દઈને કામ કરે છે.

દક્ષિણ આફ્રિકામાં જન્મેલા આ અબજોપતિની આવકનું મુખ્ય સ્ત્રોત ટેસ્લા ઈલેક્ટ્રિક કાર છે ૧૫ સપ્ટેમ્બર સુધી તેની કમાણીમાં ૧૨.૪ ટકા હિસ્સો હતો. કંપનીના સ્ટોક ૧૪ ટકા વધી ગયા હતા. બુધવારે તેમાં પાછો ૪ ટકાનો વધારો થયો આથી મસ્કની સંપત્તિમાં ૯.૩ બિલિયન ડૉલરનો ઉમેરો થયો છે.’

# માન્ચેસ્ટરમાં સામુહિક ખંજરબાજી શંકાસ્પદ પોલીસના હાથે એક ઠાર

**માન્ચેસ્ટર**

ગુરૂવારે ઉત્તર માન્ચેસ્ટર સ્થિત એક સાયનેગોગ પાસે યહુદીઓ ધાર્મિક ઉત્સવ યોમ-કિપ્પુરની ઉજવણી માટે એકત્રિત થતા હતા ત્યાં એકાએક એક વાહન ધસી આવ્યું અને તેમાંથી ઉતરી કેટલાકે ખંજરબાજી શરૂ કરતા ઓછામાં ઓછા ચારને ઈજાઓ થઈ હતી પરંતુ પોલીસે તુર્ત જ ફાયરીંગ કરતા એક હત્યારો ઠાર મરાયો હતો. ગ્રેટર- માન્ચેસ્ટર પોલીસ (જીએમપી)ના અધિકારીઓએ કહ્યું હતું કે, સવારે ૯.૩૦ કલાકે ક્રમ્પસોલ વિસ્તારમાં હીથી પાર્ક સ્થિત હીબુર કોંગ્રેનોશન સમયે એક કાર ધસી આવી હતી તેમાંથી કેટલાક છરીઓ સાથે ઉતર્યા સૌથી પહેલાં ફૂટપાથ પર ચાલી રહેલ એક વ્યક્તિને છરો મારી ઈજા કરી પછી જ્યાં યહુદીઓનું જૂથ હતું તે તરફ તેઓ ધસવા ગયા તે વખતે સશસ્ત્ર પોલીસે તુર્ત જ ગોળી છોડતાં એકને ધરાશાયી કર્યો.

આ અંગ્રે ગ્રેટર માન્ચેસ્ટર પોલીસનું ૪ ઉપરનું નિવેદન જણાવે છે કે, હજી સુધીમાં ૪ વ્યક્તિઓને તે મોટર દ્વારા તેમજ છરાબાજી દ્વારા ઈજાઓ થઈ છે. વડાપ્રધાન કીટ સ્ટારમેરે આ હુમલાને વખોડી કાઢતા કહ્યું હતું કે, યહુદીઓના સૌથી પવિત્ર દિવસે થયેલો આ હુમલો વધુ ભયંકર છે.

# ઓન્ટેરિયો ખાતે સ્પીડ કેમેરાના ઉપયોગ પર પ્રતિબંધ મુકતા કાયદાની હિલચાલ

## વાહન અને ઘરમાં થતી ચોરી અટકાવવા કેમેરાનો પ્રોજેક્ટ અમલી થશે

ઓન્ટેરિયો : ઓન્ટેરિયોના પ્રીમિયર ડગ ફોર્ડ ટૂંક સમયમાં સમગ્ર પ્રાંતમાં સ્પીડ કેમેરા પર પ્રતિબંધ મૂકવાની તૈયારીમાં છે, પરંતુ હવે તેઓ ચોરાયેલી કાર અને ઘર પર આક્રમણના શંકાસ્પદોને લક્ષ્ય બનાવવા માટે “ગુના પર કેમેરા” વિશે વિચારી રહ્યા છે. ફોર્ડે જાહેરાત કરી છે કે, તેમની સરકાર આવતા મહિને સમગ્ર પ્રાંતમાં સ્પીડ કેમેરાના ઉપયોગ પર પ્રતિબંધ મૂકવા માટે કાયદો રજૂ કરશે. કેમેરાનો ઉપયોગ કરતા વિવિધ પ્રદેશો, તેમજ હોસ્પિટલ ફોર સિક ચિલ્ડ્રન અને ટોરોન્ટો મેટ્રોપોલિટન યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં ડેટા છે, જે દર્શાવે છે કે તેઓ ગતિ ઘટાડે છે. પરંતુ ફોર્ડ અસંમત છે. સોમવારે હેમિલ્ટનમાં એક અસંબંધિત પ્રેસ કોન્ફરન્સમાં બોલતા સ્પીડ કેમેરાના ઉપયોગને ટેકો આપતા મેયર એન્ડ્રીયા હોરવાથ સાથે- ફોર્ડે ગુના વિશે વાત કરવા માટે તે કેમેરા વિશે એક પ્રશ્નનો ઉપયોગ કર્યો હતો. ફોર્ડે કહ્યું કે, “ઓન્ટેરિયોની આસપાસના કેટલાક વિસ્તારોમાં, યોર્ક રિજન, ઈટોબિકોકના કેટલાક ભાગો, પીલ રિજન અને હેલ્ટન, ડરહામમાં પણ, હુમલો થઈ રહ્યો છે. આવી ઘટનાઓને રોકવા માટેલ અમે કામ કરીશું.

અને મને આશ્ચર્ય થાય છે કે શું આપણે ચોરાયેલી કારને ઓળખવા માટે તે કેમેરાનો ઉપયોગ કરી શકીએ છીએ. એનડીપી નેતા મેરિટ સ્ટાઈલ્સે કહ્યું કે, તેમને કે બીજા કોઈને ફોર્ડ શું વાત કરી રહ્યા છે, તેનો કોઈ ખ્યાલ નથી.



# CLUB CERAMIC

**Porcelain Tiles : Premium Quality and Best Price**

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking



TILES • BACKSPLASH • LAMINATE • VINYL • HARDWOOD

**MONTREAL**
225 Rue Ness, Saint-Laurent,
QC H4T 1A7, Canada
Phone: +1-514-813-3850 /
+1-514-260-2242

**OTTAWA**
Unit #4+5, 200
Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1,
Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850

**CAMBRIDGE**
15 Sheldon Dr, Cambridge,
ON N1R 6R8
+1-647-394-6030 /
+1-647-406-1972

https://clubceramic.com Email : sales@clubceramic.com



## હવે પ્રાથના હોલ અને સ્મશાન ઘર એકજ સ્થળે

### Chapel Ridge
*Funeral Home & Cremation Centre*

### North Toronto
*Crematorium Inc.*

*in partnership with*






Vilo
Licensed Funeral Director
(416) 993-0826



Harjinder
Licensed Funeral Director
(647) 966-0093



Christeen
Licensed Funeral Director
(416) 258-6759



Kirti
Licensed Funeral Preplanner
(416) 417-0182

**Complete Funeral Package Pricing $4395.00** *Includes HST*

GUARANTEED LOWEST PRICE

- Same Day Funeral Service with 1 hour visitation prior to service, including all professional fees and preparation
- Batesville Grey Doeskin Casket
- Cremation and Witnessing Fee at North Toronto Crematorium or St John's Dixie Crematorium in Mississauga
- Coroner, Death Registration and BAO Fee

*Not included: Flowers, Limousines, Clergy or Musician Fees, Urns*

Facilities also available in Mississauga




2 Stalwart Industrial Drive, Gormley
(close to Highway 404 and Stouffville Road)

*Newly built large Chapel with Crematorium on-site - everything in one place!*

8911 Woodbine Ave., Markham (4 blocks north of Hwy 7)
info@chapelridgefh.com • www.chapelridgefh.com
**905-305-8508**

info@northtorontocrematorium.com
www.northtorontocrematorium.com
**289-578-1288**